# જૈનત્વનાં અજવાળાં



પ્રફુલ્લા વોરા

# જૈનત્વનાં અજવાળાં

: ઉપદેશક :

પ.પૂ.આ.ભ.શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.

: લેખક :

પ્રફુલ્લા વોરા

: પ્રકાશક :

**શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**

અમદાવાદ-૧૪

વિ.સં. ૨૦૭૦ ઈ.સ. ૨૦૧૪

**જૈનત્વનાં અજવાળાં**

લેખક : પ્રફુલ્લા વોરા - ભાવનગર

**પ્રકાશન :** ૨૦૧૪

**નકલ :** ૩૦૦

**કિંમત :** રૂા. ૬૦-૦૦

**પ્રકાશક / પ્રાપ્તિસ્થાન :**

(૧) **શ્રુતજ્ઞાન પ્રસારક સભા**
**જિતેન્દ્ર કાપડિયા**
૩, તુલસી-પૂજા ફ્લેટ, વસંતકુંજ સોસાયટી,
નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
(મો.) ૯૮૨૪૦૮૦૩૦૮

(૨) **શરદભાઈ ઘોઘાવાળા**
૧૦૨, વી.ટી. એપાર્ટમેન્ટ, કાળાનાળા, ભાવનગર
(મો.) ૯૪૨૬૨૨૮૩૩૮

(૩) **વિજયભાઈ દોશી**
સી-૬૦૨, દત્તાણીનગર, બોરીવલ્લી (વેસ્ટ), મુંબઈ.
(મો.) ૯૩૨૦૪૭૫૨૨૨

**મુદ્રણ :** કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

॥ નમો નમઃ શ્રીગુરુ નેમિસૂરયે ॥

# બે બોલ...

*શ્રી પ્રફુલ્લાબેનનો પરિચય છેલ્લા દસ-બાર વર્ષથી છે. પણ એ પરિચય ધાર્મિક શિક્ષિકા તરીકેનો હતો. તેમના લેખનનો પરિચય હવે થયો. તેઓ કુશળ લેખિકા રૂપે ઉપસ્યા. પુસ્તકો એમણે લખ્યા છે. કાવ્ય શૈલી પણ તેમની જૂની છે. લેખો પણ ઘણા વિષયના છે. તક મળે તો તેઓ પત્રકાર પણ બની શકે તેવા છે.*

*અહીંયા આપણે માત્ર એમની વિચારસરણીનો વિચાર કરવાનો છે. આ માત્ર કલ્પના છે. વિચારસરણીમાં તેઓ ધાર્મિક છે. જે 'જૈનત્વના અજવાળાં' ના લેખોમાં દેખાય છે. તેઓ બને તેટલું લખે એ જરૂરી છે.*

*તપાગચ્છમાં થયેલા પ્રાચીન જૈનાચાર્યોના જીવન વિષયક લેખો અઠવાડિયે એક વાર આપે તો જૈનોની સેવા થશે. અને કોઈપણ એક વિષયનું લખાણ આપે તો તેનું દળદાર પુસ્તક થાય એ જ ઈચ્છા.*

પ્રદ્યુમ્નસૂરિ

# ભાવોદ્ગાર

જૈનદર્શન અને જૈન સાહિત્યનાં વાચન-મનનમાં વિશેષ રસ હોવાથી લખવા માટેની પ્રેરણા મળતી રહે છે. ઉપરાંત મુંબઇ પર્યુષણ વ્યાખ્યાનમાળા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ દ્વારા યોજાતા જૈન સાહિત્ય સમારોહમાં જવાના કારણે પણ વિશેષ વાચન અને ચિંતનનો અવકાશ મળ્યા કરે છે. ખાસ તો ધર્મના સંસ્કારોનું પરિવહન કરતાં જૈન પરિવારમાં જન્મ, માતૃ-પિતૃપક્ષે રહેલા સાધુ-સાધ્વી ભગવંતોની પ્રેરણાદાયી વાતો, લગભગ તમામ ગુરુ ભગવંતોના ઉપકારી આશીર્વાદ અને શ્રી રૂપાણી જૈન પાઠશાળાનાં માધ્યમથી ધર્મસંસ્કારના સિંચનના સુભગ સમન્વયથી વિશેષ સિંચન થતું ગયું.

પરિણામે જૈન શાસનને ઉજ્જવળ યશ અપાવનાર જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજના જીવનમાંથી ઉત્તમ અંશોનું ચયન થયું, ચાર કષાયોના અગ્નિ સામે શીતળતા વરસાવતાં ઉદાહરણો મળ્યાં, જૈન સાહિત્યમાંથી પ્રેરણાદાયી શીલવાન ચરિત્રો અને એવા જ નારીરત્નોનાં ચરિત્રોનું પઠન કરવાનું મળ્યું એ જ રીતે સમગ્ર કથાસાહિત્યમાં દીપક સમાન શ્રી શ્રીપાળ-મયણાની કથા પરના યશસ્વી ગ્રંથોથી પુરસ્કૃત થવાયું. મધ્યકાલીન જૈન સાહિત્યનો અભ્યાસ કરવાનું પણ નિમિત્ત મળ્યું. જૈનધર્મના પાયાના સિદ્ધાંતોથી પરિચિત થવા માટે આ રીતે વાચન-મનન અને ચિંતનનું પરિણામ આ વિષયક લેખનમાં પ્રાપ્ત થયું અને તેનું સાહિત્યિક મૂલ્ય પણ સમજાયું.

આ દરમ્યાન ગત વર્ષે શ્રી ભાવનગર જૈન શ્વે. મૂર્તિ. તપા. સંઘના પુણ્યોદયે પ. પૂ. આ. ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી, પ.પૂ. આ. ભગવંત શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી આદિ ગુરુ ભગવંતો ભાવનગરના વિદ્યાનગર વિભાગમાં બિરાજમાન હતા. આ.ભ. શ્રી

પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.ની અત્યંત નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓશ્રીને સાહિત્યમાં એટલો જ રસ છે. ગુરુવંદન-ગુરુ આશીર્વાદ માટે પૂજ્યશ્રી પાસે જવાનું થયું. મારી તબિયત અંગે પણ તેઓ પૂછ્યા કરે. બધા વચ્ચે સાહિત્ય અને કૃતિઓ વિષે વાત થાય. તેઓશ્રીએ મારા આ લેખો જોયા ત્યારે તે ગ્રંથસ્થ કરવા માટેની પ્રેરણા તો આપી પરંતુ તેનાં પ્રકાશન માટેની પણ જવાબદારી જણાવી.

મહાન સાધકોની ગુણગરિમાં, જૈનદર્શનના પાયાના સિદ્ધાંતો, તેની તાત્ત્વિક બાબતો, ઉત્તમ અને પ્રેરિત કથાનકો, ચતુર્વિધ સંઘની પ્રસાદીરૂપ ઉત્તમ સાહિત્યના અંશો જેવી કૃતિઓને સમાવવાનો અહીં નાનો પ્રયત્ન થયો છે આપ સૌ આ કૃતિઓ વાંચશો અને કાંઈક પામ્યાની અનુભૂતિ કરશો તે આ પુસ્તકના પ્રકાશનનું સાર્થક્ય હશે,

આ તકે વિદ્યાદેવી મા શારદાનાં ચરણોમાં સમર્પિત ભાવે પ્રાર્થના કરું છું કે–

**મા શારદા વંદન કરું છું તુજ ચરણમાં,**
**શબ્દોનું સામર્થ્ય આપો મુજ કલમમાં.**

**અને ખાસ–**

આ પુસ્તકના પ્રેરક એવા પરમ વંદનીય આચાર્ય ભગવંતશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદના સાથે.

તા. ૧૩-૪-૨૦૧૪
ચૈત્ર સુદ-૧૩
મહાવીર જન્મકલ્યાણક

**પ્રફુલ્લા વોરા**
ભાવનગર

• • •

## વધામણાં

જિનશાસન રત્નોના મહાસાગર સમાન છે. સાગરના તીરે ટહેલતા ટહેલતા જે શંખલા - છીપલાં મળે તેનું પણ એક સમયે માણસને આકર્ષણ રહે છે. પણ જે મરજીવા થઈને આ મહાસાગરમાં ડૂબકી મારે તેને તો અવનવા રત્નો કે ખજાનાની પ્રાપ્તિ થાય છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જોને.' આ પંક્તિ આવા ખજાનાથી પ્રાપ્ત થતાં મહાસુખનો નિર્દેશ કરે છે.

કવયિત્રી બહેન ડૉ. પ્રફુલ્લાબહેન વોરાએ જુદા જુદા સમયે જે વક્તવ્યો/લેખો તૈયાર કર્યા છે તેની પાછળની તેમની અથાગ મહેનત એ તેમણે લગાવેલી મહાસાગરમાંની ડૂબકી સમાન છે. મૂળ તો એ સાહિત્યનો જીવ એટલે તેમના લખાણને સાહિત્યકારનો સુંદર સ્પર્શ પ્રાપ્ત થયો છે. દા. ત. (૧) તેમના 'જૈન શાસનરત્ન શ્રી હીરવિજયસૂરિ મહારાજ'ના લેખની સુંદર શરૂઆત (પૃ.૧). (૨) જ્વાળામુખી પર ફૂલોની વર્ષા' લેખમાં બે વિરુદ્ધ પરિસ્થિતિનું કાવ્યાત્મક વર્ણન (પૃ.૩૮,૩૯).

પોતે જ્યારે પોતાના વિચારોના સમર્થનમાં અન્ય સાહિત્યકારોના દોહા, કાવ્ય વગેરેનો યથોચિત ઉપયોગ કરે છે અને પોતાની રચનાની પંક્તિઓ મૂકે છે ત્યારે તો તેમનું કવયિત્રીનું હૃદય અનુભવાય જ છે, સાથે સાથે તેમના કેટલાંક વિધાનો પણ સ્પર્શી જાય

તેવા છે. દા. ત. (૧) ''ફૂલ ચૂપ છે, ફૂલનો સર્જનહાર ચૂપ છે, માટે બંને મહાન છે.'' (પૃ.૧૧) (૨) ''જિંદગીના ઉપવનને વેરાન બનાવે તે જ્વાળામુખી અને વેરાન જિંદગીને ઉપવન બનાવે તે ફૂલ.'' (પૃ.૪૧) (૩) ''લલચાવવાની અને વિજય મેળવવાની પળ સરખી જ હોય છે.'' (પૃ.૪૭)

તેમના લખાણની પાર્શ્વભૂમિકામાં ઇતિહાસ પડેલો છે એટલે જિનશાસનના મહાન ચરિત્રોના તથા સાહિત્યના ઇતિહાસને અને જૈનદર્શનના સિદ્ધાંતોને આ લેખોમાં સારું એવું સ્થાન મળ્યું છે. વળી પશ્ચિમના વિદ્વાનોના લખાણમાં જે વૈજ્ઞાનિક પદ્ધતિ, વિશ્લેષણ વગેરેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થયેલો દેખાય છે તે પ્રકારની નિરૂપણની વૈજ્ઞાનિક પદ્ધતિની રજૂઆત પણ તેમના લેખોમાં જોવા મળે છે. દા.ત. 'શીલોપદેશમાલા'ના લેખમાં તેમણે રજૂ કરેલ સારણી, તેનું સાહિત્યિક મૂલ્યાંકન ફલશ્રુતિ વગેરે. તે જ રીતે 'જૈન કથા સાહિત્યમાં સ્ત્રી-ચરિત્રો' લેખમાંનું તેમનું વિશ્લેષણ (પૃ.૫૪) તથા તેમના અભ્યાસનાં તારણો (પૃ.૫૬-૫૭)

જૈનધર્મના સમૃદ્ધ કથાસાહિત્યનું તેઓએ અવારનવાર અધ્યયન કર્યું છે. 'શિલોપદેશમાલા' તો કથાઓનો ભંડાર છે. તેમજ 'જૈન કથા સાહિત્યમાં સ્ત્રી ચરિત્રો' તેમજ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' એ લેખોમાં તેઓએ આવા કથાસાહિત્યનો અભ્યાસ કરીને તેની સુંદર છાણાવટ કરી છે. દા.ત. 'સ્ત્રીચરિત્રો'ના તેમના લેખમાં તેમણે પોતાના તારણોમાં અનુપમાદેવી, બ્રાહ્મી, સુંદરી જેવા સ્ત્રી પાત્રોની ઊંચાઇને પ્રસ્થાપિત કરી છે. તેઓનું એક તારણ જણાવે છે કે, ''પૌરાણિક કથાઓમાં વિશિષ્ઠ સંમેલનોમાં સ્ત્રીઓને એટલે કે સાધ્વી-શ્રમણીઓને સ્થાન મળ્યું હતું વિદ્વાનોની સભામાં ગોષ્ઠી કરવાની તક મળતી હતી.'' (પૃ.૫૭) [અન્યત્ર તેઓ નોંધે છે, ''આ સ્ત્રી કથાનકો સમાજના દર્પણ સમાન છે.'' (પૃ.૩૪)]

'જ્વાળામુખી ઉપર ફૂલોની વર્ષા' લેખમાં તેઓએ બે વિરુદ્ધ પરિસ્થિતિનું સુંદર સાહિત્યિક વર્ણન કરીને ષડ્રિપુને જ્વાળામુખી સમાન ગણાવ્યા છે, જેમાંથી દુર્જનોનો જન્મ થાય છે. જ્યારે સજ્જનો ફૂલ જેવા કોમળ હોય છે. [ રામ-રાવણ, અંગુલીમાલ-બુદ્ધ, જેસલ-તોરણ, ગોશાલક-મહાવીર જેવા દૃષ્ટાંતો દ્વારા તેઓએ ખૂબીપૂર્વક સજ્જનોના ચરિત્રને ઉજાગર કર્યું છે. ]

'શ્રીપાલરાસ'ના વિશાળકાય પાંચ ભાગોને ખૂબ બારીકાઈથી તપાસીને તેઓએ ઉદાહરણો સાથે શ્રી પ્રેમલભાઈ કાપડિયાના સંપાદન-પ્રકાશનને વધાવ્યું છે. [ શ્રીપ્રેમલભાઈના જ્ઞાન પ્રત્યેના બહુમાન, વિનમ્રતા, અનેરી ગોઠવણ, પ્રમાણભૂતતા, પ્રામાણિકતા, ઔદાર્ય જેવા ગુણો તારવીને તેની અનુમોદના કરી છે. ]

'કર્મ : અન્ય ધર્મ અને જૈનધર્મ'માં અને 'ભગવાન મહાવીરનો વિશ્વસંદેશ' લેખોમાં તેમણે જૈન દર્શનના આઠ પ્રકારના કર્મો, અહિંસા, અનેકાંત, સ્યાદ્વાદ, અપરિગ્રહ વગેરે સિદ્ધાંતોને સરળતાથી સમજાવ્યા છે.

રસાળ શૈલી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે લખાયેલા તેમના આ લેખો પોતાની એક આગવી ભાત પાડે છે. વર્તમાન સમયમાં જૈન સમાજમાં જ્યારે ક્રિયાનુષ્ઠાનનું પ્રાધાન્ય જોવા મળે છે ત્યારે જ્ઞાનને પ્રાધાન્ય આપીને અનેક જવાબદારીઓ અને શારીરિક કષ્ટોની વચ્ચે પણ પ્રફુલ્લા બહેને પ્રગટાવેલા આ જ્ઞાનના દીવડાઓને તો ઉત્સાહપૂર્વક વધાવવાના જ હોય ને !

**— માલતી શાહ**
ભાવનગર

• • •

# અનુક્રમણિકા


જૈન શાસનરત્ન શ્રી હીરવિજયસૂરિ મહારાજ ૧

શીલોપદેશમાલા ૧૩

જ્વાળામુખી પર ફૂલોની વર્ષા ૩૮

જૈન કથા સાહિત્યમાં સ્રીચરિત્રો ૫૦

'શ્રીપાલ રાસ' વિષયક જ્ઞાનખજાનાનું અજોડ-ઉત્કૃષ્ટ વિસ્તરણ ૬૧

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય ૭૭

ભગવાન મહાવીરનો વિશ્વસંદેશ ૮૬
(અહિંસા-અનેકાંત-સ્યાદ્વાદ-અપરિગ્રહ : વૈશ્વિક સમસ્યાના ઉકેલો)

કર્મ : અન્ય ધર્મ અને જૈન ધર્મમાં ૯૩


• • •

# જૈન શાસનરત્ન શ્રી હીરવિજયસૂરિ મહારાજ

ચંદનનાં વૃક્ષોની સુગંધના અમી છાંટણે પાવન બનેલી ધરતીનાં કણકણમાં જ્યાં અજબ શક્તિ પ્રગટતી હોય, જ્યાં એક તરફ સુવર્ણકળશોથી સુશોભિત હવેલીઓ ભવ્ય ભૂતકાળની સાક્ષીરૂપ હોય અને બીજી બાજુ સંસ્કાર વારસાના પ્રતીક સમાન ધજાપતાકાઓ લહેરાવતાં શિખરો, સમ્રાટોની યશોગાથા ગાતા કીર્તિસ્તંભો અને ચક્રવર્તીઓનાં કાર્યની પ્રશસ્તિ કરતા શિલાલેખો હોય એ ભૂમિ એટલે આપણી આ ભારત માતા.

જેની માટીએ મહાન સમ્રાટોનું લાલનપાલન કર્યું અને જેના ઈતિહાસનાં પૃષ્ઠો સિદ્ધરાજ અને કુમાળપાળ જેવાં નરરત્નોથી ગૌરવવંતાં બન્યાં હોય, એ ધરતીને મહાન કવિ કાલિદાસની કલમે, મીરાંબાઈની ભક્તિએ, "કલિકાલ સર્વજ્ઞ" જેવા આચાર્યોએ અને આર્યધર્મરક્ષક સમ્રાટોએ "શુકનવંતી ભારતભૂમિ"ની માળા પહેરાવી છે. આ રીતે સંસ્કૃતિની ઉજ્જવળ ગાથાઓની ગવાહી પૂરતા ઈતિહાસનાં ઉજ્જવળ પાનાં પર કેટલાંક એવાં નામ છે જેના સ્મરણ માત્રથી આપણું મસ્તક શ્રદ્ધા અને ભાવથી ઝૂકી જાય. પ્રખર પાંડિત્ય ધરાવનાર સંતો, આર્યાવર્તને શોભાવનાર દાનેશ્વરીઓ, જીવદયા પ્રતિપાલકો અને સમ્રાટોને પ્રતિબોધ કરનાર સંત-મહાત્માઓ આ ધરતીની દેણ છે.

ઈ.સ. ની સોળમી સદી એ આ ઉજ્જવળ ગાથાનો કોઈક અલગ સમય હતો. ભારત વર્ષ પર મુસલમાન રાજાઓ સત્તાસ્થાને હતા. કેટલાક સમ્રાટોએ આર્ય સંસ્કૃતિના ગૌરવ પર તેમની મેલી મુરાદોની મહોર મારી હતી. ગુજરાતના કેટલાક સૂબાઓ પોતાની મરજી મુજબ પ્રજાની ધરપકડ કરતા. ચારેતરફ હિંસાનું વાતાવરણ ફેલાયું હતું. આ ઉપરાંત ધર્મનું રક્ષણ કરવાના બહાને પ્રજા પાસેથી 'જીજીયાવેરો' લેવાતો. બીજા શબ્દોમાં કહીએ તો આ સમય આર્યત્વની રક્ષા માટે મુશ્કેલ બનતો જતો હતો. હિંસાપ્રધાન સ્થિતિના કારણે કેટલાંક તીર્થોએ પોતાની સ્વતંત્રતા ગુમાવી દીધી હતી. આ વખતે ભારતમાં એવા મહાપુરુષની આવશ્યકતા હતી જે આ પરિસ્થિતિમાંથી પ્રજાનું રક્ષણ કરે. સંસ્કૃતિના રક્ષણનો આધાર સંતપુરુષો પર હોય છે. ઈતિહાસનાં પાનાં ઊથલાવીએ તો... આર્યસુહસ્તિએ સંપ્રતિરાજાને, શીલગુણસૂરિએ વનરાજને, હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજ તથા કુમારપાળને અને વાસુદેવાચાર્યે હસ્તિકુંડીના રાજાઓને પ્રતિબોધ આપ્યો હતો. આ રીતે ઈ.સ. ની ૧૬મી સદીમાં વ્યાપેલી પરિસ્થિતિમાંથી બહાર લાવનારા સંતપુરુષ એ જ આજના વિષયનું પ્રમુખ પાત્ર શાસનપ્રભાવક શ્રી હીરવિજયસૂરિ મહારાજ.

આચાર્ય શ્રી હીરવિજયસૂરિ મહારાજનું સ્મરણ થતાં જ બોટાદ (સૌરાષ્ટ્ર)ના શબ્દસાધક (સ્વ)શ્રી પ્રવીણભાઈ દેસાઈના આ શબ્દો યાદ આવી જાય.

*"જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા,*
*આ છે અણગાર અમારા...*
*દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા,*
*આ છે અણગાર અમારા..."*

આ મહામૂલ્ય અણગારને આચરનારા અને એના પ્રભાવથી શ્રી જૈન શાસનને ઉજ્જવળ યશ અપાવનાર શાસનરત્ન શ્રી હીરવિજયસૂરિ મહારાજ એટલે વિ. સં. ૧૫૮૩ (ઇ.સ. ૧૫૨૬)ના માગસર સુદ ૯ના દિવસે પાલનપુરના ઓશવાળ કૂંરાશાહની પત્ની નાથીબાઈની કુક્ષિએ પ્રગટેલ પુત્રરત્ન હીરજી. હીરજી એ કુટુંબનું સાતમું સંતાન. બચપણથી જ સાક્ષાત સરસ્વતીદેવીની કૃપાનું વરદાન મળ્યું હોય એમ માત્ર બાર વર્ષની ઉંમરે વ્યાવહારિક અભ્યાસ સાથે એવો ઉત્તમ ધાર્મિક અભ્યાસ કર્યો કે સંસારનું સાચું સ્વરૂપ સમજાઈ ગયું. ઉપરથી સુંવાળા લાગતાં સાંસારિક સુખો ક્ષણિક છે એવું તથ્ય સમજાતાં તેનો અંતરાત્મા આ બંધનોમાંથી મુક્ત થવા ઉત્સુક બન્યો. એ અરસામાં માતા-પિતાનું અવસાન થયું. પરિવારના અન્ય સભ્યો પાસે દીક્ષા લેવા ઇચ્છા વ્યક્ત કરી. શરૂઆતમાં તેઓ સંમત ન થયા પરંતુ હીરજીનું દિલ સંસારમાં નથી એ વાતથી તેઓ વાકેફ હતા. ઉપરાંત "Where there is will, there is way" અનુસાર હીરજીનું ભાગ્ય ખૂલી ગયું. માત્ર તેર વર્ષની વયે વિ. સં. ૧૫૯૬માં પાટણમાં ગચ્છપતિ શ્રી વિજયદાનસૂરિજી મહારાજનાં ચરણોમાં ચારિત્ર ગ્રહણ કરી શાસનને સમર્પિત થયાં. પ્રચંડ પુણ્યના ઉદયથી અને યોગ્યતાના કારણે ખૂબ જ નાની વયમાં પંડિતપદ, ઉપાધ્યાયપદ અને તેના ફળસ્વરૂપે વિ. સં. ૧૬૧૦માં સૂરિપદ પ્રાપ્ત થયું, ત્યારથી તેઓ શ્રી હીરવિજયસૂરિ તરીકે ઓળખાયા.

સંયમનો માર્ગ ભલે કઠિન રહ્યો પરંતુ જે કર્તવ્યની કેડી પર કદમ માંડે છે તેને જગત પૂજે છે. પ્રબળ પુરુષાર્થના પ્રતાપે આચાર્ય શ્રી શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યો કરતા રહ્યાં. સૂર્ય સામે મીણબત્તી ધરનાર પાછળથી પસ્તાય છે, એવું તેમના જીવનમાં પણ બન્યું. ભગવાન મહાવીર જેવા પરમ આત્માને પણ કર્મોએ ન છોડ્યા ત્યારે અન્યનું તો શું ગજું?

આચાર્ય ભગવંતના પ્રારંભિક જીવનમાં એમને પણ કેટલાક ઉપસર્ગોના ભોગ બનવું પડ્યું. આમાંથી બે-ત્રણ પ્રસંગો અહીં આપ્યા છે.

જ્યારે શ્રી હીરવિજયસૂરિ મહારાજ ખંભાત મુકામે હતા ત્યારે રત્નપાલ દોશી નામના એક વેપારીનો પુત્ર રામજી બિમાર પડ્યો. તેઓ આચાર્ય મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "જો આ પુત્ર સાજો થઈ જશે તો હું તેને તમારા ચરણે અર્પણ કરી દઈશ." બન્યું એવું કે રામજી પુણ્યોદયે સાજો થઈ ગયો. કહ્યા મુજબ તેના પિતાશ્રીએ હીરવિજયસૂરિ પાસે જવું જોઈએ, પરંતુ સ્વાર્થ પૂરો થતાં ધર્મ ભૂલાઈ જાય છે.

***"સુખ મેં સુમિરન સબ કરે, દુ:ખમેં કરે ન કોઈ,***
***જો દુ:ખમેં સુમિરન કરે, તો દુ:ખ ન આવે કોઈ."***

આ પછી જ્યારે આચાર્ય મહારાજે આ વાત રત્નપાલ દોશીને કહી, ત્યારે રામજીના બનેવી અને તેની બહેનના સસરાએ ત્યાંના સૂબા શાઈસ્તખાનને આ અંગે ફરિયાદ કરી. કાંઈ જ વિચાર્યા વગર શાઈસ્તખાને આચાર્ય મહારાજને પકડવા વૉરન્ટ કાઢ્યું. પણ જેને દેવ, ગુરુ અને ધર્મમાં શ્રદ્ધા છે તેને કોઈ કાંઈ કરી શકતું નથી. આચાર્ય મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ પછી રત્નપાલે પોતે જ આચાર્ય મહારાજની કોઈ ભૂલ નથી એવું કબૂલ કર્યું.

આવો જ ઉપસર્ગ તેમનો બોરસદ ગામે થયો હતો. કણ્વઋષિના ચેલા જગમાલે આચાર્ય મહારાજ પાસે ગુરુની બાબતે ધ્યાન ન આપ્યું. છેવટે જ્યારે ગુરુને ખબર પડી ત્યારે તેને ત્યાંના હાકેમની મદદથી ગુરુ આચાર્ય મહારાજને પકડવા કોશિશ કરી. એ સમયે પણ "પરમાત્માનું શરણું એ જ સાચો ધર્મ"ની શ્રદ્ધાએ તેમને બચાવી લીધા.

પાટણ પાસે નજીકના કુણગેર ગામે પણ ચાતુર્માસ દરમિયાન વિહાર કરીને આવેલા અન્ય આચાર્યને વંદન ન કરવાનું કહેતાં ત્યાંના સૂબા પાસે સોમસુંદર મુનિએ ફરિયાદ કરી હતી.

શ્રી હીરવિજયસૂરિએ ત્યારે પણ હિંમત, શ્રદ્ધા અને પુરુષાર્થથી તેનો સામનો કર્યો. આવી વ્યક્તિ જ ઉન્નતિના શિખરે પહોંચે છે. શ્રી હીરવિજયસૂરિ મહારાજ આવા મહાન વિભૂતિ હતા.

આજે આવા પ્રખર વ્યક્તિત્વ ધરાવનાર જગદ્‌ગુરુની સ્મૃતિરૂપે તેમને વિવિધ પરિમાણોથી જોવાનો ઉપક્રમ છે. એમના જીવનની ઝાંખીમાંથી ઉપસતાં મુખ્ય પરિમાણો આપણને સ્પર્શી જાય છે. એ છે અહિંસાના ઉપાસક, પ્રખર જીવદયાપાલક, નીડર વક્તા, માનવતાના હિમાયતી, સાધુત્વના રક્ષક, ગુણાનુરાગી અને જૈન શાસનના રક્ષક.

આપણે જોયું કે આ સમયે ભારતમાં મુસલમાન રાજાઓ સત્તાસ્થાને હતા. મોગલસમ્રાટ અકબરનો એ સમય. ચારે બાજુ ધર્મના એટલે કે આર્યત્વના રક્ષણ સામે ઊભા થયેલા ખતરાઓ વચ્ચે સાચા ધર્મને બચાવવાનું અશક્ય હતું. શરૂઆતમાં તો સમ્રાટ અકબર પોતે જ ક્રૂર હિંસક હતો કારણ કે રોજ ચકલાંઓની જીભની ચટણી બનાવીને મોજથી ખાનાર અકબર સામૂહિક શિકારમાં પણ ઉત્સવ મનાવતો. તે સમયની આ વાત છે.

એક વખત સમ્રાટ અકબર શાહી ઝરુખે બેસી નગરદર્શન કરતો હતો. એ સમયે સુમધુર સ્વરો તેના કાને પડ્યા. વાંજિત્રોના નાદથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. સમ્રાટે તપાસ કરતાં ખબર પડી કે કોઈ જૈન શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા. ચંપા નામની આ શ્રાવિકાનાં દર્શન કરવા અકબરે જણાવ્યું. તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે આટલા દિવસો તદ્દન ભૂખ્યા રહી ઉપવાસ કરવા પાછળ દેવ સાથે

ગુરુ મહારાજ શ્રી હીરવિજયસૂરિની પણ કૃપા છે. તે સમયે ગુરુ મહારાજ ગાંધારમાં હતા. તેમનાં દર્શન માટે અને આ રહસ્ય જણાવવા માટે અકબરે તેમને સંદેશ મોકલ્યો. અન્ય સાધુ ભગવંતોએ આચાર્ય મહારાજને જવાની ના પાડી કારણ કે એ સમયે જૈન ધર્મ જોખમમાં હતો. કદાચ કોઈ કાવતરું હોય તો ? પરંતુ આચાર્ય માનતા હતા કે ધર્મ સિવાય કોઈ તાકાતવાન નથી. તેઓ કહેતા :

"यावद् बुद्धिबलोदयम्ः શાસનસેવા માટે ઉદ્યમ કરવો એ મારી ફરજ છે." આમ વિચારી તેઓએ અકબરના એ આમંત્રણનો સ્વીકાર કર્યો. અકબરે તો પૂરા ઠાઠમાઠથી ચતુરંગસેના સાથે ગુરુજીનો સત્કાર કર્યો, પરંતુ જૈન સાધુના આચાર પ્રમાણે આચાર્ય મહારાજે વ્યવહાર કરી સાધુત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

સમ્રાટ અકબરે સુંદર ગાલીચા પાથરેલા હતા. તે પરથી આવવા માટે તેમણે આચાર્ય ભગવંતને આગ્રહ કર્યો. જ્યારે તેમણે તે પરથી ચાલવાની ના પાડી ત્યારે અકબરને હસવું આવી ગયું. તેણે આચાર્યના કહેવાથી ગાલીચાની નીચે જોયું. તેની નીચે કીડીઓનો ઢગલો હતો. આ જોઈ અકબર નીચું જોઈ રહ્યો, પરંતુ જીવદયા કે અહિંસાની વાત તેને ગળે ન ઊતરે એ સ્વાભાવિક હતું. પૂજ્ય શ્રીએ નમ્રતાપૂર્વક જીવના ભેદ, તેનું સ્વરૂપ, જીવનું કર્મ અનુસાર ચાર ગતિમાં પરિભ્રમણ, દેવ-ગુરુ અને ધર્મનું મહત્ત્વ, તેનું યથાર્થ સ્વરૂપ અને સાધુજીવનના આચારો વગેરે સાથે અહિંસા, જીવદયા અને માનવતા વિશે એવી રીતે સમજાવ્યું કે અકબરને લાગ્યું કે આજસુધી એને આ વિષયો પર કોઈ જ સમજ ન હતી.

અત્યારે જ્યારે જૈન ધર્મી હોવાનું જે કહે છે તેની પાસે પણ કંદમૂળ કે રાત્રિભોજન ત્યાગની વાતો કરવાથી કોઈ પરિણામ મળતું નથી, અથવા અહિંસાનું સ્વરૂપ અને મહત્ત્વ જ્યારે જૈન ધર્મના

અનુયાયીઓ પણ સહેલાઈથી સમજી શકતા નથી, ત્યારે અહીં તો એક અજૈન જ નહીં પણ જે ખુન્નસવાળી જાત ગણાય તે વંશનો સમ્રાટ અકબર-હિંસા કે અહિંસાની દરકાર ન કરનાર ! તેની સાથે આચાર્ય ભગવંતે કરેલી ચર્ચાનું પરિણામ તો જુઓ ! એ સમયે જ તેણે પર્યુષણ પર્વ દરમિયાન આગ્રામાં હિંસા ન કરવાનું ફરમાન બહાર પાડ્યું. પાછળથી આ ફરમાન ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, દિલ્હી, માળવા, લાહોર વગેરે સ્થળોએ પણ લાગુ પાડ્યું. અકબર જેવા મહાન સમ્રાટને ખાતરી થઈ ગઈ. શ્રી હીરવિજયસૂરિજી એક અસાધારણ વિદ્વતા ધરાવનાર સાધુ છે, જેની માટે સમગ્ર જગત પોતાનું છે. આ કારણે તેમને 'જગદ્ગુરુ'નું બિરુદ આપવામાં આવ્યું.

અહિંસાના હિમાયતી આચાર્ય શ્રી હીરવિજયસૂરિજીના શિષ્યો પણ એમના જ પાવન પગલે પ્રયાણ કરનારા હતા. અકબરના આગ્રહને માન આપી આચાર્યશ્રીએ તેમના શિષ્ય શાંતિચંદ્રજીને અકબરના રાજ્યમાં રાખ્યા. તેમણે પણ પ્રસંગોપાત બાદશાહને અહિંસાપાલન માટે આગ્રહ રાખ્યો. વિશેષ સિદ્ધિ તો એ હતી કે બાદશાહના જન્મ દિવસ અને ઈદના તહેવાર નિમિત્તે તો માંસાહાર વિશેષ થાય, એને બદલે એ દિવસોમાં પણ સમ્રાટે હિંસા પર પ્રતિબંધ મૂકતાં ફરમાન બહાર પાડ્યાં.

એક વિશેષ સિદ્ધિ : મોરનાં પીંછાં સુંદર હોવાથી એનું રૂપ ગમે તેવું છે. પરંતુ કલગી વગર તે રૂપ અધૂરું લાગે છે. શ્રી કૃષ્ણના હાથમાં બંસરી છે પરંતુ માથા પરનું મોરપિંછ તેના વ્યક્તિત્વને સુંદરતમ બનાવે છે. આ તો રહ્યો બાહ્ય દેખાવ, પરંતુ આત્માની સુંદરતમ સ્થિતિ તો સદ્ગુણોના સિંચનથી અને તેમાંથી પ્રગટતી સુગંધથી થાય છે. અકબર ધીમે ધીમે અહિંસાના પંથે આગળ વધી રહ્યો હતો. આ સમયે લોકો પાસેથી 'જીજીયાવેરો' લેવામાં આવતો.

આમ તો તે ધર્મની રક્ષા માટે લેવાતો કર હતો, પરંતુ પ્રજાને પોતાની આવકમાંથી મોટો ભાગ આ વેરામાં ભરવો પડતો. આ ઉપરાંત, તીર્થ સ્થાનોમાં યાત્રાળુઓ પાસેથી 'મૂંડકાવેરો' લેવાતો હતો, જેનાથી સામાન્ય લોકોને ખૂબ જ ત્રાસ ભોગવવો પડતો. આચાર્ય ભગવંતે અકબર પાસે આ બન્ને બાબતો અન્યાયી છે એવું સૂચન કર્યું. એ સમયે જે વ્યક્તિ મૃત્યુ પામે તેના વારસદાર પાસેથી ધન કબજે કરી લેવાની પ્રથા હતી તેમ જ યુદ્ધમાં હારનારને બંદી બનાવાતો. તેના પર પ્રતિબંધ મૂકવાનું પણ આચાર્યે જણાવ્યું. ખાસ માછીમારી માટે બનાવેલા વિશાળ ડાબર તળાવ માછીમારી માટે બંધ કરાવવાની વાત પણ સમ્રાટે સ્વીકારી કારણ કે -

"સૂરિજીની વાણીમાં એવું માધુર્ય હતું કે તે સાંભળતાં બાદશાહના મનમાં શીતલતાનો કોઈ અદ્‌ભુત સંચાર થતો. એમની દૃષ્ટિ જ્યાં પડતી ત્યાં પ્રેમ, હૂંફ, તાજગી અને કરુણાનો અનુભવ થતો."

આમ, અહિંસાના પ્રખર પ્રચારક આચાર્ય ભગવંતે આખા વર્ષમાંથી લગભગ છ મહિના જેટલો સમય હિંસા પર પ્રતિબંધ મૂકાવવામાં અકબરનું ફરમાન અમલી બનાવ્યું. આવી સિદ્ધિ મેળવનાર આચાર્ય ભગવંત માટે કહી શકાય.

"He was a walking marvel. He had no equal."

આચાર્યના વ્યક્તિત્વનું બીજું મહત્ત્વનું પાસું હતું નીડર વક્તૃત્વ. તેમને માટે કોણ રાજા કે કોણ મહારાજા, કોણ શેઠ કે કોણ શાહુકાર ? એ માટે દરકાર ન હતી.

એક વખત પાટણનો સૂબો કલાખાન તેમની પરીક્ષા કરવા આવ્યો અને પૂછ્યું. "સૂર્ય ઊંચો કે ચંદ્ર ?" પૂજ્યશ્રીએ તેના જવાબમાં કહ્યું કે, આનો ઉત્તર તો જટિલ છે. ઊંચાઈ અને મહાનતા

તો પરોક્ષ છે તેના પર તો શ્રી ગુરુ મહારાજનાં વચનોમાં શ્રદ્ધા રાખવી જ યોગ્ય ગણાય. આ સાંભળી કલાખાન પ્રસન્ન થયો. તેના બદલામાં આચાર્યશ્રીએ એક મહિનો જીવહિંસા ન કરવાનો રાજયમાં હુકમ બહાર પાડવા રાજાને સૂચન કર્યું.

આ જ રીતે મેડતામાં ખાનખાના નામના સૂબાને મૂર્તિનું મહત્ત્વ અને તેનું સાચું સ્વરૂપ સમજાવ્યું.

એક વખત ખંભાતના ખોજાએ સૂરિજીનું અપમાન કર્યું અને ગામ બહાર જવાની ફરજ પાડી. આ પછી તરત જ જુદા-જુદા ગચ્છના સાધુઓ મળ્યા. તેઓ પણ ગામ છોડી જતા રહ્યા. અકબરને આ સંદેશ મળ્યો. તરત જ તેને ત્યાં લાવવામાં આવ્યો. પેલા ખોજાને ખાતરી થઈ કે જેનું મેં અપમાન કર્યું તેનું આટલું માન ?' આ રીતે છેવટે તે ખોજાએ માફી માગી.

આ વાત કરતા એક પ્રસંગ કહેવાનું મન થાય છે. હઝરત ઈમામ પાસે એક માણસ આવ્યો અને કહ્યું, "પેલો દુષ્ટ માણસ તમારી વિરુદ્ધ બોલે છે." હઝરત સાહેબે કહ્યું, "એ દુષ્ટ છે એવું તું શાથી કહે છે ?" તે માણસ બોલ્યો, "તમારું અપમાન કર્યું તેથી." આ વખતે હઝરત સાહેબે કહ્યું, "જો તે સાચો હોય તો મને ભગવાન માફ કરે અને જો હું સાચો હોઉં તો ય ભગવાન મને માફ કરે." આ પ્રસંગ દર્શાવે છે કે આચાર્ય ભગવંત નીડર વક્તા હતા.

શ્રી હીરવિજયસૂરિ મહારાજના જીવનનાં મહત્ત્વનાં પાસાંઓમાંનું એક હતું તે મહાન શાસન પ્રભાવક હતા. તેમને શિષ્યો બનાવવાનો લોભ ન હતો. એમની માત્ર એક ઇચ્છા હતી જગતના જીવોનું કલ્યાણ કેમ થાય ? તે માનતા હતા :

"ફૂલ-બોલવા ઇચ્છે તો ઘણું બોલી શકે, કારણ કે તે ભીતરથી ભરપૂર છે, પરંતુ મૌનની ભાષાને પ્રતિજ્ઞાના કોલાહલની જરૂર નથી."

તેમનો મુખ્ય આશય હતો કે જૈન શાસનમાં પ્રભાવક રત્નો કેમ પાકે ? ચારે બાજુ શાસનની વિજયપતાકા કેવી રીતે ફરકતી રાખવી ? આ માટે અનેક સ્થળોએ તેમણે કરેલાં કાર્યો માટે કહી શકાય કે તેમનું જીવન માત્ર ઘરથી કબર સુધીની જીવનયાત્રા ન હતી.

બંધુત્વના સાચા પાલક આચાર્યશ્રી ગમે તે વ્યક્તિને દીક્ષા આપી પોતાની પ્રતિષ્ઠા વધારવામાં માનતા નહીં. એમના ઉપદેશથી આખા પરિવારોએ દીક્ષા લીધી હોય એવા ઘણા પ્રસંગો બન્યા હતા. છતાં તેમનામાં ગર્વનો અંશ માત્ર ન હતો. તેમણે ઊભા કરેલા આચારો એમના શિષ્ય રત્નોની શોભા સમાન હતા. તેઓ માનતા કે જીવનનું સાર્થક્ય ઉત્તમ ગુણના ઘડતર અને આચરણમાં છે, માટે જ "બ્રહ્માંડમાં સૂર્યમંડળની જેમ સૂર્ય અને તેના ગ્રહોની જેમ તેઓશ્રી તેમના શિષ્ય પરિવાર વચ્ચે શોભતા હતા."

સાચા સાધુ સમતાભાવથી શોભે છે. આનું ઉત્તમ ઉદાહરણ પૂજ્ય શ્રી હતા. એક વખત તેમને ગૂમડું થયું. તેની પીડા અસહ્ય હતી. એક ગૃહસ્થ ત્યાં તેમની ભક્તિ કરવા આવ્યો. તેની વીંટી અડવાથી ગૂમડું ફૂટી ગયું. ખૂબ જ લોહી નીકળ્યું. પીડા અસહ્ય બની. છતાં મુખ પર જરા પણ ક્રોધ કે તિરસ્કાર ન હતા. તેમના શિષ્યે લોહી જોયું ત્યારે તેમને પેલા ગૃહસ્થ તરફ ખેદ થયો, પરંતુ આચાર્યશ્રીએ કહ્યું, "મહામુનિઓએ એમના જીવનમાં જેટલાં સમાધિપૂર્વક કષ્ટો સહન કર્યાં છે એની સામે આ કાંઈ જ નથી."

આચાર્યશ્રીમાં મહત્ત્વની એક બીજી ઉત્તમ બાબત એ એમની ગુણગ્રાહ્યતા હતી. તે પોતે મહાન આચાર્ય, હજારો સાધુઓના ગુરુ, શ્રી સંઘ પર આધિપત્ય ધરાવનાર અને અનેક રાજા-મહારાજાઓના પ્રતિબોધક હતા, છતાં અન્યના એકાદ ગુણની પણ તેઓ અનુમોદના કરતા. એ સમયમાં અમરવિજય નામના પ્રખર તપસ્વી સાધુ હતા.

તેમની ત્યાગવૃત્તિ પર આચાર્યશ્રી મુગ્ધ હતા તેથી જ તેમણે એક વખત તે મુનિના હાથે આહાર-પાણી વાપર્યાં. વિરાટ છતાં કેટલા વિવેકી ! કેટલું નિરાભિમાનીપણું !

કહેવાય છે કે ફૂલ ચૂપ છે અને ફૂલનો સર્જનહાર પણ ચૂપ છે. માટે બન્ને મહાન છે. આ વાત આચાર્ય શ્રી માટે યથાર્થ હતી.

આ ઉપરાંત તેઓ કહેતા કે આ શરીર ક્ષણભંગૂર છે. પરંતુ આત્મા અમૂલ્ય રત્ન સમાન છે માટે આધ્યાત્મિક પ્રવૃત્તિ દ્વારા આત્માની ઉન્નતિ કરી લેવામાં જ જીવનનો પુરુષાર્થ કરવો જોઈએ.

આવું અદ્ભુત વ્યક્તિત્વ ધરાવનાર શ્રી હીરવિજયસૂરીશ્વરજી પ્રખર પાંડિત્ય ધરાવતા હતા. તેમણે જ્ઞાન, ધ્યાન, ત્યાગ, તપસ્યા, દયા, લોકોપકાર અને જીવદયાના પ્રચારક તરીકે જીવનને સાર્થક કર્યું હતું. આ રીતે જીવન સાર્થક કરનારને મૃત્યુનો ભય ન રહે. એમને માટે મૃત્યુ એ અન્ય અવસર જેવું જ બની રહે છે. આચાર્ય શ્રી માનતા કે જેમ સૂર્યોદય સ્વીકાર્ય છે એ જ રીતે સૂર્યાસ્તનો સ્વીકાર, ફૂલ સાથે કંટકોનો સ્વીકાર અને વસંત સાથે પાનખરનો પણ આદર કરનારને જીવન અને મૃત્યુ બન્ને ઉત્સવો સરખા ગણાય.

આવા મહાન ધર્મપુરુષનું અંતિમ ચોમાસુ સૌરાષ્ટ્રના ઉનાનગરમાં થયું. ત્યારે વિ.સં. ૧૬૫૨, ભાદરવા સુદ ૧૧ના દિવસનો સંધ્યાકાળ અને સકલસંઘની ઉપસ્થિતિ વચ્ચે પદ્માસને ધ્યાન અને નવકારમંત્રની આરાધના સાથે આચાર્યશ્રી છેલ્લા શબ્દો બોલ્યા : "મારું કોઈ નથી, હું કોઈનો નથી. મારો આત્મા જ્ઞાનદર્શન ચારિત્ર્યમય છે. હું મારા શાશ્વત સુખનો માલિક થાઉં." આ રીતે "આરુગ્ગ બોહિલાભં..." મુજબ સમાધિમરણ પામતા આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજી આ માનુષી દેહ છોડી જતાં જૈનશાસનના આકાશમાં વિરહનું વાદળ છવાઈ ગયું.

આવા મહાપુરુષની પાછળ જો પ્રજા કાંઈક કરતી હોય, તો પ્રજાપાલક તરીકે રાજા તો અવશ્ય કાંઈક કરે. એમાં પણ અકબર તો આચાર્યશ્રીના ઉપકારને જીવનની સાર્થકતા માનતો, તેથી ઉનાના જે બગીચામાં આચાર્યશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે બગીચો અને આસપાસની બાવીસ વિઘા જમીન અકબરે જૈનશાસનને ભેટ ધરી દીધી. આજે ત્યાં તેમના પગલાં સ્થાપિત છે.

આચાર્યશ્રીના નિર્વાણ સાથે જોડાયેલી એક અદ્‌ભુત ઘટના આ મુજબ બની. જે સ્થાનમાં તેમનું અગ્નિસંસ્કરણ થયું, ત્યાં પાસેના ખેતરમાં સૂતેલા એક નાગર વાણિયાએ નાટારંભ થતાં જોયાં. તેણે લોકોને વાત કરી. સવારે સૌ ત્યાં આવી પહોંચ્યા ત્યારે એ સમયે ત્યાં નાટારંભ તો નહોતો. પરંતુ વાડીના તમામ આંબાઓ પર કેરીઓ (ભાદરવા મહિનામાં) આવી ગઈ હતી. જે આંબા ઘણા સમયથી ફળતાં ન હતા, ત્યાં પણ કેરીઓ હતી ! લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ કેરીઓ સમ્રાટ અકબર સહિત ગામેગામ મોકલવામાં આવી.

"મરણ પામ્યે ફળ્યા આંબા પામ્યો સુર અવતાર રે..."

આવા મહાપુરુષને યાદ કરતી વખતે અહિંસા અને કરુણાની મૂર્તિ સમાન આચાર્યશ્રીની ગુણગંગાની પાવનધારામાં આપણે પાવન થઈએ એવી મંગળકામના.

• • •

# શીલોપદેશમાલા

જૈન શ્રુતનભોમંડળમાં જ્ઞાનની સુંદર આભા પ્રસરાવતાં પ્રભુવચનો અને ઉપદેશોનાં પ્રમાણભૂત ગ્રંથો વિશે પૂર્વના વિદ્યાવંત એવા જૈનાચાર્યોએ સમયે સમયે પોતાની પ્રતિભાના વૈભવથી સમૃદ્ધ બનાવવા અપૂર્વ યોગદાન આપ્યું છે. માત્ર આગમિક દર્શન જ નહીં; ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, સિદ્ધાંત, કથા, જ્યોતિષ, યોગ, ઇતિહાસ જેવા અનેકવિધ વિષયોમાં પ્રજ્ઞાપુરુષોએ પોતાની કલમ કંડારી છે. એ ઉપરાંત આચાર, ઇતિહાસ, ઉપદેશ, કથા, દર્શન, પર્વ, યોગ, વ્યાકરણ, સાહિત્ય અને સિદ્ધાંત જેવા વિષયવૈવિધ્ય સંદર્ભે વિવિધ ગ્રંથોનો વારસો આપણને મળ્યો છે. આ જ્ઞાનભંડારમાંથી થોડો પણ અભ્યાસ કરીને વિશાળ સાગરમાંથી પ્રસાદરૂપ આચમન કરવા માટે 'શિલોપદેશમાલા' ગ્રંથ વિષે અહીં આસ્વાદ કરવાનો પ્રયત્ન છે.

## ગ્રંથનો સામાન્ય પરિચય

'શીલોપદેશમાલા'નું મૂળ નામ 'સીલોવએસમાલા' છે. આ ગ્રંથ શ્રી જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિસૂરિ દ્વારા જૈન મહારાષ્ટ્રી (માગધી અને પ્રાકૃતનો પણ ઉલ્લેખ છે.) ભાષામાં, આર્યા છન્દમાં કુલ ૧૧૬ પદ્યમાં રચાયો છે. લગભગ દશમી શતાબ્દીમાં વિ.સં. ૯૧૫માં રચાયાનો ઉલ્લેખ મળે છે. (મહેતા, કાપડિયા અનુ.શાહ-

૨૦૦૪). અહીં શીલ એટલે ચારિત્ર્યપાલન કે બ્રહ્મચર્યપાલન ઉપર દૃષ્ટાંતરૂપે કે કથા સ્વરૂપે ઉપદેશ આપવાની બાબત વણાયેલી છે. જે રીતે માળામાં પરોવાયેલો દરેક મણકો સમગ્ર માળાને અસર સર્જે છે, એ રીતે વિવિધ ચરિત્રો માળાનાં મણકારૂપ છે. દરેક કથાથી સમગ્ર ગ્રંથ સંકલિત અક્ષરનું સર્જન કરે છે. (શાસ્ત્રી-૧૯૦૦) જે રીતે કંઠમાં પુષ્પમાળા ધારણ કરવાથી તેનો સતત અનુભવ થાય છે, એ રીતે શીલપાલન સંબંધિત ચરિત્રો સતત યાદ કરવાનો અને કરાવવાનો અહીં રચયિતાનો ઉપક્રમ છે.

**ગ્રંથની અન્ય ભાષામાં થયેલી રચનાઓ**

'શીલોપદેશમાલા' વિશે થયેલા અભ્યાસના આધારે જે માહિતી પ્રાપ્ત થઈ છે, તે નીચે પ્રમાણે છે :

● રુદ્રપલ્લીગચ્છના સંઘતિલકસૂરિના શિષ્ય સોમતિલકસૂરિએ વિ. સં. ૧૩૯૪માં લાલ સાધુના પુત્ર છાજુના માટે આ ગ્રંથ ઉપર 'શીલતરંગિણી' નામની વૃત્તિ લખી છે. જેના પ્રારંભમાં સાત શ્લોકો છે, જે મંગલાચરણરૂપે છે જેમ કે

(आर्यावृत्तम्)

आबालबंभचारिं नेमिकुमारं नमित्तु जयसारं ।<br>
सीलोवएसमालं वुधामि विवेयकरिसालं ॥ १ ॥

(જન્મથી માંડીને બ્રહ્મચારી એવા અને ત્રણ જગતને વિશે પ્રધાન એવા બાવીશમાં તીર્થંકર શ્રી નેમિકુમારને નમસ્કાર કરીને વિવેકરુપી હસ્તીને રહેવાની શાલારૂપ એવી 'શીલોપદેશમાલા' નામના ગ્રંથને હું કહીશ.)

એ જ રીતે અંતે પ્રશસ્તિરૂપે કુલ ચૌદ શ્લોકો આપેલા છે જેમાનો દશમો શ્લોક નીચે પ્રમાણે છે.

(आर्यावृत्तम्)

तत्पादपद्महंसो, विवृत्तिं शीलोपदेशमालायाः ।
श्री सोमतिलकसूरिः श्री शीलतरंगिणीं चक्रे ॥ १० ॥

(તે સંઘતિલક ગુરુના ચરણકમલને વિશે હંસ જેવા શ્રી સોમતિલકસૂરિ થયા કે, જેમણે 'શીલોપદેશમાલા'ની શીલતરંગિણી નામની ટીકા કરી છે.)

- શ્રી લલિતકીર્તિ અને પુણ્યકીર્તિ શ્રમણોએ મૂળગ્રંથ ઉપર એક ટીકા લખી છે.
- શ્રી સોમતિલકસૂરિની શીલતરંગિણી નામની ટીકા સાથે મૂળ કૃતિ હીરાલાલ હંસરાજે સન્ ૧૯૦૯માં પ્રકાશિત કરી છે.
- શાસ્ત્રી હરિશંકર કાલિદાસે સન્ ૧૯૦૦માં મૂળકૃતિ અને શીલતરંગિણીનો જે ગુજરાતી અનુવાદ કર્યો છે તે શ્રી જૈન વિદ્યાશાલા - અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો છે.
- ઉપાધ્યાય શ્રી મેરુસુંદરગણિએ વિ.સં. ૧૫૨૫ (ઇ.સ. ૧૪૬૯)માં 'શીલોપદેશમાલા'ના બાલાવબોધની રચના કરી હતી. (કોઠારી શાહ - ૧૯૯૩)
- 'શીલોપદેશમાલા' પર સંસ્કૃત ભાષામાં ચાર ટીકાઓ રચાયેલી છે.
- ગુજરાતી ભાષામાં નવેક જેટલા બાલાવબોધ રચાયા છે.

આમ, 'શીલોપદેશમાલા' પર જુદા જુદા સમયે થયેલી રચનાઓના ઉલ્લેખ છે.

### ગ્રંથના કર્તાનો પરિચય

વિવિધ ઇતિહાસો, આધારો અને 'શીલોપદેશમાલા' પરની વૃત્તિઓ, ટીકાઓ કે ગુજરાતી અનુવાદમાં જણાવ્યા અનુસાર આ મૂળગ્રંથના રચનાકાર શ્રી જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિસૂરિ

નામના આચાર્ય હતા. તેમના વિશે કોઈ વિગતવાર પરિચય ઉપલબ્ધ નથી. જેઓએ આ મૂળ ગ્રંથ પર અન્ય કોઈ સાહિત્ય રચ્યું છે તેઓના પરિચય ઉપલબ્ધ છે, જેમ કે બાલાવબોધકાર શ્રી મેરુસુંદરગણિ કે આ ગ્રંથ પર 'શીલતરંગિણી' વૃત્તિના રચનાકાર શ્રી સોમતિલકસૂરિ. આધારોમાં માત્ર નામોલ્લેખ જ થયેલો જણાય છે.

### ગ્રંથનો વિષય અને વિષયનિરૂપણ

પ્રસ્તુત ગ્રંથના નામ ઉપરથી જ ખ્યાલ આવે છે કે શીલ (શીયળ કે બ્રહ્મચર્ય) વ્રતનું પાલન. જૈન શાસનના ચાર આધારસ્તંભો એટલે દાન, શીલ, તપ અને ભાવ. આ તમામમાં નૈતિક અને પ્રભાવક આધારસ્તંભ છે શીલ. શીલપાલન એ ચિંતામણીરત્ન સમાન છે. પુરુષાર્થ કરવા માટેનું પ્રેરક અને મુખ્ય બળ છે. શીલવ્રત એ દિવ્યગુણો પૈકી એક મહત્ત્વનો ગુણ ગણવામાં આવે છે. રચયિતાએ પોતે જ આ ગ્રંથના વિષય વિશે જણાવ્યું છે કે શીલ સંબંધી બાબતો શીલના આચાર અને ભંગ વિશેનાં કથાનકો, દૃષ્ટાંતો અને ચરિત્રો આ ગ્રંથનું મુખ્ય વિષયવસ્તુ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે शरीरमाद्यं खलु धर्मसाधनम् એટલે કે ધર્મનું મુખ્ય સાધન શરીર છે. શરીર એટલે તમામ ધર્માચાર માટેનું બળ. આ બળ પ્રાપ્ત કરવા માટે શીલપાલન એ ઔષધ ગણાય છે. જે રીતે કોઈ ટૉનિક લેવાથી સ્વાસ્થ્યપ્રદ સ્થિતિ પ્રાપ્ત થાય છે, એ રીતે તેજસ્વી કે ઓજસ્વી ગુણની પ્રાપ્તિ અને સ્થિતિ મેળવવા માટે દિવ્ય ઔષધસમાન શીલપાલન છે. જીવો પર અપૂર્વ ઉપકાર કરવાનો હેતુ અહીં જણાવાયો છે.

કુલ ૧૧૬ પદ્યમાંથી પ્રાપ્ત થતાં મણકામાં ૩૯ કથાનકો સમાયેલાં છે. આ ચરિત્રોમાં ગુણસુંદરી અને પુણ્યપાલ, દ્વૈપાયન અને વિશ્વામિત્ર, નારદ, રિપુવર્દનરાજા અને ભુનવવાનંદ રાણી, વિજયપાલ રાજા અને લક્ષ્મી રાણી, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય, ઇન્દ્ર,

આર્દ્રકુમાર, નંદિષેણમુનિ, રથનેમિ, નેમિનાથ, મલ્લિનાથ, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સુદર્શન શેઠ, વંકચૂલ, સુભદ્રા, મદનરેખા, અંજના સુંદરી વગેરે મળીને ચરિત્રકથા નિરૂપાઈ છે. તેમાં કથાતત્વના આધારે શીલપાલન, સ્ત્રીદાસત્વ, વિષયપ્રબળતા, સતિચરિત્ર, શીલભ્રંશ, કામવિજેતા જેવી સંદર્ભગત બાબતો જોડાયેલી છે. જેના કારણે આ ચરિત્રો સામાન્ય જનસમાજ પણ રસપૂર્વક વાંચીને જીવન સાથે વણી શકે.

તમામ કથાઓ વર્ગીકૃત કરવી હોય તો નીચેની સારણી પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

**સારણી-૧**

**'શીલોપદેશમાલા'માં કથાઓનું કથાતત્ત્વના આધારે વર્ગીકરણ**

| કથાતત્ત્વ | ચરિત્રો |
|---|---|
| શીલપાલન | ગુણસુંદરી, નારદમુનિ |
| શીલભ્રંશ | દ્વૈપાયન ઋષિ, વિશ્વામિત્ર ઋષિ, કુલવાલક |
| સ્ત્રીદાસત્વ | રિપુમર્દન, ઇન્દ્ર રાજા, વિજયપાલ રાજા, હરિની કથા, બ્રહ્મા, ચન્દ્ર, સૂર્યની કથા |
| વિષયપ્રબળતા | આર્દ્રકુમાર, નંદિષેણ, રથનેમિ (રહનેમિ) |
| કામવિજેતા | નેમિચરિત્ર, મલ્લિનાથચરિત્ર, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સુદર્શન શેઠ, વંકચૂલ |
| સતી ચરિત્ર | સુભદ્રા, મદનરેખા, સુંદરી, અંજના સુંદરી, નર્મદા સુંદરી, રતિ સુંદરી, ઋષિદત્તા, દવદંતી, કમલાસતી, કલાવતી, શીલવતી, નંદયંતી, રોહિણી, દ્રુપદી, સીતા, ધનશ્રી |

| | |
|---|---|
| અસતી ચરિત્ર | નુપૂરપંડિતા, દત્તદુહિતા, મદનમંજરી, પ્રદેશી રાજાની રાણીની કથા |

સારણી-૧માં જણાવ્યા અનુસાર વિવિધ કથાનકોમાં શીલની બાબત કેન્દ્ર સ્થાને છે.

કેટલાંક કથાનકો જેવાં કે દ્વૈપાયન, વિશ્વામિત્ર, નારદ, સૂર્ય, ચંદ્ર વગેરે હિન્દુપુરાણકથાઓના આધારે લખ્યાં છે. બાકીનાં જૈન આગમિક સાહિત્ય, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતાધર્મકથા, રાજપ્રશ્નીય સૂત્ર, વસુદેવહિંડી, સમરાઈચ્ચકહાના આધારે આલેખાયાં છે. મહારાષ્ટ્રી પ્રાકૃત કથાસાહિત્યમાંથી પલ્લવિત થયાં છે. કેટલાંક કથાનકો ઘણાં નાના છે, જેવા કે દ્વૈપાયન, વિશ્વામિત્ર, નારદ મુનિ, હરિ, સૂર્ય, ચન્દ્ર, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે. એટલે કે મૂળ ગ્રંથના બાલાવબોધ કે ગુજરાતી અનુવાદમાં કથાનકો નવપલ્લવિત થયાં છે.

## વિષયનિરૂપણ

મંગલાચરણના રૂપે તત્ત્વના ઉપદેશરૂપ અમૃતના સમૂહને એકઠું કરનાર શ્રી જિનકીર્તિસૂરિ પુણ્યરૂપી વેલના પલ્લવને પ્રફુલ્લિત કરવાને જેમ મેઘનું આગમન ઉપકારક બને એમ ‘શીલોપદેશમાલા’માં શીલના ઉપદેશનું પ્રયોજન દર્શાવે છે.

મૂળ શ્લોક → निम्महियसयलहीलं उहवल्लीमूलनरकणणकीलं ।
कयसिवसुहसमीलं, यालह निद्य विमलसीलं ॥ २ ॥

વિશેષાર્થ કરતાં આ શ્લોકને નીચે પ્રમાણે વર્ણવી શકાય :

“હે ભવ્યજીવો ! જે રીતે દહીંને મંથન કરીને સર્વ પ્રકારની નિંદાને મંથન કરનાર (રવૈયાની પેઠે) દુઃખરૂપી વેલના મૂળને ઉખેડી નાખવાને ખીલા સમાન અને મોક્ષસુખ આપનાર એવા નિર્મળ શીલવ્રતનું પાલન કરો.”

આમ રચયિતાએ પ્રથમ ભાગમાં એટલે કે પૂર્વાર્ધમાં વિઘ્નનિવૃત્તિ માટે ઈષ્ટદેવને નમસ્કાર અને ઉત્તરાર્ધમાં ગ્રંથનો વિષય દર્શાવ્યો છે. ઉપરાંત કર્તાને અને આ સાંભળનારને મોક્ષપ્રાપ્તિનું ફળ દર્શાવ્યું છે. અન્ય તીર્થંકરોને નમસ્કાર કરવાના બદલે શ્રી નેમિનાથને નમસ્કાર કરવામાં શીલનું પ્રાધાન્યપણું સૂચવે છે.

પછીના પદ્યમાં કહેલી વાતનો સાર એવો આપી શકાય કે નિષ્કપટપણે શીલ પાળવાથી આ ભવને વિશે લક્ષ્મી, યશ, ઐશ્વર્યપણું, પ્રાધાન્યપણું અને આરોગ્ય, કાર્યોમાં સફળતા તેમજ પરલોકને વિશે ત્રણ ભુવનના લોકોએ જેમને નમસ્કાર કર્યા છે, એવા કર્મથી મુક્ત, શીલવ્રતધારી મનુષ્ય અને દેવતાઓની સમૃદ્ધિ ભોગવીને મોક્ષસુખ પામે છે.

આ રીતે દૃષ્ટાંતરૂપ કથાઓનો પ્રારંભ થાય છે. હવે જે કથાઓનું નિરૂપણ કરવાનું છે તે કથાઓ થોડી ટૂંકમાં કહેવાનો ઉપક્રમ છે તો ક્યારેક મુદ્દાઓના રૂપે જણાવી છે.

**ગુણસુંદરી અને પુણ્યપાલની કથા**

જંબૂદ્વીપની દક્ષિણ દિશામાં ભદ્દિલપુર નગરમાં અરિકેસરી રાજા- કમલમાતા નામે પટ્ટરાણી - ધર્મ - પ્રાર્થનાના પરિણામે ગુણવાન સુશીલ પુત્રીની પ્રાપ્તિ - નામ ગુણસુંદરી - ચોસઠ કલામાં નિપૂણ - માતાની આજ્ઞાથી પિતાની પાસે તેમના ચરણે વંદન કરવા સભામાં જવું - સાક્ષાત્ સરસ્વતીનું રૂપ - અરિકેસરી - ગર્વિષ્ટ રાજા - પ્રજાને તુચ્છ ગણે - કહ્યું : "હું પોતે ઈન્દ્રરૂપ છુ, મારા કારણે તમે સૌ દેવલોક જેવું સુખ ભોગવો છો - પૃથ્વી પર આ અનુભવ કોના કારણે ?" લોકો - "હે સ્વામીન્, બધું આપના કારણે" - ગુણસુંદરીનો વિરોધ - "વ્યક્તિ નહીં, કર્મના કારણે" - રાજાનું ગુસ્સે થવું - મંત્રીની સલાહ છતાં ન માનવું - ખોળામાંથી ગુણસુંદરીને ઉતારી

દેવી - ગરીબ - રોગી કઠિયારા સાથે પરણાવી દેવાનો નિર્ણય - કોઈ વિરોધ કરે તો ધમકી - (મયણા જેવું કથાનક) રાજહંસી માફક ગુણસુંદરીનું કઠિયારા પાછળ જવું - પૂરાણું ઘર - કઠિયારાનું બીજે જવાનું સૂચન - "હે રાજસુતા... મારા ઘરમાં કાંઈ નથી, બીજે મરજી હોય ત્યાં જાઓ" - ગુણસુંદરીનો જવાબ - "ચિંતામણિ રત્ન સમાન આપના શરણે આવેલી છું" - (કેવું સ્વાભિમાન ?) - કઠિયારાનાં મસ્તકના વાળની જટા છોડી - એમાંથી ચંદનની સુગંધ - લાકડાનો ભારો છેલ્લે વેચ્યો તે સ્થળ વિશે પૂછવું - કંદોઈને ત્યાં - ખાવાનું લેવા બદલે ભારો - "વાદળથી ઢંકાયેલો સૂર્ય પોતાના તેજને મલિન કરે ?" - ચંદનનો ટુકડો વેચવો - કઠિયારાને સંસ્કાર સ્નાન કરાવ્યું - રંક કઠિયારો સંસ્કાર પામ્યો - પુણ્યબળથી પુણ્યપાલ નામે ઓળખાયો. ગુણસુંદરીનો એ વૃક્ષ કપાવી ઘેર લાવવાનો નિર્ણય - દ્રવ્ય મળ્યું - દેવું દૂર થયું - કઠિયારાને વાચન - લેખન - ગણન કલા શીખવી - વ્યાપાર માટે પોતનપુર નગરમાં જવું - અચાનક ગુણસુંદરીને એક લેખની પ્રાપ્તિ - ઔષધિ પ્રયોગથી કલ્યાણ સિદ્ધિ આપનાર સુવર્ણની બનાવટ - પુણ્યપાલમાં ચતુરાઈના ગુણોનો વિકાસ - વેપાર અર્થે સિંહલદ્વીપ જવું - ધર્મ અને વ્યાપારથી પુણ્યપાલ દૈવી પુરુષ બની ગયો - છેવટે પોતાના પિતાને નગર કર્મનો પ્રભાવ દર્શાવવા જવાનો નિર્ણય - નગર બહાર અન્ય માણસોના સંઘ સાથે પડાવ - મહેલ - અરિકેસરીને ભેટ સોગાદો - હાથી અને અન્ય નવી ચીજોનું વર્ણન - પોતાના ઘેર આવવા પુણ્યપાલનું નિમંત્રણ - સોનાના બાજોઠ - ગુણસુંદરી અલગ અલગ ચાર સાડી બદલીને થાળીમાં જુદી જુદી સામગ્રી પીરસી ગઈ - પિતાને નવાઈ - અંતે દાસી દ્વારા રહસ્ય પ્રગટ - છેવટે આચાર્ય ભગવંતનું આગમન અને દીક્ષા લઈ બધાએ જીવન સફળ કર્યું.

પ્રસ્તુત કથામાં ગુણસુંદરીએ અન્ય પતિનો સ્વીકાર કરવાની ના પાડી. પોતાના ગરીબ પતિનો સ્વીકાર કરી શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શ્રી જયકીર્તિસૂરીજીના પાંચમાં પદ્યની સંસ્કૃત રચના કેવી મહત્ત્વની સાબિત થાય છે ?

देवः गुरुः च धर्मः व्रतं तपः अवनिनाथोऽपि ।

पुरुषः नारी अपि सदा शीलप्रवृतानि अर्धंति ॥

આ રચનાથી અન્ય કથાનો પ્રારંભ થાય છે.

**દ્વૈપાયન ઋષિ અને વિશ્વામિત્ર ઋષિની કથા**

હસ્તિનાપુર નગર - પાંડવોના પૂર્વજ શાન્તનુ રાજા - શિકાર કરવા જવું - હરણાંની જોડી પાછળ - વનમાં પ્રવેશ - સાત માળનો મહેલ - ઉપર જવું - સ્વરૂપવાન કન્યા - પાણીનો કળશ - વિદ્યાધરની દીકરી ગંગા - પિતા દ્વારા જ્યોતિષના કહ્યા પ્રમાણે મહેલમાં વાસ - શાન્તનુ દ્વારા તેની સાથે વિષયસુખ - ગાંધર્વ વિવાહ - પુત્ર પ્રાપ્તિ - ગાંગેય નામ - વિવિધ કલામાં પારંગત.

યમુના નદીકાંઠે પારાસર ઋષિ - ધીવરની પુત્રીને જોઈ તપભંગ - શીલભંગ - પુત્ર - દ્વૈપાયન નામ - તાપસી દીક્ષા લઈ તપસ્વી બનવું.

શાન્તનુનું ફરીથી અન્ય યુવતી સત્યવતી તરફ આકર્ષણ - સત્યવતીના પિતા ધીવરની સંમતિ પણ તેના પુત્રને ગાદી આપવાની શરત - રાજાની મુંઝવણ - ગાંગેયને સમાચાર મળ્યા - સત્યવતીની શરત માટે પોતે આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર - પિતાની ઇચ્છા પ્રમાણે સત્યવતી સાથે પિતાને પરણાવ્યા - બે પુત્રો - શાન્તનુનું મૃત્યુ - ચિત્રાંગદનું રાજ્ય - મૃત્યુ - ગાંગેય દ્વારા દ્વૈપાયન પાસે વારાફરતી અંબા વગેરેને મોકલવા - દ્વૈપાયનનો તપ ભંગ - પાંડુ, ધૃતરાષ્ટ્ર અને

વિદુર - નામે ત્રણ પુત્રો - આ રીતે દ્વૈપાયનનો શીલભંગ આવી અન્ય કથાઓ પણ છે.

**વિશ્વામિત્ર ઋષિ –** પ્રખર તપસ્વી - તપ અને સિદ્ધિથી ઈન્દ્રને ડર - પોતાનું સ્થાન ઝૂંટવાઈ જાય તો ? - ચિંતા - દેવકન્યાઓને ખબર પડવી - મેનકાને આ માટે સોંપેલું કામ - મેનકા દ્વારા વિશ્વામિત્રના તપભંગ કામોત્તેજક પ્રયત્નો - શણગાર સજવાં - વચ્ચે વચ્ચે પ્રકૃતિના મનલોભામણાં દશ્યો - અંતે વિશ્વામિત્ર ચલિત થયા - અનેક શક્તિઓનું નષ્ટ થવું.

આ કથામાં રચયિતાએ પ્રયોજેલાં રૂપકો અને ભાષાપ્રયોગ કવિ તરીકેની તેમની કવિત્વદષ્ટિ વગેરેનાં દર્શન થાય છે. પછીના પદમાં કવિ કહે છે :

जाणंति धम्मतत्तं, कहति भवंति भावणआनु य ।
भयफायरावि सीलं, धरिनुं पालंति नो पवरा ॥

અર્થાત્ જે સંસારી જીવો ધર્મતત્ત્વને જાણે છે, બીજાને ધર્મનો ઉપદેશ કરે છે તે શીલવ્રતને પાળી શકતા નથી.

આ બાબતને નીચેની ચાર રીતે દર્શાવી પુરુષોના ચાર પ્રકાર દર્શાવ્યા છે.

ઠાણાંગ સૂત્ર માં જણાવ્યા અનુસાર –

(૧) સિંહની જેમ વ્રત - સિંહની જેમ પાલન
(૨) સિંહની જેમ વ્રત - શિયાળની જેમ પાલન
(૩) શિયાળની જેમ વ્રત - સિંહની જેમ પાલન
(૪) શિયાળની જેમ વ્રત - શિયાળની જેમ પાલન

અહીં પ્રકાર (૧) અને (૩) આચરવા યોગ્ય છે. જ્યારે (૨) અને (૪) ન આચરવાં યોગ્ય છે. કેવી સુંદર ઉપમા આપી છે !

## નારદ કથા

સુવર્ણમયી દ્વારિકા - વસુદેવના પુત્ર બળદેવ અને શ્રીકૃષ્ણ દ્વારા રાજ્ય - સત્યભામા નામે પટરાણી - એક વખત નારદનું કૃષ્ણના ઘેર આગમન - અંતઃપુરમાં સત્યભામા બેધ્યાન - નારદને લાગેલું અપમાન - સત્યભામાનો ગર્વ ઉતારવાનું નક્કી કર્યું - શોક્ય હોય તો ? - રૂકમણિ પાસે શ્રીકૃષ્ણના ખૂબ જ વખાણ કરવા - શ્રી કૃષ્ણ પાસે રૂકમણિના વખાણ - બંનેને આ રીતે એકબીજા પ્રત્યે આકર્ષણ થાય - શ્રીકૃષ્ણ પાસે રૂકમણિનો ફોટો દર્શાવી બંનેને એકબીજામાં મોહિત કરવા - રૂકમણિના પિતાની ઇચ્છા શિશુપાલ સાથે રૂકમણિના લગ્નની ઇચ્છા - તેની ફોઈ દ્વારા રૂકમણિનું શ્રીકૃષ્ણ સાથે છૂપાઈને હરણ કરી જવાની ગોઠવણ - ગાંધર્વ લગ્ન.

અહીં સત્યભામા અને રૂકમણિનાં રૂપ પર મોહિત થયા વગર નારદ શીલપાલનમાં મક્કમ હતા તેવો રચયિતાનો ઉદ્દેશ સિદ્ધ થાય છે.

## રિપુવર્દન રાજા અને ભુતવના નંદા રાણીની કથા

ભરતક્ષેત્ર - સુખાવાસિન નગર - મહાપ્રતાપી રિપુમર્દન રાજા- ન્યાયી - બુદ્ધિસાગર પ્રધાન - રતિસુંદરી નામે પત્ની - પૂર્વ દિશામાં જિનાલય - આંબા ડાળે માનવની ભાષા બોલનારા સુડા - સુડી (પોપટનું જોડલું) રહે. સુડીને પુત્ર જન્મ - સુડો અન્ય પર આસક્ત - સુડીનો વિરોધ - સુડાની વિનંતી - પુત્રની માગણી - રાજા પાસે ન્યાયની માગણી - રાજાનો ન્યાય - બી લાવનાર માલિક બને એ ન્યાયે પુત્ર પિતાને મળે - સુડીએ ભીંત પર ન્યાય લખાવ્યો - "પુત્ર પિતાનો અને પુત્રી માતાની" - વૃક્ષની નીચે મુનિનું આવવું - સુડીને કહેવું - "તારું ત્રણ દિવસમાં મૃત્યુ - પ્રધાન બુદ્ધિસાગરને ત્યાં તું પુત્રી થઈશ - માતા રતિસુંદરી - આ વાત સુડીએ જિનાલયની

દીવાલે લખાવી - આ ઘટનાનું બનવું - દીકરી થતા જિનાલયે દર્શન - જાતિસ્મરણ જ્ઞાન - બુદ્ધિસાગર પાસે ઘોડો હતો - રાજાની માગણી બચ્ચા માટે - તેથી ઘોડી મોકલી - દીકરીની ના - "જે બીજ વાવે તેનો હક - ઘોડો મારા પિતાનો માટે વછેરાં પણ અમારાં" - વાતની રાજાને ખબર પડી - ભુનવવાનંદાએ પિતા બુદ્ધિસાગરને પોતાનો પૂર્વભવ જણાવ્યો - રાજાને નવાઈ - દીકરી પંડિતા લાગે છે - તેની સાથે લગ્ન માટે માગણી - દીકરીની શરત - "હું રાજાના પગ ચંપાવું, મોજડી ઉપડાવું પછી જ ઘેર આવીશ."

ભુનવવાનંદાનું પિતાને સમજાવવું - પોતાનું નામ લીલાવતી રાખવું - નૃત્ય - સંગીતના કાર્યક્રમો - રાજાનું આવવું - લીલાવતીની યુક્તિ - મોહજાળમાં ફસાવવા પોતે પરદેશી નર્તકીનો દેખાવ - રાજા આસક્ત જે બોલે તે લીલાવતી દિવસે પોતાના પિતાને ચોપડામાં લખાવે - રાજા રાત્રે આવે - એક વખત જાણીબૂઝીને તે મોજડી મૂકીને અંદર ગઈ - રાજાને ખ્યાલ આવવો - જાણ કરી - લીલાવતીએ પગ દુઃખવાનું બહાનું કર્યું - રાજા દ્વારા મોજડી ઉપાડી લાવવી અને પગ પણ દબાવી દેવા - બીજા દિવસે લીલાવતીનું નૃત્ય માટે ન જવું - રાજાનો પ્રશ્ન - પ્રધાનનું જૂઠું કહેવું કે પરદેશી નૃત્યાંગના હતી - જતી રહી - પણ રાજા દ્વારા પુત્ર પ્રાપ્તિ - લીલાવતીનું (પ્રધાનની પુત્રી ભુનવવાનંદા) રાજાને ખબર ન પડે તેમ પિતાને ઘેર રહેવું - છેવટે પુત્ર અને ભુનવવાનંદાને લઈ પ્રધાનનું રાજા પાસે જવું - "આ તમારી પત્ની અને પુત્ર" - રાજાની ના - ચોપડામાં લખેલું વંચાવવું - રાજાનો ખેદ - સાચી સમજ - શીલભંગનું પરિણામ - અંતે સન્માર્ગ - દીક્ષાગ્રહણ.

આ રીતે પ્રસ્તુત કથામાં સુડા-સુડીના દૃષ્ટાંત અને રૂપક પ્રયોજન દ્વારા કવિ શ્રી જયકીર્તિસૂરિ શીલપાલન ન કરવાનાં પરિણામો સૂચિત કરે છે.

### વિજયપાલ રાજા અને લક્ષ્મીરાણીની કથા

આ કથા દ્વારા સૂચવવામાં આવ્યું છે કે પંડિતોને પણ સ્ત્રીનું પરવશપણું શીલપાલન માટે ભ્રષ્ટ કરે છે. મહાન રાજા પણ કામદેવને વશ થાય છે.

### બ્રહ્માની કથા

અહીં જણાવ્યું છે કે જે પુરુષો સકલશાસ્ત્રરૂપ મહાસમુદ્રોને પાર પામવામાં મેરુપર્વત જેવા છે અને સિદ્ધાંતનાં રહસ્યો જાણવાથી ગર્વ પામેલા છે. તે પુરુષો પણ અબળા - સ્ત્રીનાં મનોહર વચનોથી ચિત્તનું હરણ કરી દેનારા છે.

"हरिहरचनुराणणचं - दसूरखंदोइणोवि जे देवा ।
नारीण किंकरत्तं, करंति विवी विसंवतन्हा ॥ २० ॥

એટલે કે સમર્થ એવા જે વિષ્ણુ, ઈશ્વર, બ્રહ્મા તથા ચંદ્ર-સૂર્ય અને કાર્તિકાદિક પણ સ્ત્રીના દાસપણા વિષયસેવન માટે કરે તેને ધિક્કાર હો.

પ્રસ્તુત સંદર્ભ માટે રચયિતાએ ઉગ્ર તપસ્વી બ્રહ્મા પણ રંભાના નૃત્યથી તપભંગ થયાની કથા કહી છે.

### ચન્દ્ર, સૂર્ય અને ઈન્દ્રની કથા

સર્વ દેવો દ્વારા ચન્દ્રને અધિપતિની પદવી આપવા એકત્ર થયા પછી ચન્દ્ર પોતાના જ ગુરુ બૃહસ્પતિની પત્ની પર મોહિત થઈને વિષયાંધ બની શીલભ્રષ્ટ થયાની કથા અને હજારો કિરણાવલિઓથી યુક્ત સૂર્ય રાનાદે નામની રૂપાળી સ્ત્રીમાં મોહાંધ બની ગયો. છેવટે સૂર્યને સંઘેડા પર ચડાવવાની બ્રહ્માએ શિક્ષા કરી અને સૂર્યને પીડા સહન કરવી પડી. તે જ રીતે ગૌતમ ઋષિની ગેરહાજરીમાં તેની સ્વરૂપવાન પત્ની અહલ્યાના મોહમાં અંધ બનીને ઈન્દ્રે વિષયસુખ

ભોગવ્યું. મહાનમાંથી પામર થવાનું મુખ્ય કારણ શીલભંગ થઈને પોતાના ઉચ્ચ ચારિત્રને કલંકિત કરવાની આ દૃષ્ટાંત કથાઓ પણ આ રચનામાં મૂકવામાં આવી છે.

**આર્દ્રકુમારની કથા**

મનુષ્યજીવન એટલે આરાધના - વિરાધનાઓનું ચલચિત્ર. સુખના મૂળમાં ધર્મ અને દુઃખના મૂળમાં થયેલાં પાપો કે ભૂલો હોય છે. આ સંદર્ભે જે પરિસ્થિતિ સામે ટકી જાય છે તે ઉન્નતિ સાધે છે અને વશ થાય છે તે જીવન હારી જાય છે.

સામયિક નામના પૂર્વભવમાં ચારિત્ર - પત્ની સાધ્વી પર રાગ - આર્દ્રકુમાર તરીકે અનાર્ય દેશમાં જન્મ - યોગ્ય નિમિત્તો - પૂર્વભવની સાધના પૂરી પાડવા શ્રેણિકના પુત્ર અભયકુમાર સાથે મૈત્રી - આદેશ્વરની મૂર્તિની ભેટ - જાતિસ્મરણ જ્ઞાન - ધર્મભાવના જાગૃત - ચારિત્ર ધર્મની ભાવના - ભોગાવલિ કર્મ સંબંધી આકાશવાણી - ફરીથી સાધ્વીપત્નીનો જીવ - શ્રીદેવી તરીકેનું નિમિત્ત - તેની હઠ - આર્દ્રકુમાર સંસારમાં પાછા ગૂંથાયા - પુત્રએ સૂતરના તાંતણે બાંધ્યા - ગૃહવાસમાં રહ્યા - ફરીથી સંયમ - ઉન્નતિમાંથી અવનતિ - ફરીથી ઉન્નતિનું ચક્ર.

**અન્ય કથાઓ**

આવી કથા શીલપાલન અને શીલભંગની ઉન્નત વાતો કરી જાય છે.

આચાર્ય શ્રી જયકીર્તિસૂરિએ આ રીતે અન્ય કથાનકો દ્વારા મનુષ્યજીવનની વિચિત્રતા અને વિસંગતતા સૂચવી છે.

પ્રતિદિવસ દશ દશ પુરુષોને બોધ કરનાર એવા શ્રી વીરસ્વામીના શિષ્ય અને શ્રેણિક રાજાના પુત્ર **નંદિષેણ મુનિ** વેશ્યાના ઘેર રહ્યા. છેવટે પ્રતિબોધ પોતે જ પામ્યા.

નંદિષેણ મુનિ વિશે સ્વતંત્ર કથાનકો સજ્ઝાયમાં પણ જોવા મળે છે. કવિ શ્રી જિનરાજ શ્રી નંદિષેણ સજ્ઝાયમાં કહે છે (મુનિશ્રી વાત્સલ્યદીપ - ૨૦૦૬)

"હાવભાવ વિભ્રમ વશે આદરી રે, વેશ્યાશું ઘરવાસ;
પણ દિનપ્રતિ દશ દશ પ્રતિબૂઝવી રે, મૂકે પ્રભુજીની પાસ.
એક દિવસ નવ તો આવી મલ્યા રે, દશમો ન બૂઝે કોય;
આસંગાયત હાસ્ય મિષે કહે રે, પોતે દશમાં રે હોય."

એક જ ભવમાં સિદ્ધિ પામનારા છતાં વિષયવાસનાનો ભોગ બનેલા **રહનેમિ** વિશે ગ્રંથમાં આપેલા સંસ્કૃત શ્લોક –

यदुनंदन महात्मा............ रागमतिः चकार धिक् विषयाः ।

આ સંદર્ભે સૂચવાયું છે કે યાદવ-કુળમાં ઉત્પન્ન થયેલા રહનેમિ જે સમુદ્રવિજય રાજાના પુત્ર અને શ્રી નેમિનાથ ભગવાનના નાના ભાઈ હતા. વ્રતધારી અને તે જ ભવે મોક્ષ જનારા રાજીમતી (રાજુલ) પાસે ગુફામાં વિકાર ભાવે વિષયસેવનની માગણી કરી ધિક્કારભાવ વહોરનારા રહનેમિની કથા પણ રસપ્રદ છે. અંતે કહે છે :

"ગુણની સંપત્તિના સ્થાનરૂપ સ્ત્રીજાતિને ધન્ય છે (રાજુલને) કે જેણે મને અંધ કૂવામાં પડતાં રોક્યો."

**કામવિજેતાઓ : નેમિનાથ, મલ્લિનાથ વગેરે**

બ્રહ્મચર્યધારણના મહાયોગી શ્રી નેમિનાથ - નવ ભવની પ્રેમ સરિતાના સાથ સમા રાજુલ - રાજીમતિ સાથે રહેવા ધારેલું અને વીજળીના ઝાટકે પાછા વળ્યા. **बंभव्ययधारिणं पढमोदाहरण**–બ્રહ્મચર્યપાલનના પ્રથમ ઉદાહરણની કથા વાંચીને ધન્યતા અનુભવાય છે. શ્રી મલ્લિનાથની કથા પણ આ જ સંદેશો આપે છે.

કામવિજેતા સ્થુલભદ્રે બાર બાર વર્ષ ભોગાવલિ કર્મો કોશા વેશ્યાને ત્યાં ભોગવ્યા અને ષટ્રસના ભોજન છતાં આશ્ચર્યકારક

શીલવ્રતથી સુશોભિત બન્યા. તેમના માટે કહેવાય છે : यस्याद्यापि ब्रह्मव्रते जगति वाद्यते ययढका ।

જ્યારે જ્યારે બ્રહ્મચર્ય વિશે વાત આવે છે ત્યારે ત્યારે આજે પણ એ વિશેનો ઢોલ જગતમાં વાગી રહ્યો છે. (ચૌધરી - શાહ - ૨૦૦૬)

સ્થુલભદ્ર "હમણા આવું છું" કહીને સાધુવેશમાં, સાચા વૈરાગી બનીને આવ્યા. કવિશ્રી ઋષભદાસની કલમ એક સજ્ઝાયમાં નીચેના શબ્દો જગતને ચરણે ધરે છે.

"સંસાર મેં જોયું સકળ સ્વરૂપ જો,
દર્પણની છાયામાં એવું રૂપ જો.
સપનાની સુખડલી ભૂખ ભાંગે નહિ રે જો !"

(મુનિશ્રી વાત્સલ્યદીપ)

એક એકથી ચડિયાતાં ચરિત્રોથી અલંકૃત 'શીલોપદેશમાલા'માં **સુદર્શન શેઠ** વિશે આપેલી મૂળ ગાથા જોઈએ :

"शीलपमावयभाविय सुदंसणं तं सुदंसणं सद्दुं ॥
कविलानिवदेवीहिं अखोहिवं नमह निद्यंपि ॥ ८४ ॥

એટલે કે બ્રહ્મચર્યના માહાત્મ્યથી પ્રકાશિત કર્યું છે જિનશાસન જેણે એવા તથા કપિલા બ્રાહ્મણી અને અભયા રાણીથી પણ ચલિત કરવાને અશક્ય એવા તે સુદર્શન શ્રાવકનું (હેભવ્ય જીવો !) નિત્ય સ્મરણ કરો, કારણ કે ગૃહસ્થપણામાં પણ સાધુપણું દૃઢ હતું. (જુઓ - જૈનબૃહદ્ ઇતિહાસમાં શ્રી માનતુંગસૂરિના શિષ્ય મલયપ્રભસૂરિના પ્રાકૃતમાં ૫૬ કથાઓ)

આ જ રીતે **વંકચૂલ** ચોર હોવા છતાં શીલપાલનના આગ્રહી હતા. **વજ્રકુમાર - વજ્રસ્વામી** ઉપર શ્રી જયકીર્તિસૂરિએ વિસ્તૃત

વિશેષ પદ્યગઠન કર્યું છે. આવાં રસપ્રદ કથાનકો એ 'શીલોપદેશમાલા'ની વિશિષ્ટતા છે. આપણે જાણીએ છીએ કે રચનાકારે રસપ્રદ દૃષ્ટાંતો દ્વારા શીલપાલનના ઉમદા ગુણનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે.

કોઈપણ સમાજની ઉન્નતિનો આધાર એ સમાજના લોકોનું ખમીર છે. લોકોમાં પૌરુષત્વ હોય, એટલે કે ખમીર હોય; કપાળમાં યુવાનીનું તેજ હોય; બાહુમાં તાકાત હોય અને પગમાં ધરતીને ખૂંદી વળવાનો ઉત્સાહ હોય એવા યુવાધનની સાંપ્રત સમાજને જરૂર છે. 'શીલોપદેશમાલા'નાં ચરિત્રો દ્વારા રચનાકાર તે સમયના, એટલે કે હજારેક વર્ષ પહેલાંના સમાજને જૈનત્વના ઉમદા માર્ગે લઈ જવા માગતા હતા. યુવાનીનું ઓજસ ત્યારે જ પાંગરી શકે જ્યારે તેની તાકાતને શીલભ્રષ્ટતાએ પાંગળી ન બનાવી દીધી હોય.

ચતુર્વિધ સંઘનાં ચારેય અંગો એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ શાસનને ટકાવનારા આધાર સ્તંભો છે. આ પૈકી શ્રાવિકા અને સાધ્વી, એટલે કે પ્રતિભાવંત નારીશક્તિ, મહત્ત્વનો આધારસ્તંભ છે. આ ઉદ્દેશની સાર્થકતા માટે 'શીલોપદેશમાલા'માં ગૂંથાયેલાં સ્ત્રીચરિત્રો મહત્ત્વનો હિસ્સો છે. તે સમયના સમાજમાં તે સમયે શીલવાન સ્ત્રીઓ સમાજને ઉન્નત બનાવે અને ભ્રષ્ટ સ્ત્રીઓ પોતાનું અને છેવટે સમાજ કે શાસનનું અધઃપતન નોતરે એ સત્ય કથાનકોમાં ગૂંથવાનો પ્રયત્ન થયો. આજે પણ આ હકીકત જોવા મળે છે. ઉમદા સ્ત્રીચરિત્રોને રસપ્રદ કથાઓમાં કેન્દ્રસ્થાને મૂકીને અને અધઃપતન લાવનારાં એવા સ્ત્રીકથાનકો મૂકીને રચનાકારે પોતાની કલમને કંડારી છે. આ સંદર્ભે નીચેની પંક્તિઓ કેટલી પ્રસ્તુત છે !

"ચારે બાજુ ધસમસતું તોફાન કરે ફૂત્કાર, હવે તો જાગો !
શીલ ધન ઝૂંટવાઈ રહ્યું છે, એવો હાહાકાર, હવે તો જાગો !

— પ્રફુલ્લા વોરા

અને એટલે જ આવા ભાવિના ભણકારા રચનાકાર આચાર્ય શ્રી જયકીર્તિસૂરિને સંભળાયા હશે, એટલે આ ગ્રંથમાં સતીચરિત્રો અને સાથે અસતીચરિત્રોનાં કથાનકો પદ્યમાં કંડાર્યાં છે. તો હવે આ ચરિત્રો વિશે ટૂંકમાં જોઈએ.

**સતીચરિત્રો**

રસ્તા ઉપર પડેલો એક પાષાણનો ટુકડો જગત માટે માત્ર પથ્થર છે. માત્ર દક્ષ શિલ્પીને જ એ ટુકડામાં વંદનીય પ્રતિમાનાં દર્શન થાય. જે કાર્ય શિલ્પી પથ્થર માટે કરે છે, જે કાર્ય કુંભાર માટીના ઘડા માટે કરે છે, એ કાર્ય જૈનશાસનના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલાં સતી-શ્રમણીઓનાં ચરિત્રો કરે છે. (દેવલુક-૨૦૦૦)

નાસ્તિકના ઘરને આસ્તિક બનાવે, ભટકેલા આત્માને યોગ્ય સ્થાને લઈ જાય એ સતીચરિત્રો 'શીલોપદેશમાલા'માં રચયિતા શ્રી આચાર્ય જયકીર્તિસૂરિએ આલેખ્યાં છે.

સંસ્કૃતમાં સતી સુભદ્રા માટે લખ્યું છે.

चालनीधृतजलया संघमुखोद्घाटनमं कृतं यवा ।
चंपाद्धारोद्घाटन मिषेण नंदतु सुभद्रा सा ॥

પ્રબળ ધર્મનિષ્ઠા અને અડગ સતીત્વ ધરાવતી સુભદ્રા એ વસંતપુરની જિનદાસ અમાત્યની સુશીલ પુત્રી - બુદ્ધદાસ નામે જૈનેતર પતિ (વણિક). એક વખત તપસ્વી સાધુનું વહોરવા આવવું - તેમની આંખમાં તણખલું - આંખનું જોખમ - જીભથી સુભદ્રાએ તે તણખલું કાઢ્યું - કપાળનું તિલક મુનિને લાગ્યું - કલંકનું જોખમ-

સાસુની સતામણી - છેવટે ચંપાનગરીના બંધ દરવાજા ખોલવા-સતીત્વમાં સફળ થવું - કાચે તાંતણે ચાળણીમાં પાણી કાઢતી સુભદ્રાના શીલવ્રતને નમસ્કાર.

એ જ રીતે શીલપાલનના સાત્ત્વિક પ્રભાવની વિજયકથા એટલે મદનરેખાનું ચરિત્ર. તેને મેળવવા તેના પતિનું પોતાના ભાઈ દ્વારા મૃત્યુ - ક્ષણભંગુર શૃંગારની સામે શાશ્વત શીલપાલનની વાત શીખવે છે **મદનરેખા.**

વેપાર માટે પરદેશ જતા મહેશ્વરદત્તની પત્ની **નર્મદાસુંદરી** - સંગીતના સૂર સાંભળીને નર્મદાએ કરેલા વખાણ - ઊંડો અભ્યાસ હોવાથી તેની સંગીતમાં પરખ ગજબ હતી, છતાં પરપુરુષ વિશે આટલી ઊંડી જાણકારી માટે પતિનો આરોપ - વૃક્ષની છાયામાં વિસામો લેતી નર્મદાને મૂકીને જતો રહેતો પતિ - નર્મદાનું રૂદન - વેશ્યાના હાથમાં ફસાઈ છતાં શીલપાલનમાં સ્થિર - રાજાસભામાં બોલાવી ત્યારે જાણી જોઈને પાગલ વર્તન - તેને છોડી દીધી - અંતે પતિનું પ્રાયશ્ચિત્ત.

**અંજના સુંદરી** - પવનંજયની પત્ની, હનુમાનની માતા - પતિએ વર્ષો સુધી તરછોડી - પતિ યુદ્ધે ચડ્યા ત્યાં ચક્રવાત મિથુનની વિહ્વળતા જોઈ પત્નીની યાદ - પત્નીને મળવા ગુપ્ત રીતે આવ્યા - મિલન આફતરૂપ સાબિત થયું - ગર્ભવતી અંજના પર કલંક - બધેથી અસ્વીકાર - પુત્ર જન્મ વનમાં - છેવટે સત્યની જાણ - આ રીતે કલંકથી પીડાતી, શીલપાલનની આગ્રહીને કેટલું સહન કરવું પડ્યું ?

જિનશાસનમાં સર્વવિરતિ આરાધના સુધી પહોંચવા માટે દેશવિરતિધર્મની આરાધના કેટલી મજબૂત હોય છે તેના ઉત્તમ ઉદાહરણરૂપે શીલવતી અને રતિસુંદરીને રચયિતાએ કથાનક દ્વારા ઉત્તમ સ્થાન આપ્યું છે.

શીલધર્મની સુવાસ અને બ્રહ્મચર્યવ્રતની મહત્તાને **રતિસુંદરીના** દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે. રાજપુત્રી રતિસુંદરીના રૂપવર્ણનથી આસક્ત બનેલા હસ્તિનાપુરના રાજાએ કહેણ મોકલ્યું. માનભંગ સાથે દૂત પાછો વળ્યો. ચડાઈથી જીતવાનું નક્કી કર્યું. નંદપુરથી રતિસુંદરીને હસ્તિનાપુર લાવવામાં આવ્યા. ચાર મહિનાનું વ્રત છે એવું કહીને, શરીરને ઓગાળી નાખનાર આ મહાસતીની શીલરક્ષા માટે વંદન !

આ જ રીતે અન્ય સતિચરિત્રોમાં **દવદંતી** (દમયંતિ) **રોહિણી, સીતા** વગેરેનાં કથાનકો સુંદર રીતે વર્ણવ્યાં છે.

કહેવાય છે કે - આ શરીર ઉદ્ધારે કે આ જ શરીર ભવોભવ ગબડાવે. કવિ શ્રી ઉદયરત્ન **સતી સીતાના શીલપાલન** અંગે એક સજ્ઝાયમાં જણાવે છે :

"તો પણ તું સાંભળ ને રાવણ, નિશ્ચય શિયળ ન ખંડુ;
પ્રાણ હમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડુ."

આ સંદર્ભ દર્શાવે છે કે શીલપાલન સ્ત્રીજાતિના ઉદય સાથે સંકળાયેલું છે. રચયિતા સતી ચરિત્રો સાથે શીલભ્રષ્ટ સ્ત્રીઓનાં દૃષ્ટાંતો પણ આપે છે. જેમાં નીચેનાં સ્ત્રીપાત્રોનો સમાવેશ થાય છે.

**નૂપુર પંડિતાનું દૃષ્ટાંત :** રચયિતા કેવી સુંદર છતા વ્યંગાત્મક ઉપમા આપીને આ ચરિત્રની વાત કરે છે. મૂળ શ્લોકનો વિશેષાર્થ આવો છે. "સાધારણ ઘડિયાળ વગેરેના શબ્દો થોડીવાર પછી તરત બંધ થાય છે, પરંતુ અપવાદરૂપ ઘડિયાળોના શબ્દો તો સેંકડો વર્ષ પસાર થયાં છતાં પણ બંધ નહિ પડતા એવા જ વાગ્યા કરે છે. જેમકે સેંકડો વર્ષ પસાર થયાં છતાં નૂપુરપંડિતા (તથા શૃંગારમંજરી) વગેરેના અસતીપણારૂપ ઘડિયાળનો મોટો શબ્દ વિરામ પામતો નથી. કામદેવમાં ઉન્મત અને યુવાનોના મન બહેલાવતી નૂપુરપંડિતા પરપુરુષ સાથે રહી - નિદ્રાધીન હતી ત્યારે તેના સસરાએ તેના પગનું

એક ઝાંઝર કાઢી લીધું. છેવટે પ્રપંચોથી તેણે બચવાનો પ્રયત્ન કર્યો. કલંક દૂર થયું. લોકો તેને નૂપુરપંડિતાથી ઓળખવા લાગ્યા. અંતે વ્યંતરદેવના કારણે તેણે દીક્ષા લીધી.

**દત્તદુહિતા** (શૃંગારમંજરી)નું દૃષ્ટાંત પણ શીલભ્રષ્ટ સ્ત્રીમાં ગણાવી શકાય. એક જ ભવમાં અનેક પ્રકારનાં પાપનું આચરણ કરી શીલખંડન કરવાથી ભયંકર ભોગાવલી કર્મો આચરીને ભવોભવ ભ્રમણ કરનાર તરીકે ઘણા કાળ સુધી યાદ રહેશે.

કવિ શ્રી જયકીર્તિસૂરિ જણાવે છે કે જેમ બિલાડી ઉંદરોના ક્ષયનું કારણ છે, તેમ બ્રહ્મચર્યવ્રતરૂપ શરીરનાં ક્ષયનું કારણ સ્ત્રીનો સંગ છે. આવી સ્ત્રીકથાઓમાં અન્ય ચરિત્રો પણ આ માળામાં ગૂંથ્યાં છે. **પ્રદેશી રાજાની રાણી** પણ આવું જ ઉદાહરણ છે. વિવિધ ઉપમાઓ દ્વારા આ દૃષ્ટાંત પણ વાચકને છેક સુધી જકડી રાખે છે. રચયિતા છેવટે પોતે જીવને ઉપદેશ આપે છે.

रे जीव समयकप्पियय निमेस सुहलालसो कह मूढ ॥
सासयसुहमसमतमं हारसि ससिसोयरं च जसं ॥ ७५ ॥

અરે જીવ ! વિષયસુખના કાલ્પનિક ક્ષણિક સુખ માટે ચંદ્ર સમાન ઉજ્જવળ મોક્ષસુખને શા કારણથી હારી જાય છે ? આ રીતે દૃષ્ટાંતો આગળ ચાલે છે.

## નિરૂપણશૈલીની દૃષ્ટિએ શીલોપદેશમાલા

કોઈ પણ કથાનક વાચકને પહેલેથી છેલ્લે સુધી જકડી રાખે તે એની નિરૂપણ શૈલીનો પ્રભાવ છે. આચાર્ય શ્રી જયકીર્તિસૂરિની 'શીલોપદેશમાલા' આ ખાસિયત ધરાવે છે. પ્રવાહીશૈલીમાં આલેખાયેલું પદ્ય અને તેમાંથી સ્ફૂટ થતી રચનાશૈલી વાચકને વાંચવામાં રસ પ્રેરે છે. આમ તો મહારાષ્ટ્રી પ્રાકૃત મૂળ ભાષા હોવા છતાં તેમાંથી સરળ અર્થ કથાનકને રસપ્રદ બનાવવા માટે ઉપયોગી છે.

**ભાષાવૈભવ :** રહનેમિને રાજુલ સમજાવે છે - વાસના શું છે ? હાથીને ત્યાગીને ગધેડા પર બેસવું અને રત્નને ત્યાગીને કાચના ટુકડાને મેળવવા જેવી છે. દરેક કથાનકમાં આપેલાં સ્થળ, નગર કે દેશને અલગ અલગ ઉપમાઓથી વર્ણવ્યાં છે. દા.ત. પૃથ્વીનું રૂપ સ્ત્રીના લલાટ જેવું ઉત્તમ. લલાટના તિલક જેવો અવંતિ નામનો દેશ. વગેરે વાચકના મનમાં વિશિષ્ટ ભાવજગત સર્જે છે.

**સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ :** રસાત્મકતા, કથારસ, વર્ણનરસ, ઉપદેશ માત્ર નહીં, પણ વિશાળ જીવનબોધ, મહારાષ્ટ્રી - પ્રાકૃત અને સંસ્કૃત સાથે ગુજરાતી ભાષામાં થયેલા ભાષાંતરો કે બાલાવબોધ દ્વારા પ્રગટ થતું રચના ચાતુર્ય, અલંકારી ચાતુર્ય, છંદોબદ્ધતા, ઋતુવર્ણન તેમજ ભાવનિરૂપણનું કૌશલ્ય એ 'શ્રુતોપદેશમાલા'નાં નોંધવા જેવાં પાસાંઓ છે.

**'શીલોપદેશમાલા'નું વિવિધ સંદર્ભે મહત્ત્વ**

વાસ્તવમાં કોઈ પણ સમયે સર્જાતા સાહિત્યમાં જે તે સમયની રાજકીય અને સામાજિક ચેતનાનો ધબકાર જોવા મળે છે. સમયના બદલાતા પ્રવાહો સાહિત્યના પ્રવાહોમાં ધબકે છે. આ રચનાનો સમય વિ.સં.ની દશમી સદીનો હતો જે સાહિત્યનો સુવર્ણકાળ હતો. રાજાઓનું યોગદાન, વિદ્યાકલાને ઉત્તેજન, ભાષાનો પ્રભાવ, ગુજરાતીમાં અપ્રભંશ ભાષાને પ્રતિષ્ઠા વગેરે બાબતો જાણીતી છે.

કે.કા.શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો શુદ્ધ સાહિત્યગ્રંથોને બાદ કરતાં જૈન સાહિત્યકારોએ સર્જેલાં સાહિત્ય પર તે સમયનો કે યુગબળનો પ્રભાવ છે. આ દૃષ્ટિએ શીલપાલન અને શીલભંગ માટેનાં માનવ ઈતિહાસમાં હંમેશા બનતી ઘટનાનાં પરિબળો એ કથાનકો છે. સીતાનો સમય લો કે આધુનિક દૃષ્ટાંતકથાઓ. સાહિત્યની બોધાત્મક બાબતો સમયે સમયે જરૂરી હોય છે. આ દૃષ્ટિએ આ કથાનકો **સમાજનું દર્પણ** છે.

**દસ્તાવેજી મૂલ્ય :** આ ગ્રંથને સાંપ્રત સમયમાં યાદ કરીએ એ જ તેનું દસ્તાવેજી મૂલ્ય સૂચવે છે. કથાગૂંથણી અને કથાનું સંયોજન ઐતિહાસિક દસ્તાવેજ બનાવવા માટે સમર્થ છે. સ્ત્રીની સ્વભાવગત દુ:શીલતા કે શીલવતી સ્ત્રીઓની નીતિ પરંપરાપૂર્વથી પ્રચલિત છે. (જોશી, રાવળ અને શુકલ-૧૯૭૬)

અહીં તે સમયની સંસ્કૃતિનું ઝીલાતું પ્રતિબિંબ તો છે જ સાથે સાંપ્રત સમય શીલપાલન માટે કપરો સમય છે. એવા સંકેતો પણ સમજાય છે. આ દૃષ્ટિએ જોતાં આ ગ્રંથનું મહત્ત્વ માત્ર જૈનશાસન પૂરતું સીમિત ન રહેતાં, તેમજ સમય અને સ્થળનાં બંધનો પણ ન ગણતાં તે સાંપ્રત સમયને પણ પ્રતિબિંબિત કરે છે. નીચેના શબ્દોમાં કહીએ તો—

કાળ ઝપાટો સૌને વાગે યોગીજન જગ જાગે,
બુદ્ધિસાગર આતમ અર્થી રહેજો સૌ વેરાગે !

**— મુનિ વાત્સલ્ય દીપ**

માટે જ 'શીલોપદેશમાલા' સંસ્કૃત, પ્રાકૃત, મહારાષ્ટ્રી પ્રાકૃત, અપ્રભંશ અને બાલાવબોધ સાથે ગુજરાતી ભાષામાં આલેખાઈ છે.

**ગ્રંથ વિષયક વિવેચનો**

ઉપરોક્ત સંદર્ભે થયેલી ચર્ચા અનુસાર મેરુસુંદર ઉપાધ્યાયજીએ રચેલા પ્રસિદ્ધ બાલાવબોધ ઉપરાંત સંસ્કૃત ભાષામાં ચારેક ટીકાઓ રચાયાની નોંધ છે. (કોઠારી અને શાહ - ૧૯૯૩) શીલતરંગિણીના આધારે ઈ. સ. ૧૩૩૭માં ટીકાઓ લખાઈ છે. ગુજરાતી ભાષામાં નવેક જેટલા બાલાવબોધો રચાયા છે. મેરુસુંદર પહેલા બે અને બાકીના તેમના પછી રચાયા છે.

અહીં આપેલાં કથાનકો વિશે સ્વતંત્ર કૃતિઓ, પુસ્તકો કે રચનાઓ પણ મળે છે. અન્ય કથા સાહિત્યમાં, આ કથાઓમાં, તેમજ સજ્ઝાયોમાં આ ચરિત્રો ગૂંથાયાં છે.

•

ટૂંકમાં જોઈએ તો આ ગ્રંથ હજુ પણ વિશેષ સંશોધનાત્મક કાર્ય માગી લે છે. અનેક ગ્રંથભંડારોમાં તેની હસ્તપ્રતો ઉપલબ્ધ છે.

**ફલશ્રુતિ**

'શીલોપદેશમાલા', 'ઉપદેશમાલા' બાલાવબોધ વાંચતાં હૃદયસ્થ થાય અને તમામ ચરિત્રોની વિશે કહી શકાય કે-

શીલનું પાલન એટલે-

- પાંચ મહાવ્રતોમાં ચોથું સ્થાન
- નવગુપ્તિની વાડમાં પ્રધાન
- અઢાર પાપસ્થાનકમાં ચોથું સ્થાન
- બાર વ્રતોમાં ચોથું વ્રત
- પાંચ અણુવ્રતોમાં ચોથું વ્રત સમાવતો આ ગ્રંથ દરેક પૌષધશાળા કે પુસ્તકાલયમાં વસાવવા યોગ્ય છે.

વર્તમાન કુનિમિત્તોથી હાલની અને ભવિષ્યની પેઢીને બચાવવા માટે અને ઉજ્જવળ ચરિત્રથી બળ પ્રાપ્ત કરવા માટે આવા ગ્રંથોનો મહિમા થવો જોઈએ.

**સન્દર્ભસૂચિ**

(૧) મહેતા તથા કાપડિયા અનુ. શાહ (૨૦૦૪), જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ, ભાગ-૪, કર્મ સાહિત્ય અને આગમિક પ્રકરણો, જૈન કાવ્ય, પ્રકાશક ૧૦૮ જૈન તીર્થદર્શન ભાવના ટ્રસ્ટ, પાલીતાણા

(૨) શાસ્ત્રી હરિશંકર કાલિદાસ (૧૯૦૦), શીલોપદેશમાલા (ભાષાંતર), પ્રકાશક : શ્રી જૈન વિદ્યાશાળા, અમદાવાદ

(૩) કોઠારી અને શાહ (૧૯૯૧), મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યનો ઈતિહાસ

(૪) શાહ અંબાલાલ - અનુ. શાહ રમણિકભાઈ (૨૦૦૭), જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ - લાક્ષણિક સાહિત્ય, પ્રકાશક - ૧૦૮ જૈન તીર્થદર્શન ભાવના ટ્રસ્ટ, પાલિતાણા

(૫) મુનિ શ્રી વાત્સલ્યદીપ (૨૦૦૬), જૈન સજ્ઝાયનો મર્મ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૬) ગુલાબચંદ્ર ચૌધરી અનુ. નગીનભાઈ શાહ (૨૦૦૬) જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ ભાગ-૬, જૈન કાવ્ય સાહિત્ય, પ્રકાશક-૧૦૮ જૈનતીર્થદર્શન ભાવના ટ્રસ્ટ, પાલીતાણા

(૭) જોષી, રાવળ અને શુકલ (૧૯૭૬), ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૨ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

• • •

# જ્વાળામુખી પર ફૂલોની વર્ષા

પ્રસ્તુત વિષયનો પ્રારંભ કરતાં મને એક ચીની કહેવત યાદ આવે છે, જેનો અર્થ આવો છે :

"તોપના નાળચામાં માળો બાંધી એક પંખી ઈંડાં સેવી રહ્યું છે." અહીં તોપનું નાળચું એટલે વિસર્જનનું માધ્યમ અને ઈંડાનું સેવવું એટલે સર્જનની પ્રક્રિયા. તોપનું નાળચું એટલે વિસ્ફોટન અને ઈંડાનું સેવવું એટલે અસ્તિત્વનો સ્વીકાર. બન્ને બાબતો તદ્દન વિરુદ્ધ પરિસ્થિતિનું દર્શન કરાવે છે. પ્રસ્તુત વિષયમાં આવી બે તદ્દન વિરુદ્ધ પરિસ્થિતિની વાત કરવાનો ઉપક્રમ છે.

ભૌગોલિક અર્થમાં "જ્વાળામુખી" એટલે પૃથ્વીના પેટાળમાંથી પ્રગટતી આગની જ્વાળાનું પ્રચંડ વિસ્ફોટન. કોઈ પર્વતની ટોચ પરથી ભયંકર ભડકારૂપે ફેલાતી આગ ધગધગતા લાવાના લાલચોળ અંગારા જેવા તાપમાંથી ઊઠતી, દઝાડતી અને જાણે ભવાંતરનું વેર લેવા લપેટાતી જ્વાળાઓની કલ્પના આપણને દાઝ્યાનો અનુભવ કરાવે છે. આજુબાજુ કેટલાય વિસ્તારમાં ભયનું સામ્રાજ્ય ફેલાય. નિર્દોષ પશુ-પંખીઓ ભીષણ આગમાં ભસ્મિભૂત થઈ જાય. પ્રસ્ફોટનના ફફડાટથી ઊભો થતો ભય ઘડીભર શ્વાસ થંભાવી દે. આ તો થયું જ્વાળામુખીના પ્રસ્ફોટનનું બાહ્ય સ્વરૂપ. જો એ આટલું

ભયાનક હોય તો તેનું આંતરિક સ્વરૂપ તો કેવું હશે ? એકાદ ક્ષણ આપણું હૃદય ધબકારો ચૂકી જાય, સંવેદનાઓ કરમાઈ જાય, બુદ્ધિની ધાર બુઠ્ઠી બની જાય, કલ્પનાની ક્ષિતિજો ધૂંધળી બની જાય અને ભાષા અવાચક બની જાય એવું સ્ફોટક હશે આંતરિક સ્વરૂપ ! એક તરફ આ પરિસ્થિતિનું દર્શન આ ધરતી પર જોવા મળે છે.

બીજી તરફ જોઈએ તો - અનંત બ્રહ્માંડમાં એક ટપકા રૂપે દેખાતી આ જ પૃથ્વી પર દેખાય છે ભીની ભીની માટીની મહેક વચ્ચેથી પોતાની જાતને જગત માટે ન્યોછાવર કરવા ઝંખતું નાનકડું ઘાસનું તણખલું. એકાદ ખૂણામાં ઊગેલા છોડની લીલીછમ્મ ડાળ પર બેઠેલું, સ્મિત વરસાવતું અને મોહક અદાથી પવનમાં ઝૂલતું કોઈ નાજુક પુષ્પ પણ અહીં જ જોવા મળે છે. ક્યાંક સંભળાય છે પંખીનો કલરવ તો ક્યાંક છલકાય છે ઝરણાનું ખળખળ. ક્યાંક પડઘાય છે જીવસૃષ્ટિનો આછેરો ધબકાર. આ જ ધરતી પર દેખાય છે સવારના સૂરજના સોનેરી કિરણોને સત્કારતાં ઝાકળબિંદુ પરનું સ્મિત અને પવનની મંદ લહેરમાં ડોલતાં કમળનું નર્તન. પારિજાતનાં નજાકત ભર્યાં પગલાં અને સૂરજમુખીની છટાને કંડાર્યાં છે આ જ ધરતીના ધબકારે.

આ રીતે એક બાજુ સંભળાય છે પ્રસ્ફોટિત જ્વાળામુખીના ઉદરમાંથી ઊઠતા ધડાકા અને બિહામણા અવાજો અને બીજી બાજુ સંભળાય છે સવારને સત્કારતા પંખીનો કલશોર. એક તરફ છે ભડકતી જ્વાળાઓ, બીજી તરફ છે પુષ્પોની મોહક અદાઓ. એક તરફ વિનાશ અને વિસ્ફોટન છે તો બીજી તરફ છે વિકાસ અને નવસર્જન. એક દાહ લગાડે છે તો બીજું શાતા આપે છે. એકમાં આંધીનું દર્શન, બીજામાં શાંતિનું સુખ. એકમાં છે સંઘર્ષની વાત તો બીજામાં છે સંસ્કારની જ્યોત.

આજે આપણે આ બન્ને પરિસ્થિતિને જોડવાની વાત કરવી છે. આજે આપણે આગ પર એવાં ફૂલ પાથરવાં છે, જે આગમાં બળીને ભસ્મ થવાને બદલે એ પ્રચંડ જ્વાળાને ઠારી દે, શાંત કરી દે અને શીતળતા આપે.

જ્વાળામુખી અને ફૂલની વર્ષા - આ બન્ને પરિસ્થિતિ આજે નવી નથી. આ તો થઈ ભૌગોલિક અને પ્રાકૃતિક ઘટના. પરંતુ માનવ સ્વભાવનાં આ બે પાસાંઓ તો જ્યારથી માનવીનું સર્જન થયું ત્યારથી જોવા મળે છે. એમ કહેવાય છે કે કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર - આ ષડ્રિપુઓ માનવને જન્મજાત મળેલા છે. માનવ સ્વભાવનાં આ આસુરી તત્ત્વોએ જ તેને જ્વાળામુખી બનાવ્યો છે. આ જ બાબતોએ તેને વિકૃત, વિનાશક અને વિસ્ફોટક બનાવ્યો છે.

વહી ગયેલા સમય તરફ દૃષ્ટિપાત કરતાં આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે માનવે આ છ દુશ્મનોને પોતાના પર સવાર થવા દીધા છે ત્યારે આ જગતમાં પેદા થયા છે હીટલર, સિકંદર, રાવણ અને કંસ. આ જ બાબતે જન્મ આપ્યો હતો દુર્યોધન અને દુઃશાસનને. જેસલ જેવો પાપ આચરનાર કે અંગુલિમાલ જેવો લૂંટારો આ જ્વાળામુખી જેવા વિસ્ફોટિત મનનું પરિણામ હતા. ચંડકૌશિક, સંગમ દેવ, કમઠ કે ગોશાલો - કઈ પરિસ્થિતિએ આ આસુરી તત્ત્વોને જન્મ આપ્યો ? કૈકેયીની દાસી મંથરા કે ઇંગ્લેન્ડની મહારાણી કેથરિન આ પરિસ્થિતિની જ દેણ છે. અને સાથે-જેણે આ છ દુશ્મનો પર વિજય મેળવ્યો છે એ પરિસ્થિતિ ફૂલ જેવા કોમળ મનની છે. ત્યાં ક્યાંય વિસ્ફોટન નથી. અને એમાંથી જ જન્મી છે બુદ્ધ અને મહાવીર જેવી વિભૂતિઓ. બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા, ઈસુનો પ્રેમ, પયગંબરની સમાનતા, સીતા અને તોરલનું સતીત્વ, મીરાંની ભક્તિ

અને વિભિષણની દૃષ્ટિ, આ પણ માનવ મનની વિજયગાથા છે. એથી જ કહેવાયું છે -

"જિંદગીના ઉપવનને વેરાન બનાવે તે જ્વાળામુખી અને વેરાન જિંદગીને ઉપવન બનાવે તે ફૂલ." આપણે ખોલીએ ઇતિહાસનાં પાનાં તો ખ્યાલ આવશે કે જ્વાળામુખીની જ્વાળાઓને ફૂલોએ કેવી રીતે શાંત કરી.

સીતાના મોહમાં કામાંધ બનેલો રાવણ સીતાને ઉપાડીને લંકામાં લાવે છે ત્યારે રાવણના ચહેરા પર મોહની લકીરો જ્વાળામુખીની જ્વાળાઓ બનીને છલકાતી હતી. આક્રંદ કરતી સીતાને જોઈ મનમાં કરુણા ઉપજાવનાર જટાયુને પણ તેણે મારી નાખ્યો. માત્ર સીતાને મેળવવા માટે ભયાનક યુદ્ધ થયું. રાવણના મનમાં સીતાને પામવાની ઘેલછા એટલે કામનું જ્વાળામુખી જેવું સ્વરૂપ. સંત શ્રી તુલસીદાસજી એક ચોપાઈમાં લખે છે :

"જહાં સુમતિ, તહાં સંપત્તિ નાના,
જહાં કુમતિ, તહાં વિપતિ નિધાના."

રાવણ કુમતિનું પ્રતીક છે અર્થાત્ કુમતિ એ જ્વાળામુખીનું વિસ્ફોટન છે અને સુમતિ છે ત્યાં સંપત્તિ છે એટલે કે ત્યાં ફૂલનું સર્જન છે. હનુમાનજીએ સમગ્ર લંકાને બાળી નાખી. રાવણની કુમતિનું આ પરિણામ આવ્યું. એ સમયે એક ઝૂંપડી પર હનુમાનજીએ રામનું નામ જોયું અને પ્રશ્ન થયો;

"લંકા નિશિચર નિકર નિવાસા
ઈહાં કહાં સજ્જન કર વાસા ?"

આખી લંકા નગરી એટલે રાવણની ભૂમિ - આમાં સજ્જનનો નિવાસ ક્યાંથી ? અને હનુમાનજીને ખબર પડી કે આ તો વિભિષણનું ઘર છે. વિભિષણ પોતાના ભાઈ રાવણના કૃત્યથી

શરમિંદો હતો. એણે તો રામનું શરણ સ્વીકાર્યું હતું. એટલે રાવણ જ્વાળામુખીની પરિસ્થિતિની પેદાશ છે તો સામે વિભિષણ એ ફૂલની પરિસ્થિતિની દેણ છે. વિભિષણ માટે શિવ પણ પાર્વતીને કહે છે : (રાવણે વિભિષણને લાત મારી હતી ત્યારે)

"ઉમા, સંત કહ ઇહ હી બડાઈ,
મંદ કરત જો કર હી ભલાઈ"

જે અહિત કરે એનું પણ ભલું કરવું તેમાં જ સંતની મોટાઈ છે, માટે જ જ્યારે રામ અંગદને રાવણ સાથે વિષ્ટિ માટે મોકલે છે ત્યારે કહે છે કે આપણું હિત થાય અને દુશ્મનનું ભલું થાય એ રીતે વાત કરજો.

માટે વિભિષણ પણ રાવણને કહે છે :

"તુમ પિતુ સરિસ, ભલે હી મોહી મેરા,
રામ ભજે હિત નાથ તુમ્હારા"

આ રીતે રાવણનો પરાજય અને રામ સાથે વિભિષણનો વિજય થાય ત્યારે લાગે છે કે જ્વાળામુખી ભલે પ્રચંડ તાકાત ધરાવે પણ તેને પુષ્પોની વૃષ્ટિ શાંત કરી શકે છે.

અંગુલિમાલ લૂંટારો ચારે બાજુ લૂંટ કરીને પોતાની ઇચ્છા પૂરી કરતો. "માણસ ગંધાય, માણસ ખાઉં" એ જ તેનો જીવનમંત્ર. ગળામાં માણસોની ખોપરીની અને આંગળાની માળા પહેરીને જ્યારે તે નીકળતો ત્યારે તેના મનમાંથી હિંસાની જ્વાળાઓ બહાર પ્રગટતી. એક વખત કરુણામૂર્તિ બુદ્ધ સામે મળ્યા અને ડર્યા વગર જ તેની સામે આવ્યા ત્યારે તેને નવાઈ લાગી. પોતાની સામે નિઃશસ્ત્ર અને ભય વગર આવનાર આ કોણ ? બુદ્ધની વિશેષતા એ હતી કે તેમનું મન અને આંખોમાં ઝરતી કરુણા જ તેનાં શસ્ત્રો હતાં. તેમની સામે જોતાં જ અંગુલિમાલની આગ શાંત થઈ ગઈ. તેમનાં ચરણોમાં

ઢળી પડ્યો અને પ્રાયશ્ચિત્તનાં આંસું તેની આગ પર ફૂલની ફોરમ બની વહેતાં રહ્યાં.

અસંખ્ય પાપનો બોજ માથે લઈ ફરનાર જેસલ જ્યારે તોરલ પાસે પાપનો એકરાર કરે છે, ત્યારે તોરલના હૃદયમાં જેસલ પ્રત્યે પ્રગટતી માનવતા અને સહાનુભૂતિએ જેસલના મનને પાપના બોજમાંથી મુક્ત કર્યું. તેની આંખોમાં પણ પ્રાયશ્ચિત્તનાં આંસુ વહેતાં થયાં. મનની એક સમયની જ્વાળામુખી જેવી આગ ઝરતી પરિસ્થિતિએ તેને મહાપાપી બનાવ્યો. નિર્દોષ પશુ, પંખી અને માનવીનો હત્યારો જેસલ, તોરલની પાસે પાપનું પ્રાયશ્ચિત્ત કરે છે ત્યારે તેનું મન ફૂલના વરસાદથી ભીંજાતું હોય એવી મુક્તિનો અનુભવ કરે છે. જ્વાળામુખીના વિસ્ફોટન જેવા મનની વિકૃત પરિસ્થિતિ સામે ફૂલોની વર્ષા જેવી પરિસ્થિતિનો વિજય દર્શાવતાં અનેક દૃષ્ટાંતો જૈન કથા-સાહિત્યમાં મળે છે. શરૂઆત કરીએ ક્રોધાંધ ગોશાલકથી.

ભગવાન મહાવીર સ્વામીની છદ્મસ્થ અવસ્થામાં પ્રભુ સાથે જોડાયેલો ગોશાલક પોતાને પ્રભુથી પણ મહાન મનાવવાના પ્રયત્નો કરવા લાગ્યો. તેણે પોતાની વિદ્યાના પ્રભાવે પ્રભુજીના સાંન્નિધ્યમાં તેજોલેશ્યાની લબ્ધિ મેળવી. આ વિદ્યાના પ્રભાવે સામેની વ્યક્તિ પ્રખર તાપથી બળી જાય. એક વખત ગોશાલક પોતે જ તીર્થંકર છે, એવી દંભી વાત કરતો હતો, ત્યારે મહાવીર સ્વામીએ તેને ગોશાલો છે એવી સ્પષ્ટતા કરી. આનાથી ગોશાલક ખૂબ જ છંછેડાયો. તેના ચહેરા પર ક્રોધની જ્વાળાઓ લપેટાવા લાગી. ગુસ્સાથી અંધ બનેલો માણસ કાંઈ જોઈ શકતો નથી. જે રીતે જંગલમાં આગ લાગે ત્યારે તોતિંગ વૃક્ષો પણ બળીને ભસ્મ થઈ જાય છે એ રીતે ગોશાલકના મનમાં વેરની આગ પ્રજ્જવલિત થઈ રહી હતી. તેણે ભગવાન પર તેજોલેશ્યા છોડી. તેણે માન્યું હતું કે પળવારમાં આ મહાન દેખાતા મહાવીર બળીને ભસ્મ થઈ જશે. પરંતુ પ્રભુ પાસે તો શીતલેશ્યા

હતી. તેનાથી તેજોલેશ્યા પ્રભુ ફરતે પસાર થઈ ફરી ગોશાલકના શરીરમાં જ પાછી પ્રવેશી. લબકારથી દાઝતો, પીડાતો ગોશાલક અહંકારને ઓગાળતો દોડતો હતો. સાતેક રાત્રિ પછી અંતે તેને તેની ભૂલ સમજાઈ અને પ્રભુના ચરણમાં પ્રશ્ચાત્તાપનાં આંસું વહેડાવવા લાગ્યો. પ્રભુજી તો કરુણાની મૂર્તિ. તેમની આંખોમાંથી પ્રેમરૂપી ફૂલોની વૃષ્ટિ થઈ અને ગોશાલકની ક્રોધથી ભડકતી જ્વાળાઓ શાંત થઈ.

આપણા સૌની જેમ ભગવાન "Tit for tat"માં નહીં પણ "To convert the enemy into a friend" માં માનતા હતા. આપણે ચંડકૌશિકની વાત જાણીએ છીએ. જ્વાળામુખીની જ્વાળાઓ જેવી ભયંકર આગ ચંડકૌશિકના મુખમાંથી ઝરતા વિષની હતી. તેનું ઝેર માત્ર નહિ, પણ તેના ક્રોધના કારણે ઊઠતા ફૂંફાડાઓ પર પ્રભુ મહાવીરની દિવ્યદૃષ્ટિ પડી ત્યારે એ આગનો પરાજય થયો અને તેના પર કરુણાનાં ફૂલની વૃષ્ટિ થઈ.

આવો જ બીજો પ્રસંગ બન્યો હતો શ્રી મહાવીર પ્રભુના જીવનમાં.

એક વખત દેવાત્માઓની સભામાં સૌધર્મ ઇન્દ્રે પ્રભુ મહાવીરના વખાણ કર્યા. તેમણે કહ્યું કે ભગવાન મહાવીર પૃથ્વી પર વિચરી રહ્યા છે. એ વિરલ આત્માને અહીંથી જ વંદન કરીએ. આ સમયે સંગમ નામનો દેવ ત્યાં હાજર હતો. તેણે ક્રોધે ભરાઈને કહ્યું, "મારી તાકાત તો મેરુપર્વતના ટુકડા કરી નાખવાની છે. એની સામે એ સાધુનું શું ગજું ? હું પોતે જ પળવારમાં તેને નમાવીશ." આમ કહી સંગમ દેવ ત્યાંથી વાવાઝોડાની માફક દોડ્યો. તેની આંખોમાંથી વેરની આગના અંગારા ઝરતા હતા. તેની કાયા ક્રોધથી કાંપતી હતી. પ્રલયકાળ જેવું રૌદ્ર સ્વરૂપ ધરાવતો અને હાથ-પગ પછાડતો સંગમ

દેવ ભગવાન મહાવીર જ્યાં કાઉસગ્ગ ધ્યાને સ્થિર હતા, ત્યાં આવી પહોંચ્યો. પોતાની મહાનતા સાબિત કરવા તેણે શરૂઆતમાં ધૂળનો વરસાદ વરસાવ્યો. પ્રભુ એ સમયે શ્વાસોશ્વાસ બંધ કરી દે એવી પરિસ્થિતિ સર્જી, પરંતુ પ્રભુ જરા પણ ચલિત ન થયા. એ પછી પ્રભુ પર તેણે ભયાનક કીડીઓ છોડી, આથી પ્રભુના આખા શરીર પર લોહીની ધારા વહેવા લાગી. છતાંય પ્રભુ એ જ ભાવમાં સ્થિર હતા. એ પછી તેણે ડાંસ અને મચ્છરો છોડ્યા. સંગમ જેમ વધુ ભયાનક બનતો હતો, એમ શ્રી વીરપ્રભુ શાંત ચિત્તે એવી જ મુદ્રામાં સ્થિર હતા. આ જોઈ તે વધુ ગુસ્સે થયો. વીંછી, નોળિયા, સાપ વગેરેના ઉપદ્રવથી પણ તેને સંતોષ ન થયો. આગ, વંટોળ અને ભયંકર તોફાન ઉત્પન્ન કર્યું છતાંય તેને નિષ્ફળતા મળી. છેવટે તેની અંદરનો ક્રોધ જ્વાળામુખી બની વિસ્ફોટિત થયો ત્યારે તેણે મેરુપર્વતને પણ તોડી ચૂરા કરી નાખે એવું કાળચક્ર પ્રભુ પર છોડ્યું. આ સમયે દેવોનું હૃદય પણ પળવાર ધબકવું ચૂકી ગયું. નદીનું વહેતું પાણી સ્થિર થઈ ગયું, વૃક્ષોનાં પાંદડાં હાલતાં બંધ થઈ ગયાં, છતાંય પ્રભુ પર તે ચક્રની કોઈ અસર નહીં ! એક તરફ આગની જ્વાળાઓ જેવો જ્વાળામુખી સંગમ અને બીજી તરફ પ્રસન્નતાના પુષ્પો જેવા પ્રભુ !

એક જ રાત્રિમાં વીસ જેટલા ઉપસર્ગો કરનાર સંગમ કે છ માસ સુધી પ્રભુની ગોચરીને દૂષિત કરી છ માસના ઉપવાસ છતાં ચિત્તની પ્રસન્નતામાં લેશમાત્ર ફેર ન પડ્યો. અંતે સંગમ થાક્યો. પોતાના કૃત્ય બદલ પસ્તાવો થયો. પ્રભુ પાસે માફી માગવા લાગ્યો. તેનો અહંકાર ઓગળી ગયો. ક્રોધાગ્નિ શાંત થઈ ગયો. શ્રી વીરપ્રભુની કરુણાનો વિજય થયો. આટલા ઉપસર્ગો પછી પણ ભગવાને કહ્યું, “સંગમ, તારો મારા પર ઉપકાર છે, જેથી મારાં કર્મોના બંધ તૂટી જશે.” સંગમનો આત્મા પ્રાયશ્ચિત્તના પવિત્ર જળમાં વિશુદ્ધ બન્યો.

આ દૃષ્ટાંત પરથી કહી શકાય કે અમાસને પૂનમ બનતાં ભલે પંદર દિવસ લાગે, પરંતુ પ્રખર જ્વાળામુખી જેવા માણસને ફૂલ જેવા કોમળ બનતાં માત્ર ક્ષણ જ લાગે છે.

યાદ આવે છે અત્યારે એક બીજી વાત.

નંદીષેણ મુનિ એક વખત ગોચરી વહોરવા નીકળ્યા. પહોંચી ગયા એક એવા ઘેર જ્યાં ધર્મલાભને બદલે અન્ય કોઈ લાભ લેવાની ઇચ્છા તે ઘરની સ્ત્રીએ વ્યક્ત કરતાં કહ્યું, "ધર્મલાભની નહીં, અર્થલાભની વાત કરો." મુનિને અપમાન લાગ્યું અને તેના પ્રભાવથી નંદીષેણ મુનિએ ત્યાં ધનની વૃષ્ટિ કરી. તે સ્ત્રીએ કહ્યું "હવે સાધન વાપરનાર તો જોઈએને !" આમ કહેતાં તે સ્ત્રીએ પોતાની વિવિધ અંગમરોડની રીતથી નંદીષેણ મુનિને રોકવાનો પ્રયત્ન કર્યો. મહાન આત્મા મોહમાં અંધ બની એક એક પગથિયું નીચે ઊતરવા લાગ્યો. કામલતાના કામણે ત્યાગી મુનિના મનને મોહની જ્વાળામાં ફસાવ્યું. ધીમે ધીમે આ કામાગ્નિની જ્વાળાઓ વધુ ને વધુ પ્રજ્જ્વલિત થતી ગઈ. પેલી સ્ત્રી વેશ્યા હતી. તેના રૂપમાં અંધ બનેલ મુનિ પોતાના આચારો ભૂલ્યા. એક તરફ રૂપના તીખારા તેની આગમાં વધારો કરતા ગયા, બીજી તરફ સાધુત્વની બેડી એક પછી એક તૂટવા લાગી. વેશ પરિવર્તન થયું. અને ભોગાવલિ કર્મનું જોર વધવા લાગ્યું. મનમાં હજુ કાંઈક આચાર હતો તેથી તેમણે વેશ્યાના ઘરમાં રહીને પણ રોજ દસ આત્માઓને પ્રતિબોધ પમાડવાનો ક્રમ ચાલુ રાખ્યો.

એક વખત નવ આત્માઓ પછી દસમી વ્યક્તિને બોધ આપવાની ઇચ્છા છતાં, ત્યાં કોઈ ન આવ્યું ત્યારે કામલતાએ કહ્યું, "દસમું કોઈ ન મળે, તો તમારો આત્મા ક્યાં ગયો છે ?" બસ, આ શબ્દો બાણ જેમ વાગી ગયા.

લલચાવવાની અને વિજય મેળવવાની પળ સરખી જ હોય છે.એ પળે મનને કઈ બાજુ વાળવું તે સજ્જન વ્યક્તિ નિશ્ચિત કરી લે છે. લલચાવનારી પળ જ્વાળામુખીનું સર્જન કરે છે, પરંતુ એકાદ ક્ષણે તેની પર કોઈ ચમત્કારિક ક્ષણ ફૂલ વરસાવી શકે. એમ કામલતાના આ શબ્દો ફૂલ બની ગયા. સાધુતાની નિર્મળ જ્યોત ફરી પ્રગટી ઉઠી, અને મુનિરાજ પળવારમાં ત્યાંથી ચાલી નીકળ્યા સંયમના પાવન પથ ઉપર.

આવી કેટલીય કથાઓ બતાવે છે કે કામ, ક્રોધ, મદ તેમજ ઈર્ષ્યા જેવા આગના અંગારા સામે ક્ષમારૂપી ફૂલની વર્ષા એ આગને ઠારી શકે છે. કોઈ પૂર્વ ભવના વેરની આગની જ્વાળામાં સળગે છે ત્યારે આપણને યાદ આવે છે પરમકૃપાળુ પાર્શ્વનાથ અને કમઠ.

શ્રી પાર્શ્વનાથ જગત તરફની બાહ્યદૃષ્ટિ છોડી આંતરમનને અજવાળતા કાઉસગ્ગ ધ્યાને ઊભા હતા. પૂર્વભવનો કમઠનો જીવ દેવ તરીકે ઉત્પન્ન થયો હતો. તેણે દેવવિમાનમાંથી પ્રભુને સૌમ્યમુદ્રામાં સ્થિર થયેલા જોયા. પૂર્વ ભવનું વેર એમને જોતાં જ જાગૃત થયું. તેના રુંવે રુંવે વેરની આગ ભડકવા લાગી. ક્રોધથી સળગતો તેનો ચહેરો જાણે લાવારસ ફેંકતો હોય એવો લાલચોળ બની ગયો હતો. પૂર્વભવનો વેરી તેની સામે આવશે, એની આશામાં તે મલકાતો હતો. સાથે આગના અંગારા પ્રજ્જ્વલિત થઈ તેની જ્વાળાઓ લપેટતા હતા. દાવાનળના દાહ જેવું અને ઈર્ષ્યા, વેર અને ક્રોધની ત્રિવેણી જેવું રૂપ ધરી આવતા જ શ્રી પાર્શ્વપ્રભુને જોઈ તે બોલ્યો, “અરે, માયાવી ! મારી આગ તેં જોઈ નથી.” નીચે ભગવાન તો નિજાનંદમાં મસ્ત હતા. સૌમ્ય, શાંત, કરુણામૂર્તિ અને પ્રસન્નતાના ભાવોયુક્ત પ્રભુજી છતાંય સ્થિર ઊભા હતા. કમઠે મોટા મોટા પથ્થર ફેંક્યા પરંતુ પ્રભુના ચહેરા પર વધુ પ્રસન્નતા પ્રગટી કારણ કે તેમને લાગ્યું કે પોતાના કર્મરૂપી પથ્થરોના ચૂરા થતા હતા. ક્રોધની

જ્વાળામાં ધૂંધવાતો એ દેવ પોતાનું ધાર્યું કામ સિદ્ધ ન થતાં વધુ છંછેડાયો. એ પછી તેણે ધોધમાર વરસાદ વરસાવવો શરૂ કર્યો. ચારે બાજુ હાહાકાર મચી ગયો. પૃથ્વી પર પ્રલય થયો હોય એવું જળબંબાકાર વાતાવરણ સર્જાયું, છતાં વિરલ વિભૂતિ એવા જ સ્થિર હતા. આ સમયે ઇન્દ્રનું આસન પણ કંપી ઊઠ્યું. પૂર્વભવના પુણ્ય પ્રભાવે પદ્માવતી અને ધરણેન્દ્ર - પાર્શ્વપ્રભુની ભક્તિ કરવા પ્રેરાઈને આ ઉપસર્ગો શાંત કરવા આવી પહોંચ્યા. પ્રભુના મસ્તક પર ફણીધર છત્ર રચાયું અને પ્રભુને પાણીમાંથી અલિપ્ત કર્યા. સાત દિવસ સુધી ઉપસર્ગ ચાલુ રહ્યો. દિવ્યતાની જીત થઈ અને કમઠનાં કર્મો પસ્તાવો બની આંસુની ધારા જેમ વહેવા લાગ્યાં. આંતરમનનાં અજવાળાં અને દિવ્યતા ચોમેર પથરાઈ ગયાં. જ્વાળામુખી જેવી આગ ઝરતી સ્થિતિના બદલે પ્રેમનાં પુષ્પો પથરાયાં.

સંત કવિ શ્રી તુલસીદાસે કહ્યું છે :

"કો તોકુ કાંટા બૂએ તાહિ બોવ તું ફૂલ,
તાકો ફૂલ કે ફૂલ હૈં, વાંકો હૈ ત્રિશૂલ..."

"તારા માટે કોઈ કાંટા વાવે, તો પણ તેના માટે તું ફૂલ વાવજે, કારણ કે તારા માટે ફૂલ જ રહેશે જ્યારે સામેની વ્યક્તિ માટે કાંટા ત્રિશૂલ પણ બની શકે."

આ જ રીતે મહાન વિભૂતિ ઈસુ ખ્રિસ્તના જીવનકાર્યથી આપણે સૌ પરિચિત છીએ. એમના દેહને વધઃસ્તંભ પર ચડાવનાર દુશ્મનો માટે તેમણે પ્રાર્થના કરતાં કહ્યું હતું : "તું એમને સજા ન કરીશ, કારણ કે તેઓ શું કરે છે એની એમને ખબર નથી, તું એને માફ કરી દેજે."

એક તરફ કામ, ક્રોધ અને મોહ તેમજ ઇર્ષ્યા જેવી આગના ભડકા હોય, મદની મદિરા ચડી હોય અને વેરનું વિસ્ફોટન થયું હોય

કે અહંકારની આંધી હોય ત્યારે સર્જાય છે જ્વાળામુખી. તેની સામે પ્રેમ, કરુણા, મૈત્રી અને હૈયામાં વાત્સલ્યનો દીપ જલતો હોય ત્યારે જ્વાળમુખી પર ફૂલોની વર્ષા શક્ય બને છે. સંત-મહાત્માઓ જ નહીં, આપણે સૌ કોઈ મૈત્રી અને ક્ષમાનાં પુષ્પો પાથરી વિષ જેવા દાવાનળને ઠારી શકીએ. માટે જ કહ્યું છે :

"સંત, સપૂત ને તૂમડાં, ત્રણેયનું એક જ કામ;
તારે પણ પાડે નહીં, એને તાર્યા ઉપર કામ."

• • •

# જૈન કથા સાહિત્યમાં સ્ત્રીચરિત્રો

[સારાંશ : પ્રસ્તુત અભ્યાસલેખ જૈન કથા સાહિત્યના વિશાળ ફલકમાંથી સ્ત્રીચરિત્રો વિષેનો છે. આ અભ્યાસનો મુખ્ય હેતુ સ્ત્રીચરિત્રોની લાક્ષણિકતાઓ તારવીને આ વારસાના મહત્ત્વને વર્તમાન સંદર્ભે તપાસવાનો છે. સમય, ક્ષેત્ર અને આયોજનને ધ્યાનમાં રાખીને કેટલીક મહત્ત્વની અને પ્રતિનિધિરૂપ ગણી શકાય એવી કથાઓને આધારે આ અભ્યાસલેખ તૈયાર કર્યો છે.]

**પ્રસ્તાવના**

કાળના પ્રવાહમાં જયવંતા જિનશાસનની કીર્તિગાથાઓ દીવાદાંડી બનીને આજે પ્રકાશ પાથરી રહી છે. જે રીતે ઘૂઘવતાં મહાસાગરમાં કેટલાંક બિંદુઓ અમૃત બનીને વિપુલ જળરાશિને ગૌરવવંતુ કરી દે છે, એ રીતે જૈનશાસનના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરીને અનોખી પુષ્પ પરિમલ પાથરનાર જૈન કથાનકોએ જિનશાસનને ગૌરવવંતુ બનાવ્યું છે. શ્રી જૈન ધર્મધારાએ જાળવી રાખેલો કથાવારસો સમૃદ્ધ બન્યો છે એનું મુખ્ય કારણ છે શ્રી જૈનશાસનના ઉદ્યાનમાં પુષ્પોની પરિમલ પાથરી ગયેલી વીર અને પ્રતાપી પ્રતિભાઓ.

"જૈન કથાઓમાં તપ, ત્યાગ અને મૂલ્યોની ઊંચાઈનો ધબકાર સંભળાય છે. આ કથાઓ એ માત્ર ચરિત્રો નથી કે માત્ર આલેખન. આ કથાઓ એ જૈન શાસનનાં રત્નોનાં જીવનમાં પ્રગટેલું આત્મિક સૌંદર્ય છે." (શ્રી કુમારપાળભાઈ દેસાઈ-૧૯૯૮)

ગીતાર્થ ગુરુદેવ પ.પૂ. ધર્મધુરંધરસૂરિજીના શબ્દોમાં કહીએ તો

"સત્પુરુષોનાં એક એક ચરિત્ર એવાં છે કે આત્માને કાંઈને કાંઈ પ્રેરણા આપી જાય છે."

ઉપરોક્ત મંતવ્યોના આધારે કહી શકાય કે જૈન ધર્મના ભવ્ય ભૂતકાળનું અમૂલ્ય નજરાણું હોય તો તે પ્રબળ આદર્શોથી મૂઠી ઊંચેરા બનેલાં એ પાત્રોનાં ચરિત્રો છે. સમગ્ર જૈન કથા સાહિત્યની ગંગોત્રીનું આચમન કરવાનું ભાગ્ય તો કોઈ વિરલ આત્માને જ પ્રાપ્ત થાય. અહીં તો સમય અને ક્ષેત્રની મર્યાદાને ધ્યાનમાં રાખીને જૈન કથા સાહિત્યમાં સ્રીચરિત્રો પરનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

**અભ્યાસના હેતુઓ**

(૧) જૈન કથા સાહિત્યમાંથી સ્રીચરિત્રોની લાક્ષણિકતાઓ તારવવી.

(૨) સ્રીચરિત્રોનું વર્તમાન સંદર્ભે મહત્ત્વ દર્શાવવું.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસ નીચેના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને હાથ ધરાયો હતો.

(૧) જૈન કથા સાહિત્યમાં સ્રીચરિત્રોની લાક્ષણિકતાઓ શી શી છે ?

(૨) વર્તમાન સંદર્ભે આ ચરિત્રોનું શું મહત્ત્વ છે ?

**પદ્ધતિ**

ગુણાત્મક સંશોધનની સર્વેક્ષણાત્મક પદ્ધતિ

**માહિતી પ્રાપ્તિ**

પ્રસ્તુત અભ્યાસ માટેની માહિતી પ્રાપ્ત કરવી એટલે વિશાળ સમયપટમાંથી કેટીલક ક્ષણોને પામવી. એટલે આ અભ્યાસ માટેની કથાસાહિત્ય વિષયક માહિતીને ઐતિહાસિક પરિમાણથી તપાસવી યોગ્ય રહેશે.

વાર્તાવિકાસની દૃષ્ટિએ જોતાં જૈન કથા સાહિત્યનું ઉદ્ગમ સ્થાન આગમ, સાહિત્યના આધારે થયું છે. 'ભગવતી-વિવાહ-પણ્ણતિ' અને 'ણાયાધમ્મકહાઓ' એ પ્રાચીન વૈવિધ્યસભર કથાઓ છે. 'ઉત્તરાધ્યયન'માં દૃષ્ટાંત કથાઓ છે.

આગમના સાતમાં અંગમાં 'ઉવાસગદશાઓ'માં મોટાભાગે કથાનકો વધારે છે. આ ઉપરાંત ઉપાંગોમાં તથા 'પણ્ણાસ'માં પણ વીરતાભર્યાં પાત્રોનાં કથાનકો છે. નિર્યુક્તિની ટીકાઓમાં પણ નાની મોટી કથાઓ છે.

પાંચમીથી પંદરમી સદીમાં ચરિત્રો, પ્રબંધ, રાસા કે કથાકોષ-રૂપે કથા સાહિત્ય ઉપલબ્ધ છે. હરિષેણના 'કથાકોષ' અને શ્રી સંઘદાસગણિના 'વસુદેવહિંડી'માં અનેક કથાઓ ઉપલબ્ધ છે. ચરિતાત્મક કથાકાવ્યોમાં વિલાસવતી, સુલોચના વગેરે પાત્રોનાં ચરિત્રોનું આલેખન થયું છે.

રાસાઓનું કથાવસ્તુ મોટાભાગે લોકકથાત્મક છે. પાદલિપ્તકૃત 'તરંગલોલા' (પ્રાકૃતભાષામાં) અને સંસ્કૃતમાં 'તરંગવતી', ઉપરાંત હરિષેણ, મેરુતુંગસૂરિ, સમયસુંદર વગેરેના કથાકોષ, હેમચંદ્રાચાર્યનું 'ત્રિષષ્ઠિ શલાકાપુરુષ' વગેરે સાહિત્ય મૂળભૂત રીતે કથા સાહિત્યના આધારો છે.

પદ્યમાં રચાયેલું આ સાહિત્ય પણ કથાના વિકાસનું માધ્યમ હતું. આ તમામ સાહિત્ય પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે તેમાં વિવિધ સ્ત્રીચરિત્રો અલગ રીતે ઉપસી આવ્યાં છે.

આ રીતે જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે શ્રી જૈન કથા સાહિત્યનાં મૂળ સ્રોતો ઘણા લાંબા સમયગાળાને આવરી લે છે.

અહીં અભ્યાસ માટે સ્ત્રીચરિત્રોનું આલેખન થયેલા ગ્રંથોને આધાર તરીકે લીધા છે. પ્રસ્તુત સંદર્ભે માહિતી પ્રાપ્તિ માટે નીચેના ગ્રંથોમાંથી માહિતી પ્રાપ્ત કરી હતી.

(૧) શ્રી ચતુર્વિધ સંઘ : તવારીખની તેજછાયા
(સંપાદક : શ્રી નંદલાલ દેવલુક)

(૨) જિનશાસનની કીર્તિ ગાથા : (ડૉ. કુમારપાળ દેસાઈ)

(૩) સ્વાધ્યાય રત્નાવલી (સંપાદક : આ. કુન્દકુન્દસૂરિ)

(૪) મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય :
(સંપાદકો : કોઠારી અને શાહ)

**માહિતીનું વિશ્લેષણ**

પ્રસ્તુત વિષયને ધ્યાનમાં રાખીને ઉપલબ્ધ માહિતીનું વિશ્લેષણ કરવા માટે વિવિધ પ્રકારે વર્ગો પાડવામાં આવ્યા. સ્ત્રીચરિત્રોમાં શ્રમણીઓ (સાધ્વીજીઓ)નું ચરિત્ર અને શ્રાવિકાઓનું ચરિત્ર એ કથા સાહિત્યનું એક પાસું છે.

કાળની દૃષ્ટિએ જોતા કેટલાંક ચરિત્રો ખાસ વર્તમાન ચોવીશીના તીર્થંકરોની માતાઓ, તેઓના સમયની સાધ્વીજીઓ અને શ્રાવિકાઓનાં ચરિત્રોને એક વર્ગમાં મૂકી શકાય અને બીજા વર્ગમાં મધ્યયુગીન સ્ત્રી પાત્રોની કથાઓ મૂકી શકાય.

સ્વરૂપની દૃષ્ટિએ ગદ્ય અને પદ્યમાં આલેખાયેલું કથા સાહિત્ય ગણી શકાય. ભાષાની રીતે જોઈએ તો પ્રાકૃત-સંસ્કૃત, અપભ્રંશ અને જૂની-નવી ગુજરાતી ભાષામાં લખાયેલાં કથાનકો જોવા મળ્યાં.

અભ્યાસની વિશેષ અસરકારકતા માટે વિશેષ આલેખવા જેવાં ચરિત્રોના ગુણાત્મક વર્ગો પાડીને તેનું વિશ્લેષણ કરવું યોગ્ય લાગ્યું,

તેથી વિશ્લેષણ એ રીતે કરવામાં આવ્યું છે. જે નીચે આપેલી સારણી-૧માં જણાવ્યું છે.

**સારણી-૧**

**સ્રી ચરિત્રોનું ગુણાત્મક વિશ્લેષણ**

| ક્રમ | ગુણાત્મક પાસું | ઉદાહરણો |
|---|---|---|
| ૧. | સમ્યગ્દર્શન | સુલસા, બ્રાહ્મી, સુંદરી વગેરે |
| ૨. | શીલ અને સતીત્વ | મદનરેખા, સુભદ્રા, સુંદરી, દમયંતી, ગુણસુંદરી, પ્રભાવતી, સીતા, ચેલ્લણા વગેરે |
| ૩. | સત્યપ્રીતિ | અંજના, સાધ્વી પ્રિયદર્શના વગેરે |
| ૪. | ભક્તિ-દાન | રેવતી, અનુપમા દેવી વગેરે |
| ૫. | અડગ શ્રદ્ધા | ચંદના, મનોરમા વગેરે |
| ૬. | જ્ઞાન ઉપાસના | પોઈણી, યક્ષા, તિલકમંજરી, યાકિની વગેરે |
| ૭. | સાધર્મિક ભક્તિ | લાછી, જયતિ વગેરે |
| ૮. | પ્રાયશ્ચિત (પાપનો ડર) | પુષ્પચૂલા, તરંગવતિ, કુંતલાદેવી વગેરે |
| ૯. | અહિંસા ધર્મ આત્મિક ગુણ | તરંગવતી, મયણા સુંદરી, જયેષ્ઠા વગેરે |
| ૧૦. | વૈરાગ્ય-ત્યાગ | કોશા, નાગિલા, જયેષ્ઠા વગેરે |

સારણી-૧માં સ્રીચરિત્રોમાંથી પ્રગટ થતાં ગુણોના આધારે કેટલાંક પાત્રોનાં નામ જણાવ્યાં છે. આમ તો આ સિવાયના ઘણા કથાનકોમાં જુદા જુદા ગુણવૈભવ પ્રગટ થાય છે.

દા. ત. જૈન સ્રીકથાનો ઘણો મોટો ભાગ શીલવતી અને સતી સ્રીઓનાં ચરિત્રે રોક્યો છે.

સમ્યગ્દર્શનની ધાત્રી સુલસાસતીને ભગવાન 'ધર્મલાભ' કહેવરાવે એવી મહાન શ્રદ્ધા આ ચરિત્રથી પ્રગટ થાય છે. આચાર્ય, ગીતાર્થ ગુરુ શ્રી ધર્મધૂરંધરસૂરિએ (તે સમયે ગણિ હતા) તેના માટેની સજ્ઝાયમાં નીચેના શબ્દો પ્રયોજ્યા છે.

"ધર્મલાભ પહોંચાડીનેજી, અંબડ કરે વખાણ
ધન્ય ધન્ય સમકિત ભલુંજી, આપે અનંતુ નાણ."

આચાર્ય હરિભદ્રસૂરિજીના ક્રોધાવેશમાં ૧૪૪૪ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઊકળતા તેલની કડાઈમાં મારી નાખવાના વિચાર સામે યાકિની મહત્તરાની પ્રાયશ્ચિત્તના સંદર્ભે વિનયપૂર્વકની વિનંતીથી અને ગુરુ મહારાજની સૂચના મળવાથી પ્રાયશ્ચિત કર્યું. અને આચાર્યશ્રીએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી.

અભિમાનરૂપી હાથી પર આરૂઢ થયેલા બંધુ મુનિ બાહુબલિને ઉતારીને કેવળજ્ઞાનની ભેટ આપનાર બ્રાહ્મી-સુંદરી સાધ્વીજીઓની સમ્યગ્દર્શન પ્રત્યેની શ્રદ્ધા સામે મસ્તક ઝૂકી જાય છે.

વિકટતામાં પણ અડગ અભિગ્રહ ધરાવતા ચંદના કે શૂળીનું સિંહાસન કરી દેવાની તાકાત ધારણ કરીને શીલવાન બનેલા મનોરમા, પોતાના શીયળ પર શંકા કરનાર સાસુને સતીત્વનો પરિચય કરાવનાર સુભદ્રા, શીયળ અને ક્ષમાવાન મૃગાવતી, ઊંડાં પાપની સામે પ્રાયશ્ચિત્ત આચરી કર્મના બંધને તોડી નાખનાર પુષ્પચૂલા વગેરેથી જૈન સ્ત્રીકથા સાહિત્ય ઉજમાળ બન્યું છે.

ગુજરાતની ધરતીમાં અહિંસાનાં બીજ રોપનાર સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ રાજાના ગુરુદેવ હેમચંદ્રાચાર્ય પાસે અંત સમયે સાડા ત્રણ કરોડ શ્લોકની રચનાનો સંકલ્પ મેળવનાર માતા પાહિની દેવી હોય કે શાલીભદ્રને સંસારની અસારતાનું મનોબળ આપનાર ભદ્રા માતા હોય; વજ્રસ્વામીને ઘોડિયામાં સૂતાં સૂતાં

સાધ્વીજીના ઉપાશ્રયમાં સાધ્વી મુખેથી અગિયાર અંગો ભણવાનું મહાભાગ્ય ક્યાંથી મળ્યું ? કાળબળની સામે સંઘર્ષ કરી તાકાત ટકાવી રાખનાર શ્રમણી ભગવંતો અને શ્રાવિકાઓની ગૌરવગાથા સ્ત્રીચરિત્રોમાં અંકિત થયેલી છે.

આત્મજ્ઞાન, નિર્લેપતા, વિનમ્રતા, તપસ્વીપણું, જપ, ત્યાગ અને સંયમના સપ્તરંગી મેઘધનુષની સૌંદર્યમય આભા આજે પણ ઈતિહાસના આકાશમાં પથરાયેલી જોવા મળે છે.

આ રીતે પ્રસ્તુત લેખમાં પ્રતિનિધિરૂપ સ્ત્રીચરિત્રોની ગુણાત્મક લાક્ષણિકતાઓનું વિશ્લેષણ જૈન કથા સાહિત્યના આધારે કરવામાં આવ્યું છે.

**અભ્યાસનાં તારણો**

જૈન કથા સાહિત્યમાં સ્ત્રીચરિત્રોના અભ્યાસ અને તેનું ગુણાત્મક વિશ્લેષણ કર્યા પછી જે તારણો પ્રાપ્ત થયાં તે નીચે પ્રમાણે હતાં.

(૧) સામાન્યતઃ કોઈ પણ સાહિત્યમાં જે તે સમયમાં પ્રવર્તતી સામાજિક સ્થિતિનું નિરૂપણ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં જે સ્ત્રીચરિત્રો અને આધારભૂત સંદર્ભો પ્રાપ્ત થયાં હતાં તે પરથી એ સ્પષ્ટ થાય છે કે તેમાં જે તે સમયની સામાજિક રીતરસમો જોવા મળે છે. દા. ત. ભાઈ-બહેનના લગ્ન થવા. (પુષ્પચુલ-પુષ્પચુલા)

(૨) જ્યારે કોઈ પણ કથા ધર્મની કથા તરીકે પ્રયોજાય અને ધર્મધારાનો પ્રવાહ તેનાં રૂપ-રંગને નિખારે ત્યારે તેમાં ક્યારેક કાંઈક પરિવર્તન આવે છે. અહીં લોકજીવનની કથાઓમાં ધર્મનાં વ્હેણો ઉમેરાવા છતાં નિજી સૌંદર્ય ટકી રહ્યું છે. (સોળ સતીની કથાઓ)

(૩) સ્ત્રીચરિત્રો આલેખવાનો અહીં મુખ્ય હેતુ ધર્મ પ્રત્યે લોકોની શ્રદ્ધા ટકી રહે અને ધર્મપરાયણતા કેળવાય એ છે. શ્રમણીઓ

તથા શ્રાવિકાનાં ચરિત્રોથી આ ભાવના ટકી રહે એવાં દૃષ્ટાંતો અહીં ઉપલબ્ધ બન્યાં છે. (દા. ત. રેવતી શ્રાવિકા)

(૪) આ કથાનકોમાં ધર્મ, કર્મ, ચારિત્ર, જન્મજન્માંતરોનો પાપ-પુણ્યનો પ્રભાવ, માનસિક ખમીરથી શીલરક્ષાનાં સર્વશ્રેષ્ઠ ઉદાહરણો અને જૈનત્વને દૃઢ બનાવતાં ચરિત્રોને સ્થાન મળ્યું છે.

(૫) અહીં ટૂંકા ચરિત્રોથી માંડીને લાંબા ચરિત્રો છે જેમાં ભવોભવની કથાઓનું આલેખન જોવા મળ્યું છે.

(૬) સ્ત્રીકથા સાહિત્યનો વિકાસ પાંચમીથી પંદરમી સદી સુધી વિશેષ પ્રમાણમાં રહ્યો હતો. પ્રબંધ, રાસ કે કથાકોષરૂપે કથા સાહિત્ય વિકસેલું જોવા મળ્યું છે.

(૭) સ્ત્રી કથામાં મુખ્યપાત્ર તરીકે સ્ત્રીઓ હોય ત્યારે તેની આસપાસ ચરિત્ર ગૂંથાયેલું હોય છે. પરિણામે તેમનું કાર્ય સામાન્ય સ્ત્રીઓ કરતાં અલગ પડે છે. અહીં જે ચરિત્રોનો અભ્યાસ કર્યો છે તેમાં તેમનાં વ્યક્તિત્વની અલગ છાપ ઉપસી આવે છે. (અનુપમાદેવી)

(૮) ધર્મની શક્તિને પ્રસ્થાપિત કરતી અને ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતી કથાઓ પાત્રની વ્યક્તિગત લાક્ષણિકતાઓથી પ્રભાવક થઈ છે. (બ્રાહ્મી, સુંદરી)

(૯) સ્ત્રી સ્વાતંત્ર્યની ભાવના સામે પડકાર નથી, છતાંય પૌરાણિક કથાઓમાં વિશિષ્ટ સંમેલનોમાં સ્ત્રીઓને એટલે કે સાધ્વી-શ્રમણીઓને સ્થાન મળ્યું હતું. વિદ્વાનોની સભામાં ગોષ્ઠિ કરવાની તક મળતી હતી.

**પ્રસ્તુત અભ્યાસનું વર્તન સંદર્ભે મહત્ત્વ**

જેમનું નામ પોતાના જીવન સાથે જ સ્મરણમાં ન રહે એવા લોકો કાળના પ્રવાહમાં લુપ્ત થઈ જાય છે. જન્મ-જીવન અને મૃત્યુની

ભૂમિકાએ બધું જ પૂર્ણ થઈ જાય છે. પરંતુ જેમનાં નામ ઇતિહાસની અટારીએ આલેખાયેલાં હોય તેઓનું જીવન પ્રેરણાસ્રોત હોય છે. સત્પુરુષોનાં ચરિત્રો આત્માને અજવાળે છે.

અહીં શ્રી જૈનકથા સાહિત્યમાં સ્ત્રીચરિત્રો પરનો અભ્યાસ છે, એટલે ઉત્તમ ઘરેણું અહીં સચવાયું છે. તેથી સ્વાભાવિક છે કે ઉત્તમ ચરિત્રોનું વાચન, ચિંતન અને મનન થવાથી ઉત્તમતાના અંશોનો વિસ્તાર થાય છે. શાસનની મહાન વિભૂતિઓની ગૌરવગાથા અહીં પ્રાપ્ત થાય છે. જે વર્તમાન અને ભાવિ પેઢી માટે દિશાસૂચક બની શકે.

ચરિત્રો હંમેશા પ્રેરણાદાયી હોય છે. અહીં તો શ્રમણીઓ અને શ્રાવિકાઓના સ્તરનાં ચરિત્રો આલેખાયાં છે. અને એનું વિશેષ વલોણું કરીને અર્ક પામવાનો પ્રયાસ થયો છે. તેથી આ અંશોરૂપે પણ વર્તમાન મહિલા સમાજ માટે દીવાદાંડી બની રહેશે.

હાલના ઝંઝાવતી પવનમાં ભ્રષ્ટાચાર, દુરાચાર, માનસિક વિકૃતિઓ, ભૌતિક સુખની ઘેલછાની સાથે સાથે દોડાદોડીવાળું જીવન, નાનપણથી જ વધતી જતી ધર્મવિમુખતા વગેરે વ્યક્તિને ધર્મ ટકાવવા કે સાચા સંસ્કારોને પામવામાં અવરોધ જન્માવે છે.

સ્ત્રીઓ માટે વર્તમાન સમય વિકટ છે, ભલે આજે સ્ત્રીઓ વિકાસની આગેકૂચ કરી રહી છે, પરંતુ તેના શીયળની રક્ષાની કોઈ ખાતરી નથી. તપ, સંયમ અને મૂલ્યોની વાતો વિસરાઈ ગઈ છે, ત્યારે શીલ અને ચારિત્રની રક્ષા માટે કુરબાની આપવા પણ તૈયાર એવી સતીઓનાં નામ યાદ આવે. (નાગિલા)

આજકાલ ભૌતિક સુખ પાછળ સંપત્તિ વેડફી દેનાર શ્રીમંત સ્ત્રીઓને ક્યા ખબર હશે કે સંપત્તિનો ભવ્ય અને જાજરમાન વારસો જે આજે દેલવાડા (આબુ)ના વિમલવસહીનાં ભવ્ય જિનાલયોરૂપે આપણને મળ્યો છે તે અનુપમાદેવીએ આપ્યો છે ?

વર્તમાન શ્રમણી-સાધ્વીજીઓ પણ પ્રેરિત થઈને પોતાની ક્રિયાઓ ગૌરવપૂર્ણ રીતે કરીને ગુરુની ગરિમા અને શિષ્યાની ભક્તિનો મહિમા ઝીલી શકે એવો શ્રમણી વારસો આવી કથાઓમાં અંકિત થયેલો છે, જેમાં સાધ્વી ચંદના અને મૃગાવતી હોય કે પછી સાધ્વી કલાવતી.

હાલમાં સંતાનોના સુયોગ્ય ઉછેર માટે માતાને સાચી દિશાઓ શોધવી પડે છે. હળવાશથી કહેવું હોય તો આજે 'મમ્મી'ને 'માતા' બનવાનું શીખવાનું હજુ ફાવ્યું નથી. પોતાના સંતાનને ગુણોની ઊંચાઈએ ક્યાં સુધી લઈ જઈ શકાય એની કથાઓ જો આજની મમ્મીઓ વાંચે તો એ પણ બની શકે ભદ્રામાતા, પાહિણીમાતા કે માતા મરુદેવા. આવી માતાઓની યશગાથા કરવા માટે જ આચાર્ય શ્રી માનતુંગસૂરિએ મહાપ્રભાવક ભક્તામર સ્તોત્રની નીચેની ગાથા મુક્તમને રચી હશે.

"स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता;
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं,
प्राच्येव दिग् जनयति स्फुरदंशु जातम् ॥"

[સંસારમાં હજારો સ્ત્રીઓ પુત્રને જન્મ આપે છે પરંતુ તીર્થંકરને જન્મ આપનાર આપ ધન્ય માતા છો. દિશાઓ તો દશ છે પણ પૂર્વ દિશા જ પૂજાય છે, જે સૂર્યને જન્મ આપે છે.]

કેવી સુંદર ઉપમાથી અહીં માતાની ઊંચાઈ દર્શાવી છે !

આ રીતે સ્ત્રીચરિત્રો જ્ઞાન, ધ્યાન અને તપના સિતારાઓ બનીને આજે સૌને દિવ્યતાનો સંદેશ આપે છે. રત્નકુક્ષિ માતાઓ, શીલવતી પતિવ્રતા પત્નીઓ, બ્રહ્મચર્યના તેજથી શોભિત સન્નારીઓ, દાન-તપના યુગ્મથી ઓજસ પાથરતી શ્રાવિકાઓ અને સંયમની સાધનાથી વિભૂષિત શ્રમણીઓની આ કથાઓ જૈનત્વની શોભાથી અલંકૃત

થયેલી છે. અધ્યાત્મનો માર્ગ દર્શાવતાં આવા ચરિત્રો વર્તમાન ભોગપ્રધાન સંસ્કૃતિ સામે લાલબત્તી ધરનારાં છે.

**ઉપસંહાર**

જૈન કથા સાહિત્યનું આચમન કરતાં ક્યાંક વિદૂષી આર્યાઓ તો ક્યાંક આચારધર્મમાં અડગ સતીઓ, ક્યાંક કોઈના કેવળજ્ઞાનનું નિમિત્ત બનનારાં તો ક્યાંક પુત્રોને ક્ષપકશ્રેણિ સુધી લઈ જનારાં, ક્યાંક દાનધર્મની આહલેક જગાડનારાં તો વળી આગમ સાહિત્યની ગરિમાને પોષનારાં સ્ત્રીપાત્રો ખરેખર તો શ્રી જૈન શાસનના ગૌરવવંતા કથાસાહિત્યની ઉજળી બાજુ છે. વંદન હો એ પ્રેરણાદાત્રીઓને !

**સંદર્ભસૂચિ**


(૧) દેસાઈ કુમારપાળ (૧૯૯૮) : જિનશાસનની કીર્તિગાથા, શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ, પાલીતાણા

(૨) દેવલુક નંદલાલ (સં), (૨૦૦૫) : શ્રી ચતુર્વિધસંઘ તવારીખની તેજછાયા, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર

(૩) શ્રી કુન્દકુન્દસૂરિ (સં) (૧૯૯૭) : સ્વાધ્યાય રત્નાવલિ, શ્રી ધર્મધુરંધરસૂરિ સમાધિમંદિર, અમદાવાદ

(૪) કોઠારી અને શાહ (સંપાદકો) (૧૯૯૩) : મધ્યકાલીન ગુજરાતી જૈન સહિત્ય, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ


• • •

# 'શ્રીપાલ રાસ' વિષયક જ્ઞાનખજાનાનું અજોડ-ઉત્કૃષ્ટ વિસ્તરણ

**ऐँ नमः**

सरस्वती मया दृष्टा वीणा पुस्तकधारिणी ।
हंसवाहन संयुक्ता विद्यादान वरप्रदा ॥

હે મા શારદા ! આપના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે આપને પ્રાર્થના કરું છું કે હું આપની કૃપા માટે પાત્રતા પ્રાપ્ત કરી શકું. પ્રસ્તુત શ્રીપાલ રાસ વિભાગ-૧ થી ૫ માં મહાગ્રંથનિધિનું સર્જન એ જ્ઞાનોપાસક શ્રી પ્રેમલભાઈ કાપડિયાનું ભગીરથ કાર્ય છે. આ નૂતન પ્રકાશનની ઉત્તમતાને પ્રસ્થાપિત કરવાનું તો શું ગજું ? છતાં પણ તેનું યથોચિત અવલોકન કરવામાં આપની કૃપા પ્રાપ્ત થાય એ માટે આપને હૃદયપૂર્વક પ્રાર્થું છું.

ઉપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજ તેમજ મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'શ્રીપાલરાસ'ની અલૌકિક રચનાનું ઐશ્વર્ય જાળવીને; મૂળ ગ્રંથના વારસાની ગરિમાને વધારીને અને વિશેષરૂપે સંવર્ધિત કરવાનું મહાયજ્ઞકાર્ય જ્ઞાનપિપાસુ શ્રી પ્રેમલભાઈ કાપડિયા દ્વારા થયું છે. તેમના રોમેરોમમાં શ્રી સિદ્ધચક્રજી - નવપદજી પ્રત્યે ભક્તિની રોમાંચકતા અનુભવાઈ હશે; તેમના હૃદયમાં તે પ્રત્યે

બહુમાનભાવના પૂર છલકાયાં હશે; તેમના ચિત્તમાં શ્રીપાળ - મયણાએ કરેલી સિદ્ધચક્રજીની સાધનાનો અલૌકિક ટંકાર પડઘાયો હશે અને તે રાસને વિશ્વવ્યાપી બનાવવા માટે તેમની ઊર્મિઓ ઝંકૃત થઈ હશે ત્યારે આ ગ્રંથ પ્રકાશન શક્ય બન્યું હશે. અહીં તેઓના પ્રબળ પુરુષાર્થ, શ્રી જૈનશાસન પ્રત્યેનો અપાર પ્રેમ અને મનની ઉદારતાની ત્રિવેણીધારા પ્રગટ થતી જોવા મળે છે.

આપણો જૈનસાહિત્યવારસો એવા ઉત્તમ જ્ઞાનવૈભવથી ગૌરવવંતો બન્યો છે કે તેનાં સ્મરણ, દર્શન અને વાચન-મનનથી ધન્યતાનો અનુભવ થાય. આ પૈકી શ્રી 'શ્રીપાળ રાસ' એવી રચના છે કે સામાન્યતઃ વર્ષમાં બે વખત શાશ્વતી ઓળી પ્રસંગે આ રાસનું વાચન, શ્રવણ અને અનુમોદનનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આ મહિમાને ધ્યાનમાં રાખીને આ મહાગ્રંથનું પ્રકાશન થયું છે. આકાશમાં અનેક ઝગમગતા સિતારા વચ્ચે કોઈ પ્રકાશપુંજ સૌનું ધ્યાન ખેંચે છે. કમલદલથી ભરેલાં જળાશયમાં શ્વેત હંસ જે રીતે મન મોહી લે છે, એ રીતે 'શ્રીપાલ રાસ' પર આ પાંચ ભાગનો ગ્રંથ કોઈ અલૌકિક અનુભૂતિ કરાવે છે.

શ્રી શ્રીપાળ ચરિત્ર પર લખાયેલાં વિવિધ વિવેચનો, તે વિષયક સંપાદનો અને સંશોધનો જાણીતાં છે. પરંતુ અહીં શ્રી પ્રેમલભાઈએ ગજબનો પુરુષાર્થયજ્ઞ માંડ્યો હશે તેની પ્રતીતિ આ ગ્રંથનાં પ્રત્યેક પાન પર થાય છે. જેમ જેમ પઠન થતું જાય તેમ આપણાં બાહ્ય નેત્રોથી કોઈ અવર્ણનીય દર્શન આપણાં આંતર ચક્ષુઓ સુધી પ્રક્ષાલિત થતું અનુભવાય. પાંચેય ભાગમાં મૂકેલી જિનેશ્વર ભગવંતોની તસવીરો પ્રત્યક્ષ દર્શનનો અહોભાવ પ્રગટાવે છે. એ વખતે આપણું મસ્તક ખરેખર નમી જાય છે. આ સમગ્ર કાર્યના અભ્યાસથી થયેલી ભાવાનુભૂતિને વિવિધ પરિમાણોથી પ્રસ્તુત કરું તો કાંઈક અંશે ગરિમા જાળવી શકાશે.

## રચયિતાનો શ્રી સિદ્ધચક્રજી તરફનો અનન્ય ભક્તિભાવ

પ્રસ્તુત ગ્રંથ ગ્રંથ (નિધિ) વાંચતી વખતે સર્વપ્રથમ એ વિચાર આવે કે આપણાં જૈન સાહિત્યનો વિશાળ વારસો છે એમાંથી શ્રી પ્રેમલભાઈએ શ્રી વિનયવિજયજી - શ્રીયશોવિજયજી રચિત 'શ્રીપાલ રાસ'ની પસંદગી શાથી કરી હશે ? આ પ્રશ્નનો ઉત્તર પણ યોગ્ય રીતે જ પ્રાપ્ત થાય છે. ભાગ-૧ની અંદર પ્રસ્તાવનાના પ્રારંભે જ રચનાકારે "ॐ ह्रीं श्री सिद्धचक्राय नमः" કહીને શ્રી સિદ્ધચક્રને મૂળ મંત્રવાળું કહ્યું છે અને અર્હંના ઉજ્જવળ આદ્યબીજ સાથે "सिद्धदयो दिक्षु विदिक्षु" અને અંતિમ બીજ સહિત ચૌપદો - દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનો જયકાર કર્યો છે. "तदहं नमामि" શબ્દો વાંચતા જ આપણી નજર સમક્ષ શ્રી સિદ્ધચક્રયંત્ર દશ્યાંકિત થાય છે.

સારસ્વત રચનાકારની એ જ ખૂબી હોય છે જે સ્વાનુભૂતિને પરાનુભૂતિની પરાકાષ્ઠાએ લઈ જાય. શ્રી સિદ્ધચક્રજી તરફનો તેમનો અહોભાવ એક વાચક-ભાવક તરીકે આપણે પણ પામી શકીએ છીએ, તેથી જ આપણાં મુખમાંથી સ્વાભાવિક જ આ શબ્દો સરી પડે : ધન્યવાદ શ્રી પ્રેમલભાઈના આ ભક્તિભાવને !

આ સચિત્ર ગ્રંથ પ્રકાશનનો આદ્ય હેતુ પણ તેઓ જણાવે છે કે જ્યારે જ્યારે સિદ્ધચક્ર પૂજનમાં જવાનું થયું, ત્યારે ત્યારે તેઓને તે તરફનો ભક્તિભાવ એટલો ઉલ્લસિત થયો કે એક બહુમાન કે આદરભાવના સ્વરૂપે શ્રી સિદ્ધચક્રજીમાં સમાવિષ્ટ નવપદો, તે સંબંધી રહસ્યો, તેની ઐતિહાસિક કથાત્મકતા અને તેની હૃદયપૂર્વકની આરાધનાથી પ્રાપ્ત થતાં ફળ વગેરે વિશે સંશોધન કરવાની પ્રબળ ઇચ્છા થઈ.

એવું કહેવાય છે કે Where there is will, there is way અથવા એમ પણ કહી શકાય કે Will has wings. અહીં પણ એવું

જ બન્યું હશે. ઉપરોક્ત તમામ બાબતો વિશે સંશોધન કરીને, જાણીને, તેનું યોગ્ય સંકલન કરીને, તે વિશેના જ્ઞાનવૈભવને ગ્રંથસ્થ કરવાની ઈચ્છા આ ભગીરથ કાર્યના મૂળમાં સમાયેલી હતી. વિવિધ આધારોના અભ્યાસ પછી વર્તમાન સમયે શાશ્વતી ઓળીમાં જે પ્રચલિત છે તે શ્રીપાલરાસ (ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ તથા ઉપાધ્યાય જે યશોવિજયજી મહારાજ કૃત) જેમાં સિદ્ધચક્રજી તરફની અનન્ય ભક્તિ સમાયેલી છે તે વિષયક પ્રકાશન કરવાનું નક્કી કર્યું.

રચનાકારનો આ અનહદ અનુરાગ અને ભક્તિભાવ સિદ્ધ કરતાં અનેક સંદર્ભો આ ગ્રંથવિધિમાં જોવા મળે છે. ખાસ તો વિવિધ સ્વરૂપે અને વિવિધ માધ્યમો પર આલેખાયેલાં શ્રી સિદ્ધેચક્રજી - નવપદજીનાં યંત્રો ધ્યાન ખેંચે છે. આ આધારો - સંદર્ભો પ્રાપ્ત કરવામાં તેઓએ કેટલી બધી જહેમત લીધી હશે ! ઉદાહરણ રૂપે :

- ભાગ-૧માં નં : ૭ - અષ્ટ નવપદયંત્ર, નં : ૯ - હ્રીંકારમાય શ્રી પાર્શ્વપ્રભુ અને સરસ્વતીયુક્ત મંગળ નવપદજી
  નં : ૩૧ - રજતપત્ર પર અષ્ટાપદની પ્રતિકૃતિયુક્ત શ્રી સિદ્ધચક્રયંત્ર
  નં : ૬૪ - પ્રાચીન હસ્તપ્રત પર અને નં : ૬૭ - શ્રીપાળ-મયણા વંદિત યંત્ર
- ભાગ-૨માં નં : ૧૦૧ - સ્વ-સ્વ વર્ણયુક્ત શ્રી નવપદ યંત્ર
  નં : ૧૬૧ - આરસની દીવાલમાં કોતરેલ કમલાકાર નવપદ યંત્ર (તારંગા તીર્થ)
- ભાગ-૩માં નં : ૨૩૫ - સંગેમરમર નિર્મિત શ્રી નવપદયંત્ર (પાંચ પ્રતિમા સહિત)

• ભાગ-૪માં નં : ૩૦૨ - હ્રીँકારગર્ભિત - વિશિષ્ટ શૈલીવાળું નવપદયંત્ર

• ભાગ-૫માં નં : ૩૯૪ - શ્રી નવપદ યંત્ર (પ્રાચીન)

આ રીતે અહીં દુર્લભ કૃતિઓ મૂકવામાં શોધ-સંશોધનના આધારે મેળવેલા વારસાનું ચયન જોવા મળે છે. પરિણામે પરિકલ્પના વિશુદ્ધ રીતે સાકાર થઈ છે.

**રચયિતાની કલાપ્રિયતા અને સૌંદર્યદૃષ્ટિ**

સંસ્કૃતના એક પ્રચલિત શ્લોકમાં જણાવાયું છે કે સાહિત્ય, સંગીત, કલા વગરનો માણસ પૂંછ વગરના પશુ સમાન છે. આ તો થઈ સામાન્ય જનસમાજ માટેની અપેક્ષા. પરંતુ અંગ્રેજીમાં કહીએ તો : Literature is the light. Art is the sublimity but where

literature and art both are found, it is the sublime light.

આ બાબત આ ગ્રંથસર્જનનું હાર્દ પણ છે. આ માટે ભવ્યાતિભવ્ય તસવીર - ચિત્રો, પટો, દુર્લભ ચિત્રાંકનના નમૂનાઓ, સુંદર અને કલાત્મક કિનારીઓ સાથેની હસ્તપ્રતો, પ્રાચીન સચિત્ર પ્રતો, સિરોહી કલમથી નિષ્પન્ન થયેલી કલાકૃતિઓ, સૌથી ધ્યાનાકર્ષક એવા મુઘલશૈલીનાં ચિત્રો વગેરેએ આ ગ્રંથની કલાત્મકતાને વિશેષ સમૃદ્ધ બનાવી છે. આ કલાનું દર્શન મનને પ્રસન્નતા બક્ષે છે. તેનાથી આ ગ્રંથનો શબ્દ વધારે ઉજાગર બન્યો છે. આપણી વાચનૂયાત્રા આ કલાના કાંગરે કાંગરે અટકી જાય, આ દશ્યાંકનોને મનભરીને માણી લેવા થંભી જવાય એવાં અનેક ઉદાહરણો આપી શકાય એવી વિશાળતા અહીં પડી છે. એમાંના કેટલાક મુકામો આ રહ્યા :

• ભાગ-૧ નં : ૨૨ - રાસરચનામાં મગ્ન મહો. શ્રી યશોવિજયજી મહારાજ... પૃષ્ઠ-૫૪

નં : ૪૪ - ટોળાંને જોઈને વિસ્મિત થયેલા રાજા... પૃષ્ઠ ૧૧૬-૧૧૭

(સમગ્ર દશ્ય મનભરીને માણવાલાયક)

- ભાગ-૨ નં : ૧૩૮ (તમામ) શ્રી સહસ્રકૂટ ગર્ભિત શ્રી શત્રુંજયતીર્થ...પૃષ્ઠા ૩૪૦-૩૪૪

  નં : ૧૫ श्री राता महावीराय नमः .... પૃષ્ઠ ૨૪૬
- ભાગ-૩ નં : ૧૯૪ રાજકુંવરી ગુણસુંદરીનું વીણાવાદન.... પૃષ્ઠ : ૪૯૨
- ભાગ-૪ નં : ૨૮૬ પ્રાચીન હસ્તપ્રત - ઉત્તરાધ્યયનના

  (ઓ. અં) રથનેમીય (૨૨મું અધ્યયન - ૩૭ મૂળ ગાથાઓ) .... પૃષ્ઠ ૭૫૪-૭૫૫
- ભાગ-૫ નં : ૩૬૨ - માલવદેશ - ઉજ્જયિણી નગરી - શકરાજાશાહીની સ્થાપના - ઉન્નતિ માટે આ. શ્રી કાલકસૂરીજી... પૃષ્ઠ ૯૨૬
- પરિશિષ્ટ : ૧૧ - શ્રીપાલરાસ (૧૯મી સદી) દુર્લભ સિરોહી કલમથી નિષ્પન્ન સચિત્ર હસ્તલિખિત દર્શનીયપત્રો... પૃષ્ઠ : ૧૦૯૬
- પરિશિષ્ટ : ૧૨ 'સિરિસિરિવાલકહા' (૧૫મી સદી) દુર્લભ સચિત્ર હસ્તલિખિત પ્રતનાં દર્શનીય પત્રો...પૃષ્ઠ ૧૧૦૪

આ તો માત્ર આઠ-દસ ઉદાહરણો આપ્યાં છે. આ ગ્રંથ આવા ખજાનાથી વિભૂષિત થયો છે. આ.શ્રી અભયશેખરસૂરિજીનું માર્ગદર્શન ઉલ્લેખનીય છે. તેઓના શબ્દોમાં જોઈએ તો-

"જૈનશાસનનું અજોડ અધ્યાત્મ સાહિત્ય, જૈનશાસનના પૂર્વના શ્રાવકોની કલાપ્રિયતા, એ માટેની ઉદારતાને એના પ્રભાવે જૈનશાસનનો સમૃદ્ધ કલાખજાનો. આ બધાનો વિશ્વને એક સાથે

પરિચય મળે એ માટે આજના વિશ્વને ગમે એવી સાજ-સજ્જા સાથે રજૂ કરવામાં દિલની અત્યંત ઉદારતાનો પરિચય આપનાર છે શ્રી પ્રેમલભાઈ કાપડિયા.''

કલાની સૂઝ, કલાપરખ અને કલાની કદર - આ ત્રણેય બાબતોનો અહીં સમાવેશ થયો છે. સામાન્યજીવ બાહ્ય કલા - રૂપ - રંગને સમજશે. જિજ્ઞાસુ બની અંદરનાં ઊંડાણને પામવાનો પ્રયત્ન કરવાની તેમજ સમજ ધરાવનારા કલાત્મક અભિવ્યક્તિના આધારે શ્રી સિદ્ધચક્રજી- નવપદજીની આરાધનામાં વધારે તીવ્ર બને અને પુણ્યાત્મા તરીકે જ્ઞાનની વિશેષ રુચિ ધરાવનારા બને એની કાળજી આ સૌંદર્યદૃષ્ટિમાં પ્રતિબિંબિત થાય છે. ખાસ તો શ્રીપાલ રાસની ગાથાઓનાં વાચન-મનનની સાથે ભાવાત્મક પ્રત્યક્ષીકરણની સંયોજિત અનુભૂતિથી અભિભૂત થઈ જવાય એવી સુખદ ઘટના અહીં ઠેરઠેર પામી શકાય છે. આ ઉપરાંત આ પાંચેય ભાગનાં મુખપૃષ્ઠો, દરેક પાનની સજાવટ વગેરે જોઈને સૌકોઈ આ ગ્રંથો ખોલ્યા વગર ન જ રહી શકે. આ પ્રકાશનની આ તો મોટી સિદ્ધિ છે !

### જ્ઞાનવૈભવની જાહોજલાલી

શ્રી પ્રેમલભાઈએ આ મહાપ્રકાશન અથાગ, અપાર અને અજોડ પુરુષાર્થથી કર્યું છે, તે દર્શાવે છે કે આ જ્ઞાનવિસ્તરણનું મહાસોપાન છે. આ કાર્યમાંથી પ્રગટતી જ્ઞાનાત્મક દિવ્યતા પામવા માટે અહીં પૂરી તક છે. તેઓ શ્રી જણાવે છે કે વર્તમાન સમયે શ્રુત સાહિત્ય તરફ સેવાતી ઉપેક્ષાથી વર્તમાન પેઢીમાં તે તરફની જિજ્ઞાસા ઘટતી જાય છે. એથી એવા પ્રયાસો થવા જોઈએ કે જેથી જ્ઞાનનું સંસ્કરણ થતું રહે. શ્રીપાળ રાસમાંથી પ્રગટ થતાં ચાર અનુયોગો - દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ જ્ઞાનના ક્ષયોપશમની ક્ષમતાની સાથે જોડાયેલાં છે. દા. ત. કથા,

આરાધનાવિધિ, જ્ઞાનાનુષ્ઠાનો અને રિદ્ધિસિદ્ધિ અનુક્રમે કથાનુયોગ, ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ દર્શાવે છે.

પ્રસ્તુત ગ્રંથમાં પણ જ્ઞાનના ક્ષયોપશમની કક્ષાના આધારે બાળ, મધ્યમ અને પંડિત - એમ ત્રણેય પ્રકારના જીવો (વાચકો)ને ધ્યાનમાં રાખીને ગાથાર્થ, ટબો, અનુપ્રેક્ષા, સંદર્ભો વગેરે જોવા મળે છે.

જ્ઞાનનો મંદ ક્ષયોપશમ હોય એ પ્રકારના લોકો એટલે કે બાળજીવો. તેઓને ધર્માભિમુખ બનાવવા માટે કથા અને બાહ્ય આકર્ષણ ઉપયોગી બને. અહીં શ્રીપાળ - મયણાનું કથાનક સરળ અને રસપ્રદ બન્યું છે, ઉપરાંત પ્રભુના ગુણોને પણ સરળતાથી દર્શાવ્યા છે, પરિણામે આવા જીવો શ્રી નવપદજીનો મહિમા સમજી શકે.

જેમના જ્ઞાનનો ક્ષયોપશમ સામાન્ય કક્ષાનો છે એ જીવો મધ્યમ ગણાય. આવા લોકો ધર્મમાં જોડાય અને સ્થિર થવા પ્રયત્નશીલ રહે એ માટે અહીં શ્રીપાળ - મયણા દ્વારા શ્રી સિદ્ધચક્રજીની આરાધના, વિધિ, નિયમોનું પાલન વગેરે બાબતોનું આલેખન થયું છે. દા. ત. જ્યારે તેઓએ નવપદજીની ઓળીનો પ્રારંભ કર્યો ત્યારે જે વિધિ કરી તે માટે 'સિરિસિરિવાલ કહા'માં જણાવ્યું છે :

पढमं तणुमणसुद्धिं, काउण जिणालए जिणच्चं च ।
सिरि-सिद्धचक्क - पूयं अट्ठपयरिं कुणइ विहिणा ॥ २३३ ॥

(ભાગ-૧ પૃષ્ઠ : ૧૭૬)

પ્રથમ તન-મન શુદ્ધિ, જિનપૂજા અને શ્રી સિદ્ધચક્રજીની અષ્ટપ્રકારી પૂજા. આ રીતે વિધિવિધાનોમાં કાળજી વિષયક ધર્મભાવના પ્રગટ કરી છે.

ત્રીજા પ્રકારના વધારે ઊંચી કક્ષાના જ્ઞાનના ક્ષયોપશમવાળા જીવો બાહ્ય બદલે આંતરિક અને તાત્ત્વિક રીતે ધર્મને સમજે છે અને તેમાં જોડાય છે. આવી સુંદર છણાવટ એ જ્ઞાનવૈભવની સાક્ષીરૂપે વર્ણવી શકાય.

આ ઉપરાંત 'શ્રીપાળ રાસ'ના ચારેય ખંડોના કુલ ૧૮૨૫ શ્લોક પ્રમાણ અને ૧૨૫૨ ગાથાઓની સ્પષ્ટ સમજ માટે શબ્દાર્થ સાથે ગાથાર્થ તો છે જ. પરંતુ વિસ્તારમાં અર્થ સમજવા માટે **ટબો** પણ સમાવિષ્ટ છે. ટબો શોધવા માટેની શ્રી પ્રેમલભાઈની જહેમત નોંધપાત્ર છે. આ માટે ૧૭મીથી ૧૯મી સદી સુધીની હસ્તપ્રતોમાંથી સર્વમાન્ય ટબો સ્વીકાર્યો અને જરૂર લાગી ત્યારે અન્ય ટબાઓના પાઠાંતરો પણ પ્રયોજ્યાં છે.

દા. ત. જિનેશ્વર ભગવાન કેવા છે ? આ પ્રશ્નના ઉત્તરરૂપે જે ટબો છે તેમાં જણાવ્યું છે :

"જે તિહું નાણ સમગ્ગ ઉપન્ન....

એહવા જે જગદુપગારી શ્રી જિનજ્ઞાને સહિતને નમિઇં.'

(ભાગ-૪ પૃષ્ઠ : ૮૩૭)

અહીં શ્રી જિનેશ્વર - તીર્થંકર પરમાત્માના સ્વરૂપની વિશેષ જાણકારી મળે છે.

હજુ આટલાથી આ ગ્રંથકારને સંતોષ ન થયો તેથી તમામ પ્રકારના વાચકોની ક્ષમતા અને મર્યાદાઓ પિછાણીને વિવિધ અર્થઘટનો માટે **અનુપ્રેક્ષા** આપવાનો પ્રબળ પુરુષાર્થ જોવા મળે છે. મૂળકૃતિમાંથી પ્રાપ્ત થતાં જ્ઞાનનું યથાયોગ્ય વિસ્તરણ થયું છે. જે પંડિત જીવ છે તેઓ જ્ઞાનના ઊંડાણને પામી શકે એવી વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે. આ બાબત ધ્યાનમાં રાખીને અનુપ્રેક્ષાનું પ્રયોજન થયું છે. આ જીવોમાં પુદ્ગલ આધારિત સુખની પ્રાપ્તિ કરતાં આત્મિક ગુણોની મહત્તા વિશેષ હોય છે. આવા વાચક-ભાવક અને અભ્યાસકની અપેક્ષા સંતોષવાનો ગજબ પુરુષાર્થ અહીં શ્રી પ્રેમલભાઈએ કર્યો છે :

દા. ત. જ્યારે શ્રીપાળકુંવરને લઈને તેમની માતા જંગલમાં જતા હતા ત્યારે સાત સો કોઢિયાઓએ તેમને રક્ષણ આપ્યું. એ સમયે

રાજમહેલમાંથી તેમની શોધ કરતાં ઘોડેસવારો આવી પહોંચ્યાં અને તેમના વિશે પૂછપરછ કરી. કોઢિયાઓએ કહ્યું : "कोई इहां आव्यों नथी रे" (ભાગ-૧ પ્રથમ ખંડ, ઢાળ-૧૦, ગાથા-૨૧) અહીં પ્રશ્ન થાય કે કોઢિયાઓએ મૃષાવાદનો સહારો લીધો એ યોગ્ય છે ? અનુપ્રેક્ષામાં આ બાબત સ્પષ્ટ થઈ છે. દ્રવ્યથી અસત્ય હોવા છતાં ભાવથી સત્ય છે. શાસ્ત્રાર્થ પ્રમાણે જોતાં જેનાથી નિષ્કારણ ષટ્કાયની હિંસા થાય તે ભાષા દ્રવ્યથી અસાવદ્ય હોવા છતાં તે ભાવથી સાવદ્ય કહેવાય છે. અહીં અનુપ્રેક્ષાનાં અનેક સુંદર ઉદાહરણો જોવા મળે છે. ખાસ તો એ બાબત નોંધનીય છે કે વિવિધ વિષયોની ગહનતાને સ્પષ્ટ કરવા માટે તેને અનુરૂપ સંદર્ભોથી આ વિભાગ જ્ઞાનસભર બન્યો છે. આથી કહેવું છે કે જૈન સાહિત્યનું આકાશ તેજસ્વી રચયિતાઓના પ્રદાનથી સુશોભિત છે, પરંતુ શ્રી પ્રેમલભાઈના આ પ્રદાનથી તે અધિક અલંકૃત બન્યું છે.

**રસભોગ્યતા**

પ્રારંભમાં વિદ્યાદેવીને પ્રાર્થના, હૃદયના ઉદ્ગારોથી તેમની સાથે થતું અનુસંધાન અને પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થતાં અલૌકિક ફળ વિશે જણાવાયું છે. આથી સિદ્ધ થાય છે કે આ મહાકાર્ય અન્ય કરતાં કાંઈક વિશેષ છે. આચાર્ય શ્રી અભયશેખરસૂરિજીના શબ્દો : "આ પ્રકાશન પાછળની ઇચ્છા "જીવો વધુને વધુ ઉપાસ્ય તત્ત્વો પ્રત્યે આકર્ષાય" એ રહી છે. એ અનુસાર આ સંશોધન-સંપાદન ઘણું જ ઉપકારક નીવડ્યું છે."

વાચક માત્ર કથાપ્રસંગો વાંચીને મૂકી દેશે નહીં. તેનું મુખ્ય કારણ આ સર્જનમાં રહેલી રસભોગ્યતા છે. શ્રીપાળ-મયણાની શ્રી સિદ્ધચક્રજીની સાધનાનું અને એ પછી શ્રીપાળના જુદી જુદી રાજકુમારી સાથેના લગ્નની પૂર્વશરતોનું રોચકશૈલીમાં નિરૂપણ થયું

છે. નવપદજી સાથે સંકળાયેલાં નવે ય પદનાં અનુસંધાને આપેલાં સંદર્ભો, વિવિધ અધ્યયનો, તે વિષયક તાત્ત્વિક અર્થઘટનો, નવ પદ વિષયક ચિત્રો, જ્ઞાનપદ માટે સંયમસાધકો દ્વારા ઉપાસના, સ્થાવર-જંગમ તીર્થોનાં ચિત્રાંકનો, સંદર્ભગત અવતરણો, દુર્લભ સાહિત્યના ઉલ્લેખો, વિવિધ શૈલીનાં પ્રસંગચિત્રો વગેરેથી સભર પ્રસ્તુત ગ્રંથમાં પાયાની બાબત તેમાંથી પ્રગટ થતો રસવૈભવ છે. આપણે જાણીએ છીએ કે કોઈપણ કૃતિ યા પુસ્તક વાંચવાની શરૂઆત કર્યા પછી ઘણી વખત તેના અંત સુધી પહોંચવામાં વાચકની કસોટી થતી હોય છે. તેનો આધાર રચનાની રસિકતા પર છે. જેમ જેમ તેમાંથી વિવિધ પરિમાણો ભાવક સમક્ષ ખૂલતાં જાય તેમ તેમ રસ ઉત્કૃષ્ટ થતો જાય તો મન પણ પ્રસન્ન થઈ જાય છે. પ્રસ્તુત પાંચેય ભાગમાં છવાયેલા રસના કારણે પ્રથમ પૃષ્ઠથી અંતિમ પૃષ્ઠ સુધીની ભાવયાત્રામાં વાચક રસવિભોર બની જાય એવો ઉત્તમોત્તમ રસવૈભવ અહીં જોવા મળે છે.

**ગ્રંથ સજાવટ અને વિભાગીકરણ**

હાથમાં પુસ્તક આવે અને અંદરનાં પાન ખોલવાની ઉત્સુકતા અનુભવાય, બહારથી આવું સુંદર તો અંદર તો કેવું હશે ! ની આહ્‌લાદક ભાવના જન્મે એ જિજ્ઞાસા જ જે તે પુસ્તક પ્રકાશનની પ્રથમ સફળતા. આ દૃષ્ટિએ જોઈએ તો પ્રસ્તુત ગ્રંથ સાહિત્યનો ભાગ-૧ હાથમાં લેતાં જ તેનાં આવરણ - મુખપૃષ્ઠની કલાકૃતિની દિવ્યતા સ્પર્શી જાય છે. હંસવાહિની - મા સરસ્વતીની દર્શનીય આભાયુક્ત તસવીર-ચિત્રથી ધન્યતાનો અનુભવ થાય છે. સાથે શ્વેત હંસનું પાવનકારી સ્વરૂપ જોઈ મન એટલી ઘડી પરમ શાતામાં સ્થિર થઈ જાય છે. પછી તો અંદરના દર્શનીય જિનેશ્વર ભગવંતોનાં નયનરમ્ય ચિત્રો, લેખન અને શૈલી, ઉદાહરણો, રેખાંકનો, કથાનક અને તે સંબંધી પ્રસંગપટ, મૂળ ગાથા-હસ્તપત્રો વગેરે જોતાં-વાંચતાં

અને અહોભાવથી દર્શન કરતાં કરતાં પાંચમાં ભાગના અંતિમ પાન સુધી પહોંચવા મન ઉતાવળું થઈ જાય એવો અનુભવ સૌ કોઈને થાય એ જ બહુ મોટી સિદ્ધિ છે. ગ્રંથનો lay out, દરેક પાનની કિનારીની સજાવટ, વિવિધ શૈલીનાં ચિત્રો વગેરેથી સજાવટ સુંદર બની છે.

પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવામાં કઠિન પરિશ્રમ અને વિપુલદ્રવ્યરાશિ સાથે ભક્તિસભર ઉત્સાહ પ્રગટ થાય છે. ઉચ્ચ ગુણવત્તાવાળા કાગળમાં પણ સાત્ત્વિકતા જાળવી છે.

પાંચ ભાગમાં પ્રકાશિત આ ગ્રંથની અનુક્રમણિકા રચવામાં પણ વાચકની સરળતા વિશે ધ્યાન અપાયું છે. પ્રથમ ભાગમાં પાંચેય ભાગમાં સમાવિષ્ટ સાહિત્યની ઝાંખી થઈ જાય એ નોંધપાત્ર બાબત છે. દરેક ભાગમાં પ્રકરણ, ગાથા સંખ્યા, વિષય અને પૃષ્ઠાંકના અભ્યાસથી તદ્દન સરળતાથી વાચક જે કાંઈ મેળવવું છે, તે મેળવી શકે છે. દરેક ભાગના અંતે જે તે ભાગમાં ઉપલબ્ધ ચિત્રોનું સૂચિપત્રક છે. જેમાં જે તે ચિત્ર વિશે ટૂંકી છતાં જરૂરી અને ઉપયોગી માહિતી આપી છે. આ માટે પાંચ પરિશિષ્ટો ઉમેર્યાં છે. (દરેક ભાગનું એક) વળી કુલ પૃષ્ઠ સંખ્યા માટે સળંગ પૃષ્ઠાંકન અને તમામ પરિશિષ્ટોનું ટૂંકમાં વિવરણ પણ પ્રથમ ભાગમાં મળે છે.

ઋણ સ્વીકારમાં શ્રી પ્રેમલભાઈ કોઈને ભૂલ્યા નથી એવું પ્રતિત થાય છે. ઉપકારક ગુરુ ભગવંતોથી શરૂ કરીને વ્યક્તિગત અને જે જે સંસ્થાઓ પાસેથી જે કાંઈ મેળવ્યું છે તે તે નામ અને સાહિત્યિક અને ચિત્રિત સામગ્રી વિશે જણાવ્યું છે.

સમગ્ર ગ્રંથમાં જે કોઈ પાત્રો અને સ્થાન સમાવાયાં છે તેનો પરિચય પ્રથમથી મળી રહે એવી વ્યવસ્થા પણ પ્રથમ ભાગમાં થઈ છે.

પાંચમો ભાગ તો સજાવટની દૃષ્ટિએ ઘણોજ વિશિષ્ટ બન્યો છે. ધાતુના પાવન તેજોમય પ્રતિમાજીઓની ઉત્તમ ફોટોગ્રાફી મનોહર બની છે. તેમજ દરેક ભાગમાં વિવિધ તીર્થોમાં રહેલા

પ્રતિમાજીઓના દર્શનથી પણ ધન્ય થઈ જવાય છે. પંચ પરમેષ્ટિનાં પદો સાથેનાં ચિત્રો સંકલિત થયાં છે તેમાં ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજીના ચરણપાદુકા, ૧૬ થઈ ૧૮મી સદીના અમદાવાદ ‘સાહેબખાની’ નામના દેશી કાગળ પર મહારાષ્ટ્રીયન દેવનાગરી લિપિમાં કાળી શાહીથી પરમ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા હસ્તલિખિત પત્રો, સાધુના આચાર દર્શાવતો ૧૮૦૦૦ શીલાંગયુક્ત રથ, દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપપદો માટેની ચિત્રકૃતિઓથી આ ભાગ સુશોભિત થયો છે.

ઉપરાંત પરિશિષ્ટ ૬ થી ૧૪ જોતાં આ મહાકાય ગ્રંથના રચયિતાના પરિશ્રમ અને ગોઠવણી માટેની સૂઝના દર્શન થાય છે. એમાં પણ શ્રીપાલરાસની મૂળ ગાથાઓ સળંગ રાસ સ્વરૂપે મૂકી છે તેથી તેનું ઉપયોગિતામૂલ્ય વધી જાય છે. (પરિશિષ્ટ-૯માં)

આમ પ્રકીર્ણક સાથે સમગ્ર ગ્રંથસજ્જા અને વિભાગીકરણ ધ્યાનાકર્ષક બન્યાં છે. ઉત્તમ પ્રકાશન કેવું ઉચ્ચ કોટિનું બની શકે એનો અદ્ભુત ખજાનો અહીં આપણને પ્રાપ્ત થયો છે.

અતિ પ્રસન્ન બાબત તો એ છે કે આ ગ્રંથનાં ભક્તિ સાહિત્યનું વિદેશોમાં પણ વિસ્તરણ થાય અને જગત જૈનધર્મની અજોડ સાહિત્યિક - મૂલ્યનિષ્ઠ અને કલાત્મક સંસ્કારિતા પામી શકે એ માટે હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ પ્રસ્તુત મહાકાય ગ્રંથનું ટાઈપિંગ અને સંકલન થયું છે. આટલી ઉજાગર પ્રકાશન સેવા બદલ રચનાકાર માટે ધન્યવાદના કોઈ પણ શબ્દો ઊણા ઉતરે.

**ગ્રંથકારની ગુણગરિમા**

કોઈ પણ રચનાનું સાંગોપાંગ વાચન, ભાવન અને ઊંડાણમાં અધ્યયન થાય તો તેના સર્જકનાં વૈયક્તિક પાસાંઓ પ્રગટ થાય છે. ભલે સર્જક વચ્ચે સીધા પ્રવેશ ન કરે, તો પણ તેમની એક અનોખી

છબી તેમાંથી આકાર પામે છે. પ્રસ્તુત ગ્રંથમાં આ બાબત સુપેરે સિદ્ધ થઈ છે. અહીં તેની આછી ઝલક પ્રસ્તુત કરવામાં અતિશયોક્તિ નહીં લાગે.

**જ્ઞાન પ્રત્યેનું બહુમાન**

શ્રી પ્રેમલભાઈની જ્ઞાનપિપાસા વિશે અગાઉ પણ નોંધ્યું છે. શ્રી સિદ્ધચક્રજી - નવપદજી તરફનો તેમનો અપ્રતિમ અહોભાવ જેમ જેમ પ્રબળ બનતો ગયો તેમ તેમ એ ભાવ અન્ય પણ અનુભવે; એવી અભિવ્યક્તિ પામે અને એ જ્ઞાનવૈભવ વારસારૂપે ભાવિ પેઢીઓમાં હસ્તાંતરિત થાય એવા ઉમદા ભાવનું આ ગ્રંથ પ્રતિબિંબ છે. આ મહાકાર્ય જ તેમની જ્ઞાન પ્રત્યેની ઉત્તમ ભાવના પ્રસ્થાપિત કરે છે. આ માટે સંદર્ભ સાહિત્ય દેશભરમાંથી મેળવવાનો અજોડ પુરુષાર્થ કેવી સુંદર રીતે ફલિત થયો છે એ દેખાય છે. શ્રીપાળ-મયણાના કથાપ્રસંગો સાથે સાથે ગૂઢ તાત્ત્વિક બાબતો વિષયક વિવરણનો અભ્યાસ સર્જકની જ્ઞાનપિપાસા દર્શાવે છે. જ્ઞાન મેળવવું એ સાથે એની પ્રત્યે બહુમાનભાવ કેળવવો એ બહુ મોટી વાત છે. આ માટે પ્રસ્તુત ગ્રંથ ઉત્તમ ઉદાહરણ બન્યો છે.

**વિનમ્રતા :** ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી - શ્રી યશોવિજયજી કૃત શ્રીપાલ રાસ ઉપર આ ભગીરથકાર્ય કરવા માટેનાં કારણો દર્શાવવામાં, આ યજ્ઞકાર્ય માટે જે જે ગુરુ ભગવંતોનો, જે જે સંસ્થાઓનો અને જે જે વ્યક્તિઓનો સહયોગ સર્જકને પ્રાપ્ત થયો એ પ્રત્યે પૂર્ણ અને ભાવથી તેઓના બહુમાન સાથે આભારયુક્ત અહોભાવ પ્રગટ થયો છે. પૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવચન્દ્રજી મહારાજના અનન્ય ઉપાસક એવા શ્રી પ્રેમલભાઈએ તેઓ શ્રી વિશે તો ચોવીસી સન્દર્ભે અલગ દળદાર પ્રકાશન તો કર્યું જ છે, પરંતુ પ્રસ્તુત ગ્રંથમાં પણ સર્જકનો તેઓશ્રી પ્રત્યે વિનમ્ર ભક્તિભાવ પ્રગટ થયો છે. એ

જ રીતે આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરીજી તરફનો અધ્યાત્મભાવ સવિશેષ હોવાથી આ પ્રકાશન તેઓશ્રીના ગુરુ મંદિરના પ્રતિષ્ઠાના દિવસે જ કર્યું. આ બાબત પણ વિનમ્રતાના ગુણને પ્રસ્થાપિત કરે છે. ગુરુ ભગવંતોના અનન્ય ઉપકાર માટે "णमो उवज्झायाणं" શબ્દો પ્રયોજ્યા છે. વળી દરેક ચિત્ર કે અન્ય સામગ્રીની સાથે જે તે સંદર્ભનો પણ ઉલ્લેખ કર્યો છે.

**સામગ્રી ગોઠવણીની અનેરી સૂઝ :** જ્યારે આપણી પાસે વિપુલ જથ્થામાં સામગ્રી ઉપલબ્ધ હોય ત્યારે તેને કઈ રીતે પ્રદર્શિત કરવી, ક્યાં ક્યાં ગોઠવવી અને તેનું યોગ્ય ચયન જેવી બાબતોમાં જો સૂઝ અને તાર્કિકતા ન હોય તો તે સામગ્રીના જથ્થાનો ભાર લાગે છે. પ્રસ્તુત ગ્રંથમાં રચયિતાએ મૂળગ્રંથના દરેક ખંડ, ઢાળ, ગાથા અને શબ્દોને ધ્યાનમાં રાખીને તેના આધારભૂત સંદર્ભો, ચિત્રો અને પત્રોની ઉચિત ગોઠવણી કરી છે. દા. ત. નવપદ પ્રમાણે દરેક પદને અનુરૂપ ચિત્રો, ચિત્રાંકનો, પટો તેમજ સંદર્ભો ગોઠવાયાં છે. ઉપરાંત કથાનાં પ્રસંગચિત્રોનું ચયન અને ગોઠવણ તાર્કિક-કલાત્મક સૂઝથી થયાં છે.

**પ્રમાણભૂતતા અને પ્રામાણિકતા :** આવા ભગીરથ કાર્ય માટે સંશોધન અને સંપાદન મહામુશ્કેલ છે. જે સામગ્રી મળે તે પૂર્ણતયા વિશ્વસનીય છે કે નહીં તેની ચકાસણી કરવી ઘણી જ જરૂરી હોય છે. જ્યાં શંકા લાગે ત્યાં બહુમતીય સ્વીકૃતિનો આધાર લઈને કામ થાય. પ્રસ્તુત ગ્રંથમાં આ બાબત સિદ્ધ થઈ છે. રચનાકારે સંદર્ભ સાહિત્યને સંશોધનની એરણ પર ચડાવીને, સિદ્ધ કરીને તે ખપમાં લીધું છે. આ બાબતની જો નોંધ ન લઈએ તો અનુભાવક તરીકે આપણે ઊણા ઉતરીએ.

વળી સાહિત્ય જગતમાં સાહિત્યચોરીની ઘટનાઓ પણ બને છે. સર્જકની પ્રામાણિકતાની બાબત બહુ જરૂરી હોય છે. શ્રી પ્રેમલભાઈએ તમામ ચિત્રો તથા સંદર્ભો માટે ગ્રંથની નાનામાં નાની

માહિતી માટે પ્રામાણિકતાને નિભાવી છે. જે સ્વરૂપે જે પ્રાપ્ત થયું તેની સાદર નોંધ પણ લીધી છે. આ માટે આપણને પણ ગૌરવ થાય એવું બન્યું છે.

**ઔદાર્ય :** શ્રી પ્રેમલભાઈ ઉદાર લાગણી પ્રસ્તુત પ્રકાશનમાં જોવા મળી. આવા ઉત્તમ જ્ઞાનખજાનાને, દુર્લભ કાર્યને હૃદયની ઉદારતાથી શાસનને સુપ્રત કરવાની ઘટના જૈન સાહિત્ય પ્રકાશનના ઇતિહાસમાં સુવર્ણઅક્ષરે અંકિત થશે. પ્રકાશન સામાન્ય હોય તો પણ કઠિન બને છે. જ્યારે આ તો મહાગ્રંથનું ઉત્તમ કોટિનું દુર્લભ પ્રકાશન છે. આ માટે વિપુલ ધનરાશિની ગંગા વહાવીને ઔદાર્યનું અનુપમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વૈશ્વિક સ્તરે અને વર્તમાન તેમજ ભાવિ પેઢી આ શ્રુતખજાનાથી લાભાન્વિત થાય એવી અંતરની ઇચ્છાને સાકર કરવાની ઉદાર દૃષ્ટિ પણ અહીં જોવા મળે છે. આ માટે ક્યાંય કોઈ કચાશ ન રહે તેનો પૂરો ખ્યાલ પણ રખાયો છે. ધન્ય છે આવા ઔદાર્યને ! ધન્ય છે આ પાછળના સર્જકના ભક્તિભાવને !

આમ વિવિધ પરિમાણોથી સર્જકનું વ્યક્તિત્વ અહીં પ્રતિબિંબિત થયાં છે. તેમાં પરિશ્રમ પ્રત્યે ગૌરવની લાગણી પણ પ્રગટ થાય છે.

અંતમાં પ્રસ્તુત ગ્રંથનું અનુભાવન પણ મનને પ્રસન્ન કરે છે. આવો ભવ્ય-દિવ્ય સાહિત્ય-કલા સંયોજનનો વારસો મળ્યો એ પરમ સૌભાગ્ય છે. વ્યક્તિગત રીતે જ્ઞાનની ઉપાસના માટે આધારભૂત અમૂલ્ય પ્રદાન પ્રાપ્ત થયું એ માટે કોઈ દિવ્યકૃપા જ ગણી શકાય.

જે વાચક આ મહાગ્રંથનું અધ્યયન કરશે એનું તો નસીબ ખૂલી જશે. કારણ કે તેમાંથી જે કાંઈ પામી શકશે એ અનન્ય અને ઉપાકારક હશે.

ધન્યવાદ આ મહાગ્રંથના સર્જક શ્રી પ્રેમલભાઈને ! ભવિષ્યમાં આથી વિશેષ જ્ઞાનખજાનો આપણને જરૂર પ્રાપ્ત થશે.

• • •

# મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય

પ્રસ્તુત વિષયની શરૂઆત પ્રખર વિદ્વાન શ્રી જયંત કોઠારી (૧૯૯૩)ના વિધાનથી કરવાનું ઉચિત લાગે છે. "મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યની વિપુલતા ઊડીને આંખે વળગે એવી છે."

ધર્મની તાત્ત્વિક બાબતોને સમજાવનારું મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય એ સિદ્ધાંતોને સમર્થન આપનારું દસ્તાવેજી સાહિત્ય ગણી શકાય. આ દૃષ્ટિએ જોતાં મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય એ સાહિત્યના ઈતિહાસમાં કેટલાંક સીમાચિન્હોને અંકિત કરે છે. આ સમયે પ્રતિભાવંત, ઓજસ્વી અને અત્મિક ઉન્નતિ ધરાવનારા નામાંકિત જૈન સાધુકવિઓ (મોટાભાગે) દ્વારા થયેલાં સાહિત્ય-સર્જનનો અજોડ પ્રભાવ આજે પણ જોવા મળે છે.

'જેનિઝમ' નામના જર્મનગ્રંથના અનુવાદ 'જૈનધર્મ'ના સાહિત્ય વિભાગમાં જણાવ્યા અનુસાર આ સમયનાં કાવ્યશાસ્ત્રો અથવા કથા સાહિત્યમાં એટલું કલાત્મક પાસું જોવા મળે છે કે જેમ મેઘદૂતમાં શબ્દકલા ધ્યાનાકર્ષક બને છે, એ રીતે સાહિત્યસર્જકોએ ગુજરાતી સાહિત્યના ઈતિહાસને અલંકૃત કર્યો છે. દા.ત., શ્રી યશોવિજયજી 'જંબૂસ્વામી રાસ'માં જંબૂસ્વામીનું એક સુંદર શબ્દચિત્ર આપે છે. તેઓ જ્યારે ન્હાય છે, ત્યારે તેનું વર્ણન કરતાં શ્રી યશોવિજયજી નીચેની શબ્દગૂંથણી આપે છે :

"નીચોઈનું પાણી રે, નાહ્યા જંબૂ શિર જાણી રે,
લોચ ઢૂકડો માનું એકેશ આંસુ ઝરે રે"

અહીં કેશમાંથી નીતરતાં પાણીથી એવું લાગે છે કે જાણે લોચ નજીક જાણીને કેશ પોતે આંસુ સારી રહ્યા છે. આમ, અહીં ભાવિ કથાઘટનાનો સંકેત જોવા મળે છે. આવી ભાષાગૂંથણીનાં તો અનેક ઉદાહરણો મળે છે.

એવું પ્રતિપાદિત થયું છે કે રચનાવર્ષ ધરાવતી સૌ પ્રથમ જૈન કૃતિ શાલિભદ્રસૂરિનો 'ભરતેશ્વર બાહુબલિ રાસ' (ઇ. સ. ૧૧૮૫) છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઇ.સ. ૧૯૭૬માં પ્રકાશિત થયેલો ગ્રંથ-'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ખંડ બીજો' એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો બૃહદ્ઈતિહાસ છે, જેમાં જૈન સાહિત્યની સ્થિતિનો નિર્દેશ થયેલો છે.

એ જ રીતે 'જૈન ગૂર્જર કવિઓ' (સં. મોહનલાલ દ. દેસાઈ) અને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ એવું હસ્તલિખિત સાહિત્ય એ ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન સૂચવે છે. મધ્યકાલીન સાહિત્યમાં ઘણો સમૃદ્ધ વારસો મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે.

**મધ્યકાલીન જૈન સાહિત્યની વિશેષતાઓ**

સાહિત્યનાં જતન માટે જૈનોનો પુરુષાર્થ અલગ તરી આવે છે જૈન ગ્રંથાલયોમાં આ વારસો સારી રીતે જળવાયેલો માલુમ પડે છે. એવું કહેવાય છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ રચવામાં જૈન સાહિત્યનો ફાળો નોંધપાત્ર છે. એ વાત કહેતા ગૌરવ થાય છે કે આ ગ્રંથભંડારોમાં જૈનેતર કૃતિઓ ઉપરાંત સર્વ સામાન્ય રસના વિષયો જેવા કે જ્યોતિષ, આયુર્વેદ, કાવ્યશાસ્ત્ર, અન્ય દર્શન સાહિત્ય વગેરે પણ જોવા મળે છે. આ સાહિત્યનો વિપુલ અને સમૃદ્ધ સંસ્કારવારસો અતિતના ગૌરવસમો ભાસે છે, કારણ કે આ સમયમાં રચાયેલાં સાહિત્યનું પ્રકારવૈવિધ્ય પણ જાણવા જેવું છે. રાસ, ગરબો,

ગરબી, હમચડી, પૂજા, સ્તવનો, સ્તોત્ર, સ્તુતિ, પાલણું (હાલરડું), ઉખાણાં, સંવાદ, છંદ, ઢાળિયાં, બત્રીશી, છત્રીશી, બાલાવબોધ વગેરે. આ ઉપરાંત પણ અન્ય ઘણા પ્રકારોની ઉત્કૃષ્ટ રચનાઓથી આ વારસો વૈવિધ્યસભર બન્યો છે.

ગુજરાતી સાહિત્યકોશમાં ૭૫% જેટલું જૈન કવિઓનું પ્રદાન (મધ્યયુગમાં) હોય તેવું જાણવા મળે છે. એમાં પણ સાધુકવિઓનું પ્રમાણ વિશેષ છે. રાજસ્થાન તરફના કવિઓએ પણ વિશેષ સર્જન કર્યું છે. શ્રી યશોવિજય, શ્રી જિનહર્ષ, શ્રી સમયસુંદર, વીરવિજય જેવા સર્જકોએ તો કાવ્ય, ન્યાય, છંદ, વ્યાકરણ, જ્યોતિશાસ્ત્ર વગેરે વિષયોના સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં અનુવાદો થયેલા છે. છંદોનો સમૃદ્ધ વારસો એ એ સમયની જૈનકૃતિઓ માટે ગૌરવગાથા ગણી શકાય.

**મધ્યકાલીન જૈન કવિતા.** મધ્યકાલીન જૈન સાહિત્યમાં ધ્યાન ખેંચે એવું જો કોઈ સાહિત્ય સ્વરૂપ હોય તો તે કવિતા છે. જીવનચિંતન, કથાસામગ્રી, વર્ણનો જેવું સાહિત્ય અને વૈવિધ્યસભર કવિતાઓ આ યુગના કવિઓની દેણ છે. તેમાં યશોવિજયજી, લાવણ્યસુંદર, સમયસુંદર, ઋષભદાસ, ઉદયરત્ન, જયવંતસૂરિ, દીપવિજય વગેરે કવિઓએ આપેલું પ્રદાન નોંધપાત્ર છે. એમાં પણ શ્રીઆનંદઘનજીનાં પદો અને સ્તવનો સુપ્રસિદ્ધ છે. 'આનંધઘન ચોવીશી'માં કર્મસિદ્ધાંત, જ્ઞાન-દર્શન ભેદ, મનની દુર્જેયતા, છ દર્શનો, સમજણ વગરના ક્રિયાકાંડ તરફ અણગમો, સુક્ષ્મ નિગોદ, જીવોના ભેદ વગરનું કાવ્યાત્મક નિરૂપણ વાચકોને જૈનધર્મનું સાચું દર્શન કરાવે છે. નીચેની પંક્તિઓ જુઓ :

"તુમ જ્ઞાન વિભો ફૂલી વસન્ત, મનમધુકર રંહી સુખ સો રસન્ત,
દિન બડે ભયે વૈરાગ્યભાવ, મિથ્યામતિ - રજનીકો ધરાવ."

હિન્દી અને વ્રજભાષાનાં સુંદર પદો આપનાર આ મહાકવિ વિશે એમ કહેવાયું છે કે "ઘોર અંધારી રાતે નિર્જન અટવીમાં

અથડાતાં મુસાફર કરતાં પણ સત્યશોધકની વિહ્વળતા અનેકગણી તીવ્ર અને જાજરમાન હોય છે. પ્રકાશ ! વધુ પ્રકાશ !" તેમની સત્યશોધકતા આવા મુસાફર જેવી હતી.

એ જ રીતે પ્રખર પંડિત, મહા વિદ્વાન અને ગ્રંથકાર કવિશ્રી યશોવિજયજીનું પણ પ્રદાન નોંધપાત્ર છે. અધ્યાત્મ-જ્ઞાની કહે છે કે આનંદઘન જેવા પારસમણિ મળવાથી પોતે લોહ મટીને કંચન થયા છે. વિદ્વાન લેખક અને સમીક્ષકશ્રી જયંત કોઠારી કહે છે કે ઉપાધ્યાય યશોવિજયજી મધ્યકાલીન સાહિત્યાકાશના એક અત્યંત તેજસ્વી સિતારા હતા. તેઓ શ્રીએ સંસ્કૃત પ્રાકૃતમાં અનેક ગ્રંથોની રચના કરી જેમાં તેમનાં તાર્કિક વિચારો, અલંકાર રચના, ભાવચિત્રો, પ્રેમભક્તિનો ભાવ અને પદાવલિ-પ્રભુત્વ અદ્ભુત છે. થોડાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :

"ચિત્ત માહીં અણગમતું શુકલધ્યાનનું પૂર
બાહિર આવી લાગ્યું, ઉજ્જ્વલ માનું કપૂર." (જંબૂસ્વામી રાસ)

"વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે,
જિમ સુર માંહી સુરપતિ પરવડો રે.

..................................
જિમ ચંદન તરુંમાંહી..............." ('પાર્શ્વજિન સ્તવન')

"નીંદ ન આવઈ ઝબકી જાગું રે
પૂરવ દિસિ જઈ જોવા લાગું રે
રોતાં દીસે રાતડી નયણે રે..." (રાજુલ વિરહ)

આમ, કવિત્વનું દર્શન કરાવતી આ રચનાઓએ આ યુગને ઉજાગર કર્યો છે. આ ઉપરાંત શ્રી હીરાણંદસૂરિની કૃતિઓ 'સ્થૂલિભદ્ર બારમાસા', 'અઢાર નાતરાંની સજ્ઝાય', 'કર્મવિચાર ગીત' તેમના અનુગામીઓ માટે પ્રભાવક બની છે. લાવણ્યસમયની રચના 'વિમલપ્રબંધ' જૈન મધ્યકાલીન સાહિત્યમાં ગણનાપાત્ર કૃતિ છે.

'નેમિનાથ હમચડી'માં સુંદર ગીતલય છે. અર્થાલંકારોનું ઉદાહરણ તો જુઓ :

"જસ મુખ - અરવિંદો ઉગીઉ કઈ દિણંદો
કિરિ અભિનવ ચંદો પુન્નિમાનઉ અમંદો" (વાસુપૂજ્ય પ્રશસ્તિ)

અધ્યાત્મી, મસ્ત, આત્મલક્ષી અને અપૂર્વવાણીના બાદશાહ શ્રી આનંદઘનજી વિશે મહાત્મા ગાંધીજીએ લખ્યું છે "મીરાંના ઉદ્ગારમાં કૃત્રિમતાનું નામ સુદ્ધાં નથી. મીરાંથી ગાયા વિના રહી શકાયું નહીં માટે, સીધું હૃદયમાંથી નીકળ્યું છે, કુદરતી ઝરણાંની પેઠે જાણે ફૂટી નીકળ્યું ન હોય ! લોકોની વાહવાહ મેળવવાના હેતુથી થોડું એમણે ગાયું હતું ? પદનો આ હેતુ થોડો હતો ?" આ વાત આનંદઘનજીનાં પદોને બરાબર લાગુ પડે છે. એટલું નિશ્ચિત છે કે મીરાંબાઈ, નરસિંહ, કબીર, સુરદાસ વગેરે જૈનેતર સંતોનાં પદોનું સાહિત્ય અમર છે, તે પ્રમાણે આનંદઘનજીના સ્તવનો અને પદોનું સાહિત્ય માત્ર જૈન સાહિત્યમાં જ નહીં, પણ સમસ્ત ભારતીય સાહિત્યમાં ઉચ્ચ સ્થાન લઈ શકે તેમ છે.

ઉપરોક્ત કવિઓ ઉપરાંત પંડિત કવિશ્રી જયવંતસૂરિ, સમયસુંદર, જ્ઞાનવિમલસૂરિની રચનાઓમાં પણ વિષય વૈવિધ્ય, કથાત્મક રચનાઓ, રાસ, રૂપકકથાઓ, સ્તવનો સજ્ઝાયો અને પદોનો સમાવેશ થાય છે. વિશેષ નોંધપાત્ર રચનાઓમાં પદકવિતા અને હાલરડાંઓ નોંધપાત્ર છે. શ્રી દીપવિજય કવિનું હાલરડું વિશેષ પ્રખ્યાત છે. *મહાવીર સ્વામી જેવા તીર્થંકર પુત્રને પામીને માતા ત્રિશલા ગાય છે:*

"મારી કૂખે આવ્યા તારણતરણ જહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ"

આવો વિપુલ કાવ્યવારસો મધ્યયુગીન ગુજરાતી જૈન કવિઓએ આપ્યો છે.

**ફાગુ કાવ્યો :** જૈન ફાગુકાવ્યો પણ આ સમયના સાહિત્યની વિશેષતા છે. સૌ પ્રથમ ફાગુકાવ્યો જૈન કવિઓની રચના હોવાનું મનાય છે. 'જનચંદ્રસૂરિ ફાગુ' અને 'સ્થૂલિભદ્ર ફાગુ' અનુક્રમે ઈ. સ. ૧૩૦૦ અને ૧૩૪૦ની આસપાસ રચાયાં છે. 'ફાગ' એ ગાવા કરતાં ખેલવાનો કાવ્ય પ્રકાર છે. એટલે કે તેમાં નૃત્યકલા જોડાયેલી છે. એટલે તેમાં ઋતુવર્ણન સવિશેષ જોવા મળે છે. નેમ-રાજુલ વિષયક ફાગુકાવ્યો વધારે લખાયાં છે. મુખ્યત્વે માલદેવ, પ્રસન્નચંદ્રસૂરિ, રત્નમંડળ ગણિ, ધનદેવગણિ રચિત ફાગુકાવ્યો વિષય વિસ્તાર અને રચનાની દૃષ્ટિએ ઉત્તમ છે. એ જ રીતે ફાગુકાવ્ય અંતર્ગત 'બારમાસા' કાવ્યો પણ લખાયાં હતાં. કપૂરવિજયકૃત 'નેમરાજુલ બારમાસા' સુપ્રસિદ્ધ છે.

આ ફાગુ કાવ્યોની મુખ્ય વિશેષતા પણ ધ્યાન ખેંચે તેવી છે. આ કાવ્યોના રચયિતાઓ મુખ્યત્વે સાધુ ભગવંતો હતા. તેઓ તો સંસારથી વિરક્તભાવે રંગાયેલા હોય. એટલે તેમની ફાગુ રચનાઓનો હેતુ ધર્મબોધ અને ધર્મમહિમા ગાવાનો હતો. આથી જ તેમાં શૃંગારનું નિરૂપણ આવે તો પણ તેનું પરિણામ તો ભાવોની ક્ષપકશ્રેણિમાં એટલે કે વૈરાગ્યભાવોમાં થાય. જૈનેતર ફાગુ કાવ્યોમાં કથાનાયક શૃંગારકરસથી આલેખાયા હોય. અહીં તો નાયકો સંસારી પુરુષો નથી, તેથી તેઓમાં વૈરાગ્યનું પ્રતિપાદન થયું હોય તે સ્વાભાવિક છે. દા.ત. નેમિનાથ જેવા તીર્થંકર કે પછી સ્થૂલિભદ્ર જેવા મુનિવર આ કથાનાયકો છે. કેટલાંક અપવાદો છે, પરંતુ વૈરાગ્યબોધક ઉપમાનો વિશેષ છે. આ કાવ્યોમાં આંતરયમકવાળાં, રોળા, રાસ, અઢૈયું, ઝૂલણાં યા દેશી ઢાળો પ્રયોજાયાં છે. આધુનિક સમયમાં ફાગુકાવ્યોનો પ્રકાર લુપ્ત થયેલો જણાય છે.

**મધ્યકાલીન જૈન ગદ્ય સાહિત્ય.** કાવ્ય ઉપરાંત આ યુગના જૈન ગદ્ય સાહિત્યમાં કથાઓનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. તેમાં પૌરાણિક

ચરિતાત્મક, લોકકથાત્મક અને સંગ્રહરૂપ એમ ચાર વર્ગો પડે છે. દેવપ્રભસૂરિકૃત 'પાંડવચરિત્ર', શુભચંદ્ર રચિત 'જૈન મહાભારત' ઉપરાંત બાહુબલિ, નાગકુમાર, સુલોચના વગેરે પાત્રોની કથાઓનું આલેખન થયું છે. અદ્ભુતરસિક અને પ્રેમકથાત્મક અંશો ધર્મસંસ્કાર પામીને આલેખાયાં છે. લુપ્ત થયેલી પ્રાકૃતમાં લખાયેલી પાદલિપ્તકૃત 'તરંગલોલા' અને સંસ્કૃતમાં લખાયેલી 'તરંગવતી' આ પ્રકારનાં ઉદાહરણો છે.

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં પૂર્ણ ગદ્યકૃતિ ઓછી જોવા મળે છે. સંસ્કૃત - પ્રાકૃત ધર્મગ્રંથોના અનુવાદો થયા છે. તેને 'ટબા-સ્તબકો' કહી શકાય. 'બાલાવબોધો' વધારે પ્રમાણમાં લખાયા છે. મેરુતુંગસૂરિનું 'વ્યાકરણ ચતુષ્ક બાલાવબોધ' (૧૪૧૫), સાધુરત્નસૂરિનું 'નવતત્ત્વવિવરણ બાલાવબોધ' (૧૪૫૬ આસપાસ), સોમચંદ્રસૂરિનું 'ભક્તામરસ્તોત્ર બાલાવબોધ' સારી પ્રસિદ્ધિ પામ્યા છે. 'સંગ્રહણી', કલ્યાણમંદિર, 'કલ્પસૂત્ર', 'શત્રુંજયસ્તવન બાલાવબોધ', 'ક્ષેત્રસમાસ', 'ષડાવષ્યક' વગેરે બાલાવબોધ બહુ વિપુલ સંખ્યામાં લખાયાં છે.

ઇ. સ. ૧૪૨૨માં લખાયેલ 'પૃથ્વીચન્દ્રચરિત' એ માત્ર જૈન સાહિત્ય નહીં, પરંતુ ગુજરાતી સાહિત્યની એક પ્રશિષ્ઠ ગદ્યકૃતિ છે. માત્ર કથારસ નહીં, પરંતુ ગદ્યછટા પણ આકર્ષે છે. કથા લિખિત હોવા છતાં તે કહેવાતી હોય એવું અનુભવાય છે. પાંચ ઉલ્લાસમાં લખાયેલી આ રચના પૃથ્વીચન્દ્ર અને રાણી રૂપલતાનાં કથાનકને આલેખે છે. કલાપૂર્ણ વર્ણન અને વિપુલ શબ્દરાશિથી અલંકૃત આ કૃતિ મધ્યકાલીન જૈન સાહિત્યની સુંદર રચના બની છે.

**ઉપસંહાર**

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યની ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય કે એ સાહિત્યમાં એ સમયનાં ચરિત્રપાત્રો વિષયક

કથાઓ, રાસ કે સ્તવન તેમજ સજ્ઝાય ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. દા. ત. વિમલમંત્રી, વસ્તુપાલ–તેજપાલ, કુમારપાલ વગેરેનાં ચરિત્રવર્ણનો એ એ સમયના ઐતિહાસિક દસ્તાવેજો ગણી શકાય. તે જ રીતે 'હીરવિજયસૂરિ રાસ' હીરવિજયસૂરિનાં જન્મસ્થળ પાલનપુરનો ઇતિહાસ દર્શાવે છે.

આ ઉપરાંત ઉપરોક્ત કૃતિઓ દ્વારા ભૌગોલિક સ્થિતિ, તે સમયના લોકોના રીતરિવાજો, માન્યતાઓ, કૌટુંબિક માહિતી જેવી અનેકવિધ દસ્તાવેજી બાબતો જાણવા મળે છે. તત્કાલિન રાજકીય પરંપરાઓ, વિવિધ સ્થળોના ઇતિહાસ, ધાર્મિક પરંપરાઓ વગેરે બાબતો પણ આ કથાત્મક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. એ દષ્ટિએ મધ્યકાલીન જૈન સાહિત્યનું વિશિષ્ટ અને ચોક્કસ મૂલ્ય છે. આ પ્રદાનની ખાસ નોંધ લઈ તેને પ્રકાશિત કરવાનું કાર્ય હાથ ધરવા જેવું છે.

પ્રસ્તુત અવલોકનમાં તો મધ્યકાલીન જૈન સાહિત્યના મહાસાગરમાંથી માત્ર એકાદ બિન્દુ જેટલું આલેખન થયું છે. તેનું ખરું મૂલ્યાંકન તો આ ખજાનાનું ખેડાણ કરીને અને ઊંડાણથી અર્થઘટન કરીને જ થઈ શકે.

અંતે,આ સાહિત્યસંબંધી વિવેચનો, કૉલેજમાં એટલે કે ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને, અધ્યાપકોને, સાહિત્ય સાથે સંબંધ ધરાવતા વિદ્વાનોને, ઇતિહાસ વિષયક સંશોધન કરનારને, જૈન ધર્મમાં ઊંડો રસ લેતા અભ્યાસુઓને અને આ પ્રકારનું સાહિત્ય વાંચવામાં રસ લેતા સૌ રસજ્ઞોને ઉપયોગી થશે.

**સંદર્ભો**

૧. હેલ્મુટ ફોન ગ્લાઝનઆપ. (૧૯૨૫). 'જૈનીઝમ' (જર્મન ગ્રંથ)નો ગુજરાતી અનુવાદ, જૈન પ્રસારકસભા.

૨. કોઠારી, જ અને શાહ કા. (૧૯૯૩). મધ્યકાલીન જૈન સાહિત્ય, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

૩. મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી (૨૦૦૧). આત્મજ્ઞાન અને સાધનાપથ, જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન, મુંબઈ

૪. રાવળ અ, ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન), ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

• • •

# ભગવાન મહાવીરનો વિશ્વસંદેશ

## અહિંસા-અનેકાંત-સ્યાદ્વાદ-અપરિગ્રહ : વૈશ્વિક સમસ્યાના ઉકેલો

જે સિદ્ધાંતો હિતકારી, સુખકારી અને શ્રેયકારી હોય તે સિદ્ધાંતોની અસર સદા યે મંગલકારી હોય છે. આવા સિદ્ધાંતો જ વિશ્વવ્યાપી બની શકે છે. જે ધર્મની ઈમારત આવા સિદ્ધાંતોના પાયા પર રચાઈ હોય એ ધર્મ વૈશ્વિક સ્તરે ટકી શકે છે. આ સંદર્ભમાં જૈન ધર્મની જડ મજબૂત હોવાનું કારણ તેના પ્રબળ સિદ્ધાંતો છે. વૈશ્વિક ભાવના, સ્વતંત્ર અને સર્વવ્યાપક દૃષ્ટિ, સામાન્ય જીવને પણ દુઃખ નહીં પહોંચાડવાનું ધ્યેય જેવી ઉપકારક બાબતો તીર્થંકરોએ સમયાંતરે ધર્મના સિદ્ધાંત સ્વરૂપે દર્શાવી છે. અતિશય સુક્ષ્મ બાબતોને વિજ્ઞાનના આધારે જણાવી છે. આ બાબતો આજના યુગમાં એટલી જ પ્રસ્તુત છે. મુખ્ય સિદ્ધાંતોને ત્રણ વિભાગમાં વિચારવાથી લગભગ તમામ બાબતોનો સમાવેશ થઈ જાય છે. શ્રી મહાવીર સ્વામી વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકર છે. તેઓએ પ્રરૂપેલો માર્ગ તેમનું ભવિષ્યદર્શનની સાક્ષી પૂરે છે. તેથી આજે પણ તેનો વિચાર કરવો એ સંપૂર્ણ રીતે પ્રસ્તુત ગણાશે. મુખ્ય ત્રણ બાબતોને તેઓશ્રીએ પ્રાધાન્ય આપ્યું હતું. તે છે : (૧) અહિંસાનું વિજ્ઞાન (૨) અનેકાંત સ્યાદ્વાદની આદર્શ દૃષ્ટિ અને (૩) અપરિગ્રહનો મહિમા.

આપણે પ્રથમ આ સિદ્ધાંતોને વિચારીએ.

**(૧) અહિંસાનું વિજ્ઞાન :** સમસ્ત મનોવિજ્ઞાનનો પાયો મન છે. અહિંસા કે હિંસાના આચરણને મન સાથે ઘનિષ્ટ સંબંધ છે. 'જીવો અને જીવવા દો'નું સૂત્ર મન સાથે સુમેળ ધરાવે છે. કોઈનું ખૂન કરવું, માર મારવો કે શારીરિક ઈજા કરવી એ જ માત્ર હિંસા નથી. મનમાં આવેલા હિંસાત્મક વિચારોનું આ પરિણામ છે. પ્રથમ તો આ ઉગ્રસ્વરૂપ મનમાં જ આકાર લે છે. એટલે અહિંસાના વિજ્ઞાન કરતાંય અહિંસાનું મનોવિજ્ઞાન શ્રી મહાવીર પ્રભુ દર્શાવે છે એમ કહેવું વધારે યોગ્ય ગણાશે.

વેર-ઝેર, રાગ-દ્વેષ, કૂડ-કપટ જેવી બાબતો એ હિંસાનું પાયાનું સૂક્ષ્મ સ્વરૂપ છે. એટલે મનથી બીજા પ્રત્યેનો આવેલો કુભાવ, વચનથી તેને માટે કહેલા અપ્રિય અને દુઃખ પહોંચાડનારા શબ્દપ્રયોગો કે સીધો પ્રહાર, આ બધા હિંસાનાં વિવિધ સ્વરૂપો છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વાર્થી, છેતરનારો, કુડ-કપટને આચરનારો, જૂઠું બોલનારો, અનીતિનો આધાર લઈને આગળ વધનારો, મનમાં અશુદ્ધ કે અશુભ ભાવને પ્રગટ કરતાં તત્ત્વોનો સહારો લેનારો કે પછી બીજાના દુઃખે સુખી થનારો, છેતરપિંડી દ્વારા પ્રભુત્વ પ્રાપ્ત કરનારો, અત્યાચારના વિચારનું સેવન કરનારો અંતે તો હિંસાનું જ આચરણ કરે છે. શ્રી મહાવીર સ્વામીએ આ તમામ ક્રિયા-પ્રક્રિયાને હિંસાત્મક જ ગણાવી છે.

સાંપ્રત વૈશ્વિક સ્તરે યુદ્ધ, આતંક અને વિસ્ફોટક અખતરાઓ અટકાવવા હોય તો સૂક્ષ્મ રીતે અહિંસાનું પાલન દરેક વ્યક્તિ પોતાના મનથી જ કરે એ ખાસ જરૂરી છે. પછી એ નેતાઓ હોય કે સામાન્ય માનવી-નાગરિક. ભગવાન બુદ્ધે પણ કહ્યું હતું કે કરુણાનું ઝરણું હિંસાના પાપાચારનાં ઘૂઘવતાં પૂરને પણ મહાત કરવાની શક્તિ ધરાવે છે. વેર-વિરોધ, નિંદા અને વાદ-વિવાદથી જે પર રહે છે, એનું આચરણ અહિંસાત્મક દૃષ્ટિકોણ દર્શાવે છે.

પ્રત્યેક જીવ, પછી તે માનવ હોય કે પ્રાણી-પક્ષી, દરેકનો આત્મા સરખો છે. સર્વને દુઃખની અનુભૂતિ સરખી થાય છે. આ રીતે અહિંસાનું મનોવિજ્ઞાન સહઅસ્તિત્ત્વનો સ્વીકાર કરે છે. પરિણામે દેશ-દેશ વચ્ચે સહકાર અને સમજનું સામ્રાજ્ય વિસ્તરી શકે. 'વિશ્વશાંતિ' અને 'વસુધૈવકુટુંબકમ'નું વાતાવરણ રચાઈ શકે. આ રીતે વૈશ્વિક સંદર્ભે આ સિદ્ધાંત ખાસ મહત્ત્વ ધરાવે છે.

(૨) **અનેકાંત-સ્યાદ્વાદની આદર્શદૃષ્ટિ :** સાપેક્ષવાદના પાયામાં શ્રી મહાવીર પ્રભુએ આપેલા 'અનેકાંત'ના વિચારો છે. જૈન ધર્મનું સમસ્ત દર્શન અનેકાંતની ભૂમિકા પર ટક્યું છે. બીજા શબ્દોમાં તેને 'સ્યાદવાદ' પણ કહે છે. અનેકાંત એટલે જેનો એક અંત નથી, એટલે કે જેમાં વિચારના અનેક દૃષ્ટિકોણ છે તે અનેકાંત દૃષ્ટિ. વિચારની શૈલી, ગુણધર્મો, લક્ષણો, વિચાર, દૃષ્ટિકોણ વગેરે અલગ અલગ હોય. એક જ વસ્તુને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી સ્વીકારવાનો વિચાર એ અનેકાંત દૃષ્ટિ છે.

વિવિધ ધર્મોના વિચારો ભલે ભિન્ન હોય, પરંતુ જુદી જુદી અપેક્ષાએ તે સંગત હોવાનો સ્વીકાર ઉપરાંત ભિન્ન ભિન્ન લક્ષણોના સમન્વયનો સ્વીકાર એ બાબત આજની વૈશ્વિક સ્થિતિમાં જરૂરી છે. અનેકાંતની દૃષ્ટિના પાયામાં વૈચારિક મતભેદ દૂર કરી પ્રત્યેકમાં રહેલી સંગત બાબતનો સ્વીકાર છે. પેલી છ અંધ અને હાથીની પ્રચલિત વાર્તા આ જ સત્ય સમજાવે છે. દરેકે હાથીનાં જે અંગને અનુભવ્યું એ રીતે હાથી કેવો હશે તેની કલ્પના કરી. એક રીતે દરેક સાચા હતા અને દરેકનો ખ્યાલ એકાંગી હોવાથી તેઓ પૂરી રીતે હાથીના સ્વરૂપને જાણી શક્યા નહીં. છતાં બધાના ખ્યાલનો સમન્વય થતાં હાથીના પૂર્ણ સ્વરૂપને પામી શકાય છે. આ જ વાત પરસ્પરના વ્યવહારમાં પણ લાગુ પડે છે. "હું કહું તે જ સાચું", એવું નહી પણ

"સાચું હોય તે મારું" આવો ભાવ આ દૃષ્ટિમાં સમાયેલો છે. પરસ્પરનાં વેરઝેર, વાદ-વિવાદ કે વિચારભેદથી જે પરિણામ મળે છે તે એકાંત દૃષ્ટિ છે. જ્યાં અહમ્, દુરાગ્રહ, હઠાગ્રહ, ગુરુતાગ્રંથિ કે પોતે જ સાચા, અન્ય નહીં, આવો ભાવ છે ત્યાં બંધિયાર સ્થિતિ સર્જાય છે. આના જ કારણે અન્યનો, અન્યના વિચારનો કે અન્યના અસ્તિત્વનો સ્વીકાર થતો નથી. તેથી અનેકાંત દૃષ્ટિ એ આદર્શ દૃષ્ટિ છે. સર્વનો આદર, સર્વની વાતમાં રહેલાં સત્ત્વનો સ્વીકાર, કોઈ પણના વિચારને સાપેક્ષ રીતે જોવાની વાત, પદાર્થ કે વસ્તુના સર્વાંગીપણાંને જોવાની રીત, વસ્તુના અનંત સ્વરૂપનો સ્વીકાર અને અન્યના વિચારમાં પણ  સત્યનું દર્શન જેવી ઘણી બાબતોનો સમાવેશ આ સિદ્ધાંતમાં જોવા મળે છે.

આ વિચાર કે દૃષ્ટિકોણ દર્શાવે છે કે સ્વભાવ, રસ-રુચિ, આદર-અનાદર, કુભાવ, અન્યને અશાતા ઉપજે એવી બાબતોને અનેકાંત દૃષ્ટિકોણમાં સ્થાન નથી. અહંકારનાં વાઘા દૂર કરવાથી જ સત્યનાં કે યથાર્થનાં દર્શન પામી શકાય છે. બીજા પર માલિકી નહીં, પણ સ્વીકારભાવથી જ સમગ્ર વિશ્વ સુચારુ રીતે સંતુલિત સ્થિતિમાં સંચાલિત થઈ શકશે. આ દૃષ્ટિએ અહિંસાનાં મનોવિજ્ઞાનમાં પણ અનેકાંત દૃષ્ટિકોણ રહેલો છે. પરસ્પર હાથ મિલાવવાથી વિશ્વશાંતિની આશા પ્રગટે છે. અન્યના સ્વીકારથી મૈત્રીભાવ સ્થાપિત થાય છે. તેથી સાંપ્રત સમયમાં વિશ્વશાંતિ માટે અનેકાંત દૃષ્ટિ મહત્ત્વની છે.

અનેકાંતવાદની સાથે જોડાયેલા નયવાદ અને સ્યાદ્વાદ વિશે થોડી ચર્ચા કરીએ. જૈનદર્શન પ્રમાણે સાત નય છે. નય એટલે વિચાર. કોઈ પણ વિષય, વસ્તુ કે વ્યક્તિ સંદર્ભે અભિપ્રાય, દૃષ્ટિ, અભિગમ, અપેક્ષા એટલે નય. મૂળ તો 'નય' શબ્દ 'ની' ધાતુ પરથી બનેલો છે. એટલે કે જે લઈ જાય તે નય – 'નયતિ ઇતિ નય'– જે લઈ જાય તે નય. નય એક નથી. તેથી ન્યાય, નીતિ,

આચાર, યોજના જેવી બાબતો તરફની સમજ. અનંત જ્ઞાન અથવા અનંત બોધ ધરાવતી વસ્તુના એક રૂપને મુખ્ય માની તેમાંથી પ્રગટ થતાં જ્ઞાનને નય દ્વારા સમજાવાય છે. એનો અર્થ એ નથી કે નય એકાંત તરફ લઈ જાય છે. તે અનેકાંત અને સ્યાદ્વાદને સમજવાની વ્યવસ્થા છે.

જે રીતે આંખ બે હોવા છતાં બે વસ્તુ નહીં, એક જ દેખાય છે. એ રીતે નયના સમન્વયથી અનેકાંતવાદ સમજાય છે. સાત નયના મુખ્ય બે પ્રકાર ગણાવ્યા છે. નિશ્ચયનય (આત્મ કલ્યાણ) અને વ્યવહાર નય (વિશ્વ કલ્યાણ)માં બધાનો સમાવેશ થઈ જાય છે. વિશેષ ઊંડાણમાં અત્યારે વાત ન કરતાં એટલું કહી શકાય કે પૂર્ણ સત્યને જાણવાની દૃષ્ટિ નયવાદમાં સમજાય છે. એ જ રીતે આ જગતના વ્યવહારને સમજવા માટેની આધારશીલા સ્યાદ્વાદમાં છે. સ્યાદ્વાદમાં અનેકાંતવાદ, સમન્વયવાદ, સમાધિવાદ, વિશ્વમૈત્રીવાદ વગેરે દૃષ્ટિકોણથી વસ્તુના અનંત સ્વરૂપનો સ્વીકાર કરવાની જીવનદૃષ્ટિ સમાયેલી છે.

મનને સમન્વયશીલ કે મધ્યસ્થી બનાવીએ તો સમગ્ર વિશ્વમાં સુલેહ અને શાંતિ સ્થાપી શકાય. વાદ-વિવાદનો અંત આવે. એથી જ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ વિવિધ દર્શનોનાં ઊંડા અભ્યાસ અને ચિંતનના આધારે તુલનાત્મક સત્યરૂપે સ્યાદ્વાદ વિશે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. એ જ રીતે પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય યુગભૂષણ-સૂરીશ્વરજી મહારાજે અનેકાંતવાદને વિશેષ પ્રવચનોરૂપે પ્રસારિત કર્યો છે.

(૩) **અપરિગ્રહનો મહિમા :** મહાત્મા ગાંધીજીએ આપેલા અગિયાર મહાવ્રતોમાં અપરિગ્રહનું વ્રત પણ દર્શાવ્યું છે. 'વણજોતું નવ સંઘરવું' એ શબ્દો અપરિગ્રહની વાતનું જ સૂચન કરે છે. આટલાં

વર્ષો પહેલાં શ્રી મહાવીર સ્વામીએ આપેલાં મહાવ્રતો (પાંચ)માં અપરિગ્રહનું વ્રત દર્શાવ્યું છે. પોતાના માટે અને પરિવાર માટે જે જરૂરી છે એટલું જ રાખવું - એટલી જ સામગ્રીનો સંગ્રહ કરવો એ અપરિગ્રહ છે. 'પરિગ્રહ' એટલે સંગ્રહ કરવો, ભેગું કે એકઠું કરવું. તેથી જ શ્રી મહાવીરસ્વામીએ પોતાને દેવ તરફથી અપાયેલું વસ્ત્ર એટલે કે જે દેવદૂષ્ય મળ્યું હતું તેમાંથી અડધું વસ્ત્ર એક ગરીબ બ્રાહ્મણને આપી દીધું હતું. નિયમપાલનમાં અડગ શ્રમણ-શ્રમણી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાઓ પણ આ સિદ્ધાંતનો રોજિંદા જીવનમાં અમલ કરે છે.

આજે ઘણા લોકો 'ચારે બાજુથી ભેગું કરવું' એ સિદ્ધાંતમાં માને છે અને તેની દોડાદોડીમાં જ જીવન પૂરું કરી નાખે છે. મળ્યા પછી છૂટે નહીં એવું બને છે. જે જરૂરી છે તે રાખવું પરંતુ આસક્તિભાવ નહીં, તે અપરિગ્રહ. અસંતોષ, સ્વાર્થ, અધિરાઈપણું, અશાંતિ, મોહ જેવી બાબતોથી પરિગ્રહવૃત્તિ જન્મે છે. પરિગૃહવૃત્તિથી અને લઈ લેવાની - પડાવી લેવાની વૃત્તિથી વેર-ઝેર અને અશાંતિ જન્મે છે. ઓછામાં ઓછી જરૂરિયાતોથી ચલાવી લેવામાં ન માનવાવાળામાં લૂંટારુવૃત્તિ પણ જન્મે છે. અપરિગ્રહ એ મનને પણ શાંતિનો અનુભવ કરાવે છે. રાત્રે નિરાંતે ઊંઘ આવે છે.

જેના ઘરમાં સાધનસામગ્રીનો પાર નથી, તેઓ સલામત નથી. તેઓ પર લેભાગુની નજર મંડાયેલી હોય છે.

અપરિગ્રહથી સંતોષ સાધવાની ટેવ પડે છે. આથી પરિવારમાં પણ સૌ સંપીને રહી શકે છે. આ રીતે અપરિગ્રહ એ વ્યક્તિને પોતાના માટે અને પરિવારથી માંડીને રાષ્ટ્ર અને વિશ્વના સંદર્ભે ખૂબ જ મહત્ત્વનું બળ છે. તમામ ઝઘડા કે વેરવૃત્તિનું શમન ત્યારે જ થાય

છે જ્યારે મનમાં સંતોષનો ભાવ હોય. ઉપભોગ નહીં પણ ઉચિત ઉપયોગ-સદોપયોગ એ જ વાત સાચી છે.

આ રીતે શ્રી મહાવીરસ્વામીએ તે સમયે આપેલા ઉપરોક્ત સિદ્ધાંતો સાંપ્રત સમયે અને સાંપ્રત વિશ્વ માટે પૂર્ણપણે પ્રસ્તુત છે.

સહઅસ્તિત્વનો સ્વીકાર, સત્યની સાપેક્ષતાનો સ્વીકાર અને સંગ્રહની વૃત્તિ બદલે સૌની સાથે વહેંચીને સંપત્તિનો સ્વીકાર જેવી બાબતો જીવનવ્યવહારમાં મૂકાય તો વિશ્વમાં મૈત્રી, શાંતિ, સંયમ, સંતોષ, સ્વ-દર્શન, મુક્તિ જેવા રંગોનું મેઘધનુષ રચાય. અને આ જ તો છે શ્રી મહાવીર ભગવાને આપેલું જીવનદર્શન.

• • •

# કર્મ : અન્ય ધર્મ અને જૈન ધર્મમાં

આ જગતમાં આપણે કેટકેટલી ભિન્ન પ્રકૃતિના માણસો જોઈએ છીએ. કેટલાક તો નાની નાની બાબતોમાં ક્રોધથી લાલચોળ થઈ જાય છે, તો એવી જ પરિસ્થિતિમાં કેટલાકની મુખમુદ્રા શાંત હોય છે; ચહેરા પર સમતા ભાવની રેખાઓ અંકિત થયેલી હોય છે. જેમ કે ચંડકૌશિક અને ભગવાન મહાવીર. કેટલાક લોકો ઘમંડથી ઘેરાયેલા હોય છે, તો કેટલાક વિનમ્રતા ધારણ કરનારા છે. દા. ત. રાવણ અને રામ. આ ઉપરાંત તિરસ્કાર - કરુણા, ભોગ - સંયમ, જૂઠ - સત્ય, ભક્ષક - રક્ષક જેવી વિરોધાભાસી વ્યવહાર પ્રકૃતિ શા માટે જોવા મળે છે ? એક મનુષ્ય રાજા અને બીજો રંક શાથી ? એકને ખાવા માલપુવા ને બીજાને બટકું રોટલો ય ન મળે એવું કેમ ? કોઈ સાત માળની હવેલીનો સ્વામી તો કોઈને નરક જેવી સ્થિતિ શા માટે ? શા માટે આવાં વિરોધાભાસી દૃશ્યો જોવા મળે છે ?

આ માટે ફિલસૂફોએ અને સંતોએ પોતાની વિચારધારાઓ પ્રમાણે સ્પષ્ટતા આપવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક ધર્મોએ આ માટેના ચોક્કસ સિદ્ધાંતો આપ્યા છે. તેઓ કહે છે કે આ તમામ બાબતોનો સર્જક ઈશ્વર છે, કારણ કે તેની ઇચ્છા વગર એક પાંદડુંય હલતું નથી. આ વાત ઈશ્વરનો કર્તાભાવ સૂચવે છે. અહીં ઈશ્વરનો કર્તાભાવ પ્રસ્થાપિત થાય છે. જો એમ હોય તો માનવ-માનવ વચ્ચે

આવી અસમાનતા ન સર્જાય. આ દૃષ્ટિએ જોતા વિવિધ ધર્મોના સિદ્ધાંતો શું કહે છે તે સમજીએ.

હિન્દુ ધર્મમાં કર્મના સિદ્ધાંતને ઉપરોક્ત બાબતના પાયામાં ગણાવ્યો છે. એક માણસ જમીનમાં ખાડો કરીને ગોટલો વાવે છે; તેનું સિંચન કરીને કાળજીપૂર્વક જતન કરે છે. બીજો માણસ બાવળ વાવે છે. બંનેનાં પરિણામો જુદા છે. બાવળ વાવનાર કેરીની અપેક્ષા ન રાખી શકે. સત્કાર્યો અને સત્કર્મોનું પરિણામ આજન્મે અને પુનર્જન્મમાં પ્રાપ્ત થાય છે. આ માન્યતામાં એક વાત સ્પષ્ટ લાગે છે કે હિન્દુઓ કર્મને અદૃષ્ટ સત્તા માને છે. માટે ઈશ્વરની ભક્તિ જ માનવના સુખ-દુઃખ માટે કારણભૂત બને છે. હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભગવત ગીતામાં 'કર્મયોગ'નો ઉપદેશ છે. એ અનુસાર – "કર્મ કરતી વખતે આ કર્મ હું કરું છું, એના પરિણામની ચિંતા મારા હાથમાં નથી. એ માટે તો ઈશ્વરનો કર્તાભાવ મહત્ત્વનો છે." કર્મ કરતી વખતે એટલે કે કાર્ય કરવા પાછળ પરિણામ વિશે ચિંતા ન કરવી એવું જણાવવામાં આવ્યું છે.

ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરને બુદ્ધિનો વિષય માનવાને બદલે શ્રદ્ધાનો વિષય ગણ્યો છે, તેથી સારાં-નરસાં કર્મોનો બદલો ઈશ્વર જ આપે છે. સત્યનું આચરણ કરનારને સુખપ્રાપ્તિ અને દુરાચરણ કરનારને દુઃખપ્રાપ્તિ થાય છે. ઈસુ ખ્રિસ્તે જણાવ્યું હતું કે ઈશ્વર પ્રેમાળ પિતા છે અને ક્ષમાની સાક્ષાત મૂર્તિ છે, માટે તે દુષ્કૃત્યો કરનારને પણ ક્ષમા કરી દે છે અને માફી આપે છે પછી તેને કર્મનું વિપરિત ફળ ભોગવવું પડતું નથી.

હવે વ્યક્તિ જો પોતે જે કાંઈ કરે, એને ઈશ્વરને આધીન માનવામાં આવે તો વ્યક્તિની પોતાની જવાબદારી શું ? પોતાના કર્મની ફળશ્રુતિ પોતાના શિરે નહીં ? આમ, ખ્રિસ્તી ધર્મમાં કર્મની બાબત બહુ વિચારવામાં આવી નથી.

ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો સરળ છે. તેમાં તત્ત્વજ્ઞાનની બહુ ગૂંચો નથી. કર્મના સિદ્ધાંત વિશેનો અહીં ખ્યાલ જુદો છે. આ ધર્મના અનુયાયીઓ પુનર્જન્મમાં માનતા નથી. હિન્દુ ધર્મ મુજબ કર્મનું ફળ આત્માના પુનર્જન્મ માટે જવાબદાર છે. જ્યારે મુસ્લિમો માને છે કે માનવનું મૃત્યુ થાય ત્યારે તેને દફનાવવાથી દેહ સાથે આત્મા પણ વિદ્યમાન હોય છે. કયામતના દિવસે વ્યક્તિએ કરેલાં કાર્યો અનુસાર મૃતદેહને ફિરસ્તાઓ અલ્લાહના દરબારમાં હાજર કરે છે, ત્યાં તેનું ભાવિસ્થાન નક્કી થાય છે. આમ કર્મનાં પુદ્‌ગલો આત્માને લાગે અને એ અનુસાર પુનર્જન્મ સંભવે એવો ખ્યાલ આ ધર્મના સિદ્ધાંતોમાં નથી.

જો આત્મા સ્વર્ગ કે નરકમાં સ્થાન પામે, તો એ ત્યાં ક્યાં સુધી રહે ? એ પછી એ આત્માનું સ્થાન ક્યાં ? જેવા કોઈ ખુલાસાઓ નથી.

બૌદ્ધ ધર્મમાં કર્મને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તે અનુસાર ઈશ્વર હોય કે ન હોય; જગત નિત્ય હોય કે અનિત્ય, માનવ પોતાના કર્મ અનુસાર સ્વતંત્ર રીતે જ, પોતાના પ્રબળ પુરુષાર્થથી આત્મસાક્ષાત્કાર કરે છે. અંતે નિર્વાણપદનો અધિકારી બને છે. તેઓ આત્મા તત્ત્વને સ્વીકારતા નથી. ભગવાન બુદ્ધ માનતા હતા કે પુણ્યનો સંચય કરવા માટે ક્રિયાકાંડોની જરૂર નથી. આત્માની બદલે તે જીવ રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન જેવા પાંચ પદાર્થોનો બનેલો, હંમેશા વહેતો અને પરિવર્તનશીલ એવો ચેતના પ્રવાહ છે. આ ચેતના પ્રવાહ પર વિજય મેળવી, તેને સ્થિર કરવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. માટે આત્મા પર કર્મનાં પુદ્‌ગલો વિશે અહીં પણ સ્પષ્ટ જણાવાયું નથી.

એ જ રીતે શીખ ધર્મ અનુસાર અન્ય બાબતો સૂચવવામાં આવી છે. એમાં કહ્યું છે, "હે માનવ ! તું તારા શરીરને એક સારું ખેતર બનાવ. તેમાં સત્કર્મરૂપી બીજ વાવીને પ્રભુનાં નામરૂપી જળનું સિંચન કર. તારા હૃદયને ખેડૂત બનાવ અંતે ઈશ્વર તારા હૃદયમાં ઊગી નીકળશે. અને તું દિવ્યપદને (નિર્વાણપદને) પામી શકીશ." આમ, અહીં સત્કૃત્યો પર ભાર મૂકયો છે. જે કર્મની સાથે જોડાયેલી બાબત છે. પરંતુ આનાથી વધારે ઊંડાણ અહીં નથી. આત્મા આ કાર્યોનું પરિણામ સીધું જ પ્રાપ્ત કરે ? પુનર્જન્મનાં કર્મો ખપાવવા પડે ? ક્યા પ્રકારનો કર્મોનું શું પરિણામ આવે ? જન્મ-મરણનાં પરિભ્રમણ પાછળ કયું પ્રેરક તત્ત્વ કામ કરે છે ? આવા પ્રશ્નોના ઉત્તર માટેનાં સમાધાનો આ સિદ્ધાંતો પાસે નથી.

જૈનધર્મ કર્મના સિદ્ધાંતને ઘણાં ઊંડાણથી સમજાવે છે. 'માણસ વાવે તેવું લણે' આ સિદ્ધાંત અજાણ્યો નથી, પરંતુ દરેક ભવ આગલા ભવનાં કર્મોનું પરિણામ છે; પ્રત્યેક આચાર, વિચાર તેના કર્તાના સૂચિત સ્વરૂપ ઉપર અસર કરે છે; પુણ્ય-પાપનાં ફળ વર્તમાન જીવનમાં પૂરાં ભોગવાતાં ન હોય તો તે મૃત્યુની પેલે પાર સુધી પણ પહોંચે છે અને નવા ભવનું કારણ બને છે; પ્રત્યેક ભવ તે અનાદિ અને ભાવિ ભવમાળાને જોડતી કડી છે, જેવી બાબતો વિશે જૈનદર્શનમાં ઘણુંજ વિચારાયું છે.

હિન્દુઓના મતે કર્મ અલૌકિક શક્તિ છે, જે આત્માને વળગેલી છે, જે સૂક્ષ્મ દેહરૂપે અવિકારી સાત્ત્વિક પડરૂપે ચોંટી જાય છે, પરંતુ આત્માને ચોંટતી નથી. જૈનદર્શન કર્મને સંપૂર્ણ સ્વતંત્ર તત્ત્વ માને છે. એ માટે તેઓ પુદ્ગલ શબ્દ પ્રયોજે છે. સૂક્ષ્મ કર્મ-પુદ્ગલ જીવને લાગે છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. જીવ કોઈપણ કાર્ય કરવા માંડે કે તરત જ તે જ આકાશપ્રદેશમાં રહેલાં કર્મપરમાણુ એને વળગે છે. તે જીવ સાથે ભળી જાય છે. પુદ્ગલ આત્માને વળગીને જે વિકાર કરે છે. તેની ઊંડી સમજ અહીં આપી છે.

જૈનદર્શન પ્રમાણે કર્મની આઠ મૂળ પ્રકૃતિ છે. તેના પણ અન્ય પ્રકૃતિ પ્રમાણે પેટા પ્રકારો છે. પરંતુ અહીં મૂળ આઠ પ્રકારની ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

**(૧) જ્ઞાનાવરણીય કર્મ :** જે કર્મ જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય તે જ્ઞાન ઉપર આવરણ મૂકે છે, તે જ્ઞાનાવરણીય કર્મ તરીકે ઓળખાય છે. તે ચક્ષુની દૃષ્ટિને રુંધનારા વસ્ત્ર જેવાં છે એટલે કે પદાર્થના સાચા સ્વરૂપનુ જ્ઞાન પામતાં તે અટકાવે છે.

**(૨) દર્શનાવરણીય કર્મ :** જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જોવાની જે શક્તિ હોય એના ઉપર આવરણ મૂકે તે દર્શનાવરણીય કર્મ. એટલે કે પદાર્થને એના સાચા સ્વરૂપમાં પૂર્ણ કે વિભાગમાં જોતા અટકાવે તે. તેની સરખામણી રાજાનાં દર્શનને રોકનારા દ્વારપાળ સાથે કરી છે.

**(૩) વેદનીયકર્મ :** જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જે આનંદ હોય તેના ઉપર આવરણ મૂકે છે. આ કર્મ જીવને સાંસારિક સુખ-દુઃખમાં અસર કરે છે એટલે કે તે સુખ-દુઃખનો અનુભવ કરાવનાર કર્મ છે. જેમ તલવારની ધાર પર મધ ચોંપડેલું હોય અને માણસ એને મોંમા નાખે ત્યારે મળતાં સુખ-દુઃખ જેવો અનુભવ અહીં જોવા મળે છે.

**(૪) મોહનીય કર્મ :** આ કર્મ શ્રદ્ધા અને ચારિત્રનો નાશ કરનારું છે. માણસ પોતે ગાળેલો દારૂ જ્યારે પીએ ત્યારે તે આત્મા સારું-નરસું પરખવાની શક્તિ વગરનો બની જાય છે. એ રીતે મોહનીય કર્મના અંતરાયથી જીવ પોતાના સાચા જ્ઞાનથી અને સાચા ચારિત્રથી દૂર રહે છે. મોહનીય આવરણના બીજા પણ ભેદ છે. જે વિશેષ બાધારૂપ બને છે.

**(૫) આયુષ્ય કર્મ :** જે કર્મ આયુષ્યનું પ્રમાણ આપે છે, તે આયુષ્યકર્મ છે. મનુષ્યનો જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. આ ગતિમાં જીવનની મર્યાદા આ કર્મ દ્વારા બંધાય છે એટલે કે આ કર્મના બંધથી ભવોભવ જીવની ઉત્પત્તિ

કઈ ગતિની મર્યાદામાં થશે તે નક્કી થાય છે. આયુષ્ય કેટલા કાળનું છે તે નહીં પણ જીવનક્ષેત્રના વિસ્તારની મર્યાદા આ કર્મથી નક્કી થાય છે. દા. ત. કોઈ વ્યક્તિ તળાવમાં તરવાનું નક્કી કરે અને તે તળાવમાં પડે ત્યારે તેને કેટલો સમય તરવાનું છે તે નહીં, પણ એમાં કેટલું તરવાનું છે, એટલે કે એમાં કેટલું જીવન જીવવાનું છે, એ કર્મથી સૂચિત થાય છે. માટે તેની સરખામણી માણસની ઇચ્છા પ્રમાણે જતાં રોકી રાખનારી સાંકળ સાથે કરી છે. તેના ચાર ભેદ છે.

(૬) **નામકર્મ** : આ કર્મ ચિત્રકાર જેવું છે. જેમ ચિત્રકાર પોતાની સામેનાં ચિત્રમાંના માણસોને જુદો જુદો રંગ આપીને ચીતરે છે, એ રીતે આ કર્મનો બંધ જીવને જુદી જુદી યોનિ આપનાર છે. ગતિનામકર્મ ઉપર જણાવ્યા અનુસારની ચાર ગતિમાં જન્મ આપે છે. આનુપૂર્વી નામકર્મથી એક ભવ પૂરો થતાં, જીવ ત્યાંથી પોતાના નવા ભવને સ્થાને પહોંચે છે જાતિનામકર્મથી જીવ કેટલી ઇન્દ્રિયોવાળી યોનિમાં જન્મશે તે નક્કી થાય છે. શરીરનામકર્મથી જીવનું શરીર તેમજ અન્ય નામકર્મ (પેટા પ્રકારના) જીવના અંગ-ઉપાંગો, બંધારણ, વર્ણ, ગતિ, પ્રમાણ, શક્તિઓ, સ્વભાવ, જેવી અનેકવિધ બાબતો નક્કી કરે છે. ટૂંકમાં નામકર્મ જીવની યોનિ, અને ઉપરોક્ત બાબતોનું નિયંત્રા છે.

(૭) **ગોત્રકર્મ** : આ કર્મ જીવને ઊંચું કે નીચું ગોત્ર આપે છે. એ અનુસાર જીવ એ ગોત્રમાં જન્મ ધારણ કરે છે. તેની સરખામણી કુંભાર સાથે કરવામાં આવી છે. જેમ કુંભાર સારા-નરસા ઘડા ઘડનાર છે, એ રીતે ગોત્રકર્મ જીવને ગોત્રમાં સ્થાન આપે છે.

(૮) **અંતરાયકર્મ** : આ કર્મ પાંચ પ્રકારે જીવની શક્તિ સામે અંતરાય મૂકે છે. જે રીતે ભંડારમાંથી ધન વાપરવાનું હોય પણ ધનરક્ષક એ ધન વાપરતાં અટકાવનાર હોય, એ રીતે અંતરાય કર્મ, દાન, લાભ, ભોગોપભોગ અને વીર્ય સામે અંતરાય મૂકનાર કર્મ છે. દાન અંતરાયકર્મ માણસને દાન દેતાં તો લાભ અંતરાયકર્મ દાન લેતાં

અટકાવે છે. ભોગ અંતરાયકર્મ એક જ વખત ભોગવી શકાય તેવાં દ્રવ્યો (ભોજન, જળ વગેરે) સામે અને ઉપભોગ કર્મ વારંવાર ભોગવી શકાય તેની સામે (ઘર, વસ્ત્ર, સ્ત્રી) અંતરાય મૂકે છે. વીર્ય અંતરાયકર્મ શારીરિક શક્તિ સામે અવરોધ જન્માવે છે.

આ રીતે ઉપરોક્ત આઠ કર્મ અને તેના ૧૪૮ ભેદ જૈનધર્મમાં કર્મના સિદ્ધાંતને અતિ સૂક્ષ્મતાથી સમજાવે છે. જેમાં પ્રથમ ચાર કર્મ જ્ઞાન, દર્શન, વેદનીય અને મોહનીય કર્મ જીવના સ્વાભાવિક ગુણોનો નાશ કરે છે, એટલે તેને **ઘાતિકર્મ** કહે છે. જ્યારે બાકીના ચાર કર્મ – આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ અઘાતિકર્મ છે. આ કર્મો આત્માના સ્વાભાવિક ગુણો નાશ કરતાં નથી, પણ તેનામાં અસ્વાભાવિક ગુણો ઉત્પન્ન કરે છે.

આમ, પ્રત્યેક કાર્ય કરતાં જીવ પોતાના આત્મપ્રદેશમાં સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓને આકર્ષે છે, એ પરમાણુઓ કર્મસ્વરૂપે બંધાય છે અને તે કર્મની સાથે જીવ સંબંધાય છે. આપણે જે આહાર લઈએ છીએ, તે રૂપાંતર પામીને લોહી વગેરે ઈત્તર પદાર્થોનું સ્વરૂપ લે છે, એ રીતે કર્મ આઠ ભાગમાં – તેના વિભાગોમાં વહેંચાઈને જીવ સાથે સંબંધ સ્થાપે છે. જેમ ઔષધિની અસર લાંબા-ટૂંકા ગાળે થાય છે, એ રીતે કર્મબંધની અસર લાંબા-ટૂંકા સમય સુધી પહોંચે છે.

હિન્દુ અને જૈન બંન્ને ધર્મમાં શુભ-અશુભ કર્મ અને તેના પાપ-પુણ્યમાં ઉમેરો - ઘટાડો, પ્રારબ્ધ રૂપે તેનું પ્રગટીકરણ કે પૂર્વ કાર્યથી સંચિતરૂપે ગોઠવાયેલાં કર્મો સ્વરૂપે જીવ સાથેનો સંબંધ સ્વીકાર્યો છે. જૈનોના કર્મગ્રંથ જેવાં શાસ્ત્રોમાં કર્મના સિદ્ધાંતની અતિ સૂક્ષ્મ સમજ આપી છે. અહીં આટલી ચર્ચાથી સમાપન કરતાં કહી શકાય કે જીવ-આત્મા-કર્મ-ભવ-પરંપરા વગેરે વચ્ચે અતૂટ સંબંધ નિર્દેષવામાં ગ્રંથો-સંતો અને અભ્યાસુઓ પ્રવૃત્ત છે.

• • •

## શ્રીશ્રુતજ્ઞાનપ્રસારક સભાનાં પ્રકાશનો

### પૂ.આ.વિજય પ્રદ્યુમ્નસૂરિજી સંપાદિત/લેખિત પુસ્તકો

| | |
|---|---|
| જિતેન્દ્રભાઈ કાપડિયા, અમદાવાદ | (M) 98240 80308 |
| શરદભાઈ શાહ, ભાવનગર | (M) 9426228338 |
| વિજયભાઈ દોશી, મુંબઈ | (M) 93204 75222 |

ક્રમ પુસ્તકનું નામ

૧. સુકૃતસાગર (શ્રી પેથડકુમારનું જીવન ચરિત્ર) (ગુજરાતી)
૨. બોધિરત્નમંજૂષા (સીમન્ધરસ્વામીનાં ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાનાં સ્તવન આદિનો સંગ્રહ)
૩. શ્રમણક્રિયાસૂત્ર-સાર્થ
● ૪. સુકૃતસાગર પ્રતાકાર
૫. યશોવંદના (ઉપાધ્યાયજી મ.ના. જીવન-પ્રસંગો)
૬. ગિરિરાજ વંદના (૨૧ખમાસમણના દુહા સહ સ્તવનસંગ્રહ)
૭. જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ (ઉપયોગી બે વ્યાખ્યાન)
૮. પુણ્ય-પાપની બારી
● ૯. આચારોપદેશ - પ્રતાકાર
૧૦. નવવાચના (પ્રવચનો-સાધુ સાધ્વીજીની ઉપયોગી વાચનાઓ)
૧૧. સામાયિકનો સ્વાધ્યાય (અરિહંત વંદનાવલિ વગેરે સ્તુતિઓ)
૧૨. નવપદનાં પ્રવચનો (ત્રીજી આવૃત્તિ)
૧૩. હિતશિક્ષા છત્રીસી
૧૪. પંચ પ્રતિક્રમણ સૂત્ર (બીજી આવૃત્તિ)
૧૫. વંદુ જિન ચોવીસ (યશોવિજય ચોવીસી સાર્થ)
૧૬. પંચસૂત્ર (સચિત્ર સાર્થ) (બીજી આવૃત્તિ)
૧૭. પંચસૂત્ર (પાંચ સૂત્ર સાર્થ)
● ૧૮. શાસનસમ્રાટ પંચતીર્થ દર્શન
૧૯. વિમલ સ્તુતિ (ઉપમિતિ અંતર્ગત)
૨૦. ભવનું ભાતુ (૨૪ જિનની સ્તુતિ)
૨૧. શાસનસમ્રાટનાં તેજ કિરણો
૨૨. શાસનસમ્રાટ પ્રવચનમાળા
૨૩. શાસનસમ્રાટ પ્રસંગ ગીતમાલા
૨૪. શાસનસમ્રાટ વ્યક્તિત્વ પ્રભાવ
૨૫. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ (સાર્થ)
૨૬. શ્રુતરત્ન રત્નાકર ભાગ-૧

**ક્રમ પુસ્તકનું નામ**

૨૭. જિનસ્તવનાદિ સંગ્રહ (પૂ.અમૃતસૂરિ મ.ની પદ્ય રચના)
૨૮. પંડિત વીરવિજયજી સ્વાધ્યાય ગ્રંથ
૨૯. ઉપાધ્યાય યશોવિજયજી સ્વાધ્યાય ગ્રંથ
૩૦. પર્વ પજુસણ આવીયાં રે
૩૧. શાસનસમ્રાટ જીવન પરિચય (હિન્દીમાં)
૩૨. પુણ્ય-પાપ કી ખીડકી (હિન્દીમાં)
૩૩. પંચસૂત્ર (હિન્દીમાં)
૩૪. વાટના દીવડા (પ્રવચનના યાદગાર અંશો)
૩૫. શાસનસમ્રાટ સ્તુતિ સંગ્રહ
૩૬. યશોજીવન પ્રવચનમાળા
૩૭. ભગવતીસૂત્ર વંદના
૩૮. પંચસૂત્ર (પાંચસૂત્ર સાર્થ) (હિન્દી)
૩૯. જૈનધર્મ (જૈન ધર્મનો સામાન્ય પરિચય)
● ૪૦. ઉપદેશમાલા (બાલાવબોધ સહ)
૪૧. શ્રી પુષ્પમાલા પ્રકરણ
૪૨. દેવચન્દ્રજી સ્તવન ચોવીસી (સાર્થ) (બીજી આવૃત્તિ)
૪૩. જ્ઞાનસાર (સાર્થ)
૪૪. શ્રીપાળ-મયણા જીવનરહસ્ય
૪૫. હૃદય પ્રદીપ છત્રીસી (સાર્થ)
૪૬. જ્ઞાન પંચમી ભાગ-૧ તથા ભાગ-૨ (નવપર્વ પ્રવચન)
૪૭. મૌન એકાદશી (નવપર્વ પ્રવચન)
૪૮. ગુર્જર સાહિત્ય સંગ્રહ (યશોવાણી) (બીજી આવૃત્તિ)
૪૯. ઋષભની શોભા શી કહું
૫૦. પ્રભુ પાસનું મુખડું જોવા
૫૧. પ્રભાતે વંદુ છું.
૫૨. પાઠશાળા (ગ્રંથ) (બીજી આવૃત્તિ)
૫૩. પીસ્તાલીસ આગમની મોટી પૂજા (અનુવાદ સાથે)
૫૪. શાંત સુધારસ (બે પદ્યાનુવાદ સહ) (ત્રીજી આવૃત્તિ)
૫૫. કોડિયાનું અજવાળું (સુવાક્ય)
૫૬. સુવર્ણરજ (પ્રવચનના યાદગાર અંશો)
૫૭. શ્રુતજલધિ પ્રવેશે નાવા
૫૮. ઉપદેશમાલા (હેયોપાદેયા ટીકા સાથે)
૫૯. ૩૫૦ ગાથા સ્તવન-બાલાવબોધ
૬૦. પોષદશમી પારસનાથ આધાર (નવપર્વના પ્રવચનો)
૬૧. જ્ઞાનસાર
૬૨. પર્યુષણ લેખમાળા

**ક્રમ પુસ્તકનું નામ**

૬૩. પાઠશાળા ગ્રંથ-૨
૬૪. આભના ટેકા
૬૫. પુરાણાં પુષ્પો
૬૬. પત્રમાં તત્ત્વજ્ઞાન
૬૭. કાર્તિક પૂર્ણિમા
૬૮. બીજું પાનું (પ્રવચનના અંશો) મીડ-ડે
૬૯. સત્તરભેદી પૂજા (નોટેશન સહ, સકલચંદ્રની)
૭૦. ધન્યકુમાર ચરિત્ર
૭૧. શ્રીપાળ ચરિત્ર
૭૨. પેથડકુમાર ચરિત્ર
૭૩. અર્પણ-ક્ષમાક્ષમણ
૭૪. વેરનો વિપાક
૭૫. જ્ઞાનપદ ભજિયે રે...
૭૬. યશોદોહન
૭૭. જગત શેઠ (ચરિત્ર)
૭૮. સમતા સાગર
૭૯. મહાવીર જીવન વિસ્તાર
૮૦. યોગસાર
૮૧. સમકિતના સડસઠ બોલ સજ્ઝાય (સાર્થ)
● ૮૨. ચેતન અબ મોહે દરિશન દિજીએ
● ૮૩. આપણે ઘડવૈયા બાંધવ આપણા
૮૪. अर्हद् अभिषेक विधि
૮૫. मार्ग परिशुद्धि
૮૬. अयोगव्यवच्छेद् द्वात्रिंशिका
૮૭. विजयानन्दाभ्युदयम्
૮૮. ચંદ્રલેખા વિજય પ્રકરણમ્
૮૯. અભિષેક
૯૦. શક્રસ્તવ (ગુજરાતી સાનુવાદ સહ)
૯૧. ગુણરત્નાકર છંદ
૯૨. હીરવિજયસૂરિરાસ - સં.આ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી
૯૩. આત્મબોધ
૯૪. પહેલું પાનું
૯૫. શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ
૯૬. પૂ. યશોવિજયકૃત ચોવીશી
૯૭. જિજ્ઞાસા ('પાઠશાળા'માં આવેલ પ્રશ્નોત્તરી)
૯૮. હૈયાનો હીંકારો 'પાઠશાળા'ના ચૂંટેલા લેખો
૯૯. ભરતેશ્વર બાહુબલી વૃત્તી - ભાગ - ૧/૨
૧૦૦. સમણ ધમ્મ રસાયણં
૧૦૧. यशश्चन्द्रप्रणीतं राजीमती - प्रबोधनाटकम्
૧૦૨. जयंति प्रकरणवृत्ती
૧૦૩. કુમારપાળ પ્રતિબોધ
૧૦૪. સાહિત્ય સૂચી
૧૦૫. ઉપા. યશોવિજયજી સાહિત્ય સૂચી
૧૦૬. હિતની વાતો
૧૦૭. લઘુત્રિષષ્ઠી શલાકાપુરુષ ચરિત્રમ્
૧૦૮. જયન્તી પ્રકરણ વૃત્તિ
૧૦૯. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા-પ્રથમ દ્વાત્રિંશિકા
૧૧૦. મુમુક્ષુને માર્ગદર્શન
૧૧૧. વહીવટદારોને માર્ગદર્શન
૧૧૨. કલ્પાંતર વાચ્ય
૧૧૩. સંસ્મરણીય વિહાર યાત્રા
૧૧૪. શ્રાવક ધર્મ છત્રીશી
૧૧૫. પીસ્તાળીશ આગમનો પરિચય
૧૧૬. સિંદૂર પ્રકર (અનુવાદ) પ્રતાકાર

● ● ●



શ્રી જૈનશાસનને શોભાવતાં જે જે સીમાચિહ્નો છે તે દીવાદાંડીના લેવા સમાન ઝળહળતાં રહ્યાં છે. એ જૈનદર્શનના સિદ્ધાંતો હોય કે જગદ્‌ગુરુ આ.ભ.શ્રી હીરવિજયસૂરિજીનું પ્રેરક ચરિત્ર હોય; એ શીલત્વથી શોભતા આત્માઓનાં ઉમદા કથાનકો હોય કે શ્રીપાળ-મયણાની તપસાધનાની અમર-ગાથા હોય; એ કષાયો પર વિજય મેળવનારી વાતો હોય કે ઉત્તમ જૈન સાહિત્યનું ચયન હોય. આ તમામ બાબતોને સમાવતી કૃતિઓનો આધાર તો આખરે શ્રી મહાવીર પરમાત્માએ ઉપદેશેલા સિદ્ધાંતોની ઉત્તમ ભેટ છે. જો આ પાસાંઓનો અભ્યાસ કરવાની તક મળે તો જૈનત્વને શણગારવાનું સૌભાગ્ય ગણાય.

આ ઝળહળતાં પૃષ્ઠોનો સમાવેશ એટલે..... જૈનત્વનાં અજવાળા.